પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૯-૦૪-૨૦૨૫- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# જેઈઈ મેઈનના પરિણામમાં ૨.૦૫ લાખ વિદ્યાર્થીઓ ક્વોલિફાય

## ગુજરાતના બે સહિત ૨૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે ડંકો વગાડયો : ગત વર્ષની તુલનાએ અનામત વર્ગના કટઓફમાં ઘટાડો

નવી દિલ્હી, તા. ૧૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ ગત મોડી રાત્રે એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટે લેવામાં આવેલી જોઈન્ટ એન્ટ્રન્સ એક્ઝામિનેશન (JEE) મેઈન ૨૦૨૫ના બીજા તબક્કાનું પરિણામ જાહેર કર્યું છે. JEE મુખ્ય સત્ર એક અને બીજા સત્રની પરીક્ષામાં કુલ ૨૪ ઉમેદવારોએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

જેમાં રાજસ્થાનના ઓમ પ્રકાશ બેહેરા, સક્ષમ જિંદાલ, અર્ણવ સિંહ, રજિત ગુપ્તા, મોહમ્મદ અનસ, આયુષ સિંઘલ અને લક્ષ્ય શર્માએ ટોપ પર છે. જ્યારે ગુજરાતના શિવેન વિકાસ તોષનીવાલ અને અદિત પ્રકાશ ભગડે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

આ વર્ષે JEE મેઈન ૨૦૨૫ બે રાઉન્ડમાં લેવામાં આવી હતી. જો કોઈ ઉમેદવાર બંને સત્રોમાં હાજર રહ્યો હોય, તો અંતિમ મેરિટ યાદી તૈયાર કરતી વખતે જઈઈ મેઈનમાં ઉમેદવારના શ્રેષ્ઠ સ્કોરને ધ્યાનમાં લેવામાં આવશે. આ વર્ષે પરીક્ષામાં કુલ ૯,૯૨,૩૫૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬,૮૧,૮૭૧ મહિલા ઉમેદવારો અને ૩,૧૦,૪૭૯ પુરુષ વિદ્યાર્થીઓ હતા.

પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના,



૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે. એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે.

૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, EWS, OBC (નોન-ક્રીમી લેયર), SC શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.પહેલા સત્રમાં ૧૪ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા હતા. ૨૪ ઉમેદવારોમાંથી, ૭ રાજસ્થાનના, ૩-૩ મહારાષ્ટ્ર, તેલંગાણા અને યુપીના, ૨-૨ પશ્ચિમ બંગાળ, ગુજરાત અને દિલ્હીના છે.એક-એક કર્ણાટક અને આંધ્રપ્રદેશનો છે. ૧૦૦ પર્સન્ટાઈલ મેળવનારાઓમાં ૨૧ ઉમેદવારો સામાન્ય શ્રેણીના છે. ત્યાં જ, EWS, OBC (નોન-ક્રીમી લેયર), SC શ્રેણીમાંથી એક-એક ઉમેદવારે ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

JEE એડવાન્સ્ડ માટે ટોચના ૨.૫ લાખ ઉમેદવારોને ક્વોલિફાય કરાયા છે. ગયા વર્ષની સરખામણીમાં જનરલ, OBC અને EWS દ્યાર્થીઓ માટેનો કટઓફ નજીવો ઘટ્યો છે, જ્યારે એસસી અને એસટી શ્રેણીના વિદ્યાર્થીઓ માટેનો કટઓફ ગયા વર્ષની સરખામણીમાં લગભગ ૧ ટકા વધારે છે.

# રાજસ્થાન, મધ્યપ્રદેશમાં હીટવેવ મહારાષ્ટ્રમાં પણ કાળઝાળ ગરમી

### મેરઠમાં વાવાઝોડું અને વરસાદને કારણે મકાન તૂટી પડતા બેનાં મોત

નવી દિલ્હી, તા. ૧૯

હવામાન વિભાગે શનિવારે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં હીટવેવની આગાહી કરી છે. મહારાષ્ટ્રમાં પણ તીવ્ર ગરમી પડશે. આ ઉપરાંત બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ઉત્તર પૂર્વ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. વરસાદની સાથે, અહીં વાવાઝોડા અને વીજળી પડવાનું પણ એલર્ટ છે.

રાજસ્થાન અને ગુજરાત તરફથી આવતા ગરમ પવનોની અસરથી આખું મધ્યપ્રદેશ તપી રહ્યું છે. શુક્રવારે, સિઝનમાં પહેલીવાર દિવસનો પારો ૪૪C ને પાર કરી ગયો. ખજુરાહો, ગુના અને નૌગાંવ સૌથી ગરમ હતા. અહીં પારો ૪૪ ડિગ્રી કે તેથી વધુ રહ્યો. શનિવારે તાપમાનનો પારો ૪૫.૫C અને રવિવારે ૪૩.૧C સુધી પહોંચવાની ધારણા છે.

રાજસ્થાનમાં તીવ્ર ગરમી પડી રહી છે. ૫ જિલ્લામાં પારો ૪૫°C કે તેથી વધુ નોંધાયો હતો. જયપુર અને કોટામાં તાપમાને ૬ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો. હવામાન વિભાગે આજે ૭ જિલ્લામાં તીવ્ર ગરમી માટે યલો એલર્ટ જારી કર્યું છે.શનિવારે પંજાબમાં વરસાદ માટે યલો એલર્ટ અને હરિયાણામાં સામાન્ય એલર્ટ છે. પટના સહિત બિહારના ૧૩ જિલ્લાઓમાં વરસાદ માટે યલો એલર્ટ છે. જો કે, બાકીના ૨૫ જિલ્લાઓમાં હવામાન સ્વચ્છ રહેશે. તીવ્ર તાપ સાથે ગરમી વધશે. આ દરમિયાન, મહત્તમ તાપમાન ૩૭ થી ૩૯ ડિગ્રી વચ્ચે રહી શકે છે.શુક્રવારથી હિમાચલ પ્રદેશમાં હવામાન ખરાબ છે. ભારે વરસાદ સાથે કરા પડ્યા. શનિવારે વરસાદ, કરા અને વાવાઝોડું માટે ઓરેન્જ એલર્ટ પણ આપવામાં આવ્યું હતું. લોકોને સાવધાની રાખવા માટે કહેવામાં આવ્યું છે.

શુક્રવારે સાંજે, દિલ્હીના ઘણા વિસ્તારોમાં ભારે પવન સાથે હળવો

અનુસંધાન પાના ૭ પર

# દિલ્હીમાં છ માળની ઈમારત ધરાશાયી થતા ચારનાં મોત

### અનેક કાટમાળમાં ફસાયાઃ ૧૦ લોકોને ઉગારી લેવાયા

નવી દિલ્હી, તા. ૧૯

પૂર્વી દિલ્હીના મુસ્તુફાબાદ વિસ્તારમાં એક ૬ માળની નિર્માણધીન બિલ્ડીંગ અચાનક મધરાત્રે ધસી પડતા ચાર લોકોના મોત થયા હતા. અનેક લોકો કાટમાળમાં દબાયા હોવાની આશંકા છે.આ દુર્ઘટનાના સીસીટીવી વીડીયો પણ બહાર આવ્યો છે. જેમાં દુર્ઘટના બાદ તરત ધૂળના ગોટા નજરે પડે છે. સીસીટીવી કેમેરા પાસેની ગલીમાં જ લાગેલો હતો.આ વિડીયો બતાવે છે કે, દુર્ઘટના કેટલી ભયાનક હતી સીસીટીવી ફૂટેજમાં દુર્ઘટનાનો સમય રાત્રે ૨-૩૯ નો જોવા મળે છે. દુર્ઘટનાને નજરે જોનાર સાક્ષીએ જણાવ્યું હતું કે અહીં બે પુરૂષ, બે પુત્રવધુઓ, તેમનો પરિવાર અને ભાડુઆત રહે છે.સૌથી મોટી વહુના ત્રણ બાળકો છે બીજી વહુના પણ ત્રણ બાળકો છે.હાલ તેમનો કોઈ પતો નથી. હાલ કાટમાળમાં ૮-૧૦ લોકો ફસાયેલા છે.જયારે દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે ૧૪ લોકોને બચાવી લીધા છે. જેમાં ચારના મોત થયા છે. બચાવ અભિયાન ચાલુ છે. ૮-૧૦ લોકો હજુ ફસાયેલાની આશંકા છે.

# કોંગોમાં બોટ દુર્ઘટનામાં મૃત્યુ આંક વધીને ૧૪૮ પર પહોંચ્યો

### બોટમાં સવાર ૪૦૦ પૈકીના અનેક લોકો હજુ પણ લાપતા

નવી દિલ્હી, તા. ૧૯

આફ્રિકન દેશ કોંગોમાંથી એક દુઃખદ દુર્ઘટનાના સમાચાર મળી રહ્યા છે. અહીં એક બોટ પલટી જવાથી એક મોટો અકસ્માત થયો હતો, જેમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૪૮ લોકોના મોતના સમાચાર છે. તેમજ, અનેક લોકો ગુમ હોવાનું કહેવાય છે. રેસક્યૂ ઓપરેશન ચાલુ છે.કહેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત ત્યારે થયો જ્યારે બોટમાં આગ લાગી અને ત્યારબાદ તે પલટી ગઈ. બોટમાં લગભગ ૪૦૦ લોકો સવાર હતા.એક સ્થાનિક અધિકારીના જણાવ્યા મુજબ, કોંગો નદી પર થયેલા અકસ્માતમાં ડઝનબંધ લોકોને બચાલી લેવામાં આવ્યા છે, જેમાંથી ઘણા ગંભીર રીતે દાઝી ગયા હતા. રેડ ક્રોસ અને પ્રાંતીય અધિકારીઓની



મદદથી બચાવ ટીમો દ્વારા ગુમ થયેલા લોકોની શોધ કરવામાં આવી રહી છે.આ દરમિયાન એક અધિકારી, કમ્પિટેન્ટ લોયોકોએ સમાચાર એજન્સી APને જણાવ્યું કે એચબી કોંગોલો નામની બોટ માટનકુમુ બંદરથી બોલોમ્બા જવા માટે રવાના થઈ હતી. આમાં લગભગ ૪૦૦ મુસાફરો સવાર હતા. આ મોટો અકસ્માત ત્યારે થયો જ્યારે મ્બાન્ડાકા શહેર નજીક મોટરથી ચાલતી લાકડાની હોડીમાં અચાનક આગ લાગી.

અનુસંધાન પાના ૭ પર

# આવતા અઠવાડિયે વડાપ્રધાન મોદી આઉદી અરબના પ્રવાસે

### ભારત-મધ્યપુર્વ-યુરોપ કોરિડોર પ્રોજેક્ટ સંદર્ભે પણ બન્ને દેશોનાં વડા ચર્ચા કરશે

નવી દિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતા સપ્તાહે સાઉદી અરેબીયા બે દિવસના પ્રવાસે જશે. વડાપ્રધાનપદની ત્રીજી ટર્મમાં તેઓનો આ પ્રથમ સાઉદી પ્રવાસ હશે. આ પુર્વે તેઓએ ૨૦૧૬ તથા ૨૦૧૯માં બે વખત પ્રવાસ કર્યો હતો.

કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું કે, વડાપ્રધાનની આ મુલાકાતમાં સાઉદી અરેબીયા સાથે વેપાર-રોકાણ-ઉર્જા તથા સંરક્ષણ ક્ષેત્રમાં સહકાર વધારવાની વાતચીત થઈ શકે છે. ભારત-મધ્યપુર્વ તથા યુરોપ કોરિડોરના મહત્વાકાંક્ષી પ્રોજેકટને ફરી હાથ ધરવા માટે મંત્રણા થવાની શકયતા છે.

૨૨-૨૩ એપ્રિલના આ બે દિવસના પ્રવાસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેદાહમાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે પણ બેઠક કરે તેવી શકયતા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મે ના મધ્યમાં સાઉદી અરેબિયાના પ્રવાસે જવાના છે તે પુર્વે જ મોદીની આ મુલાકાતને ઘણી સૂચક ગણવામાં આવે છે.

ઈરાનને અણુ કાર્યક્રમ પડતો

અનુસંધાન પાના ૭ પર

# વેપાર-ઉદ્યોગ માટે મોટી રાહત : સાત દિવસમાં જીએસટી રજીસ્ટ્રેશન થશે

## શંકાસ્પદ અરજીઓના ૩૦ દિવસમાં નિકાલ કરવામાં આવશે

નવી દિલ્હી, તા. ૧૯

વેપાર ઉદ્યોગના જીએસટી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વધુ સરળ અને ઝડપી બનાવવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેકટ ટેસ્ટ એન્ડ કસ્ટમ દ્વારા પ્રોસેસીગ પ્રક્રિયામાં બદલાવના દિશા નિર્દેશ જારી કરવામાં આવ્યા છે.તે અંતર્ગત વેપાર ઉદ્યોગકારોને માત્ર સાત દિવસમાં જીએસટી રજીસ્ટ્રેશન મળી જશે. જે અરજી 'જોખમી' કે શંકાસ્પદની વ્યાખ્યામાં હશે તેમાં ફીઝીકલ વેરીફીકેશન કરાશે અને તે પ્રક્રિયા ૩૦ દિવસમાં ખાખ કરવાની તાકીદ કરવામાં આવી છે.આડકતરા કરવેરા બોર્ડના નવા દિશાનિર્દેશોમાં એમ કહેવામાં આવ્યુ છે કે જીએસટી રજીસ્ટ્રેશનની અરજીમાં ડેટા એનાલીસીસ તથા જોખમી માપદંડોના આધારે કોમન પોર્ટલ પર શંકાસ્પદ ગણવામાં આવી ન હોય અને અરજી 'પરફેકટ' હોય તો અરજી થયાના સાત કાયદાનુ દિવસમાં તેને મંજુરી આપવી પડશે.

જે અરજીઓને કોમન પોર્ટલ પર જોખમી ગણવામાં આવી હોય અથવા અધિકારીને કોઈ શંકાના આધારે ફીઝીકલ વેરીફીકેશન જરૂરી લાગે તો અરજી થયાના ૩૦ દિવસમાં રજીસ્ટ્રેશન મંજુર કરવુ પડશે.

સુધારેલી માર્ગદર્શિકામાં અધિકારીઓને એવી પણ તાકીદ કરવામાં આવી છે કે મામુલી વિસંગતતાઓ અથવા બીનજરૂરી દસ્તાવેજ ન હોવાની બાબતોને આગળ ધરીને અરજદારને નોટીસ ન મોકલે અથવા હેરાનગતિ ન કરે.પ્રોસેસીગ માટે જરૂરી દસ્તાવેજો સિવાય અન્ય કોઈ ડોકયુમેન્ટસનો આગ્રહ રાખવામાં ન આવે. રજીસ્ટ્રેશન એપ્લીકેશન ફોર્મમાં દર્શાવેલા દસ્તાવેજોના લીસ્ટ મુજબ જ કાર્યવાહી કરવાની તાકીદ કરવામાં આવી છે.એમ પણ કહેવામાં આવ્યું છે કે લીસ્ટેડ સિવાયના દસ્તાવેજની જરૂર હોય તો અરજદાર પાસેથી મંગાવતા પુર્વે અધિકારીએ

અનુસંધાન પાના ૭ પર

# પ્રયાગરાજમાં ટેન્ટ હાઉસના ગોડાઉનમાં લાગી ભીષણ આગ

### આગની ઉંચી જવાળા ઉઠતા આકાશમાં ધુમાડાના વાદળો છવાયા

નવી દિલ્હી, તા. ૧૯

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજના મહાકુંભ વિસ્તારમાં સ્થિત પરેડ ગ્રાઉન્ડ પાસેના ટેન્ટ વેરહાઉસમાં આગ લાગી હતી. આગ એટલી વિકરાળ બની હતી કે ઊંચી જ્વાળાઓ જોવા મળી હતી. ફાયર બ્રિગેડની ગાડીઓ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

શનિવારે સવારે પરેડ ગ્રાઉન્ડ સ્થિત ટેન્ટ હાઉસના વેરહાઉસમાં આગ લાગી હતી. થોડી જ વારમાં આગ ફેલાઈ ગઈ. આગનું વિકરાળ સ્વરૂપ જોઈને વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. આકાશમાં ઉંચી જવાળાઓ અને ધુમાડાના વાદળો જોવા મળ્યા હતા.

આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો ચાલુ છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગની ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

# કેનેડાના ઓન્ટારિયામાં ભારતીય વિદ્યાર્થીનીની ગોળી મારી હત્યા

### બસ સ્ટોપ પર ઉભેલી હરસિમરન રંધાવા પર કારમાં આવેલા અજાણ્યાએ ગોળીબાર કર્યો

નવી દિલ્હી, તા. ૧૯

કેનેડામાં એક ભારતીય વિદ્યાર્થિનીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. વિદ્યાર્થિનીની ઓળખ હરસિમરત રંધાવા તરીકે થઈ છે. હરસિમરત હેમિલ્ટનની એક કોલેજમાં અભ્યાસ કરતી હતી. પોલીસ હાલમાં આ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.



પોલીસના જણાવ્યા અનુસાર, કારમાં આવેલા કોઈ અજાણ્યા હુમલાખોરે ગોળીબાર કર્યો હતો. આ ઘટના ત્યારે બની જ્યારે હરસિમરત બસ સ્ટોપ પર ઉભી હતી અને બસની રાહ જોઈ રહી હતી. આ દરમિયાન ત્યાં થયેલા ગોળીબારમાં તેને ગોળી વાગી ગઈ હતી.

ટોરોન્ટોમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે શુક્રવારે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઓન્ટારિયોના હેમિલ્ટનમાં ભારતીય વિદ્યાર્થિની હરસિમરત રંધાવાના દુઃખદ મૃત્યુથી અમને ખૂબ જ દુઃખ થયું છે. સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, બે કાર સવારો વચ્ચે થયેલા ગોળીબારમાં હરસિમરતનું મોત થયું હતું.

સ્થાનિક પોલીસના જણાવ્યા મુજબ, તે એક નિર્દોષ પીડિતા હતી જે બસ સ્ટોપ પર થયેલા ગોળીબારમાં ફસાઈ ગઈ હતી.પોલીસે જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજ તપાસ્યા બાદ બ્લેક કારમાં આવેલા લોકોએ વાઈટ કાર

અનુસંધાન પાના ૭ પર

# મંગળ પર રહસ્યમય ખાડો એલિયનની સંભાવનાની ચર્ચા

### વૈજ્ઞાનિકોએ મંગળ ગ્રહની ઓર્બિટથી એક ઊંડા ખાડાની તસવીર લીધી

નવી દિલ્હી, તા. ૧૯

નેશનલ ઍરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (NASA)એ મંગળ ગ્રહ પર એલિયન હોવાની સંભાવના વ્યક્ત કરી છે. NASAના જણાવ્યા અનુસાર મંગળ ગ્રહ પર એક રહસ્યમય ખાડો મળી આવ્યો છે, જેમાં વિશાળ ભૂમિગત સુરંગ-નેટવર્કમાં એલિયન છુપાઈને રહેતા હોઈ શકે છે.

વૈજ્ઞાનિકોએ મંગળ ગ્રહની ઑર્બિટથી એક ઊંડા ખાડાની તસવીર લીધી છે જે જોતાં એવું લાગે છે કે એ એક ભૂમિગત સુરંગમાં જાય છે.NASAએ લખ્યું કે આ પ્રકારના અનેક ખાડા છે, જેમાં એક છોડીને એકમાં ધૂળ ભરેલી જોવા મળે છે.

સૌથી સામાન્ય ખાડો ગ્રહની ઉપર ડાબી બાજુ છે જે લગભગ ૧૦૦ મીટર પહોળો છે અને એવું લાગે છે કે એ નીચેના સ્તર સુધી જતો હશે.આ ખાડા વિશે NASAએ કહ્યું હતું કે આ ખાડો બનવાનું કારણ હજી સ્પષ્ટ નથી. હાલ વૈજ્ઞાનિકો માને છે કે એની ચારેય બાજુ દેખાતા ગોળાકાર ક્રેટર સંકેત આપે છે કે આ એક ઉલ્કાના પ્રભાવથી બન્યો હોઈ શકે.

અનુસંધાન પાના ૭ પર

# અવકાશમાં શુભાંશુ શુક્લા સાથે આઠ પગ વાળુ રીંછ પણ મોકલાશે

### પૃથ્વી પરના દુર્લભ જીવોના પુનરૂત્થાન અંગે સ્પેશ સ્ટેશન પર પ્રયોગ કરાશે

નવી દિલ્હી, તા. ૧૯

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) મિશન 'Axiom-૪' હેઠળ પૃથ્વી પર જોવા મળતા સૌથી અઘરા જીવ ટારડીગ્રેડસ (પાણીનું રીંછ આઠ પગવાળું રીંછ હતું) ને અવકાશમાં મોકલશે.

ભારતીય વાયુસેનાના પાયલોટ શુભાંશુ શુક્લા મે મહિનામાં ૧૪ દિવસ માટે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર વોયેજર ટાર્ડિગ્રેડસ નામના આ પ્રયોગનો ભાગ બનશે.આ સમયગાળા દરમિયાન, અવકાશમાં ટર્ડીગ્રેડના પુનરૂત્થાન અને પ્રજનનની તપાસ કરવામાં આવશે. લેટિનમાં ટાર્ડિગ્રાડાનો અર્થ 'ધીમો સ્ટેપર' થાય છે, જે તેમના રીંછ જેવી ગતિનો ઉલ્લેખ કરે છે.વોયેજર ટર્ડીગ્રેડમાંથી મેળવેલી માહિતી જીવનની મર્યાદાઓ વિશે સમજણ વિકસાવશે. આ ગગનયાન મિશન અને તેનાથી આગળના અન્ય મિશન માટે પણ મહત્વપૂર્ણ હોઈ શકે છે.ટાર્ડિગ્રેડ્સને 'વોટર બિયર' અથવા 'મોસ પિગલેટ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એક નાનું, આઠ પગવાળું સૂક્ષ્મ પ્રાણી છે જે પાણીમાં રહે છે અને કોઈપણ પરિસ્થિતિમાં ટકી શકે છે. તેની લંબાઈ ૦.૩ થી ૦.૫ મીમી સુધીની હોય છે. આ ફક્ત માઈક્રોસ્કોપથી જ જોઈ શકાય છે.આ પ્રયોગ બતાવશે કે ટાર્ડિગ્રેડ્સ તેમના ડીએનએનું રક્ષણ અને સમારકામ કેવી રીતે કરે છે. તે તીવ્ર કોસ્મિક કિરણોત્સર્ગનો સામનો કરવા સક્ષમ છે. આ સમય દરમિયાન વૈજ્ઞાનિકો અવકાશયાત્રીઓને સુરક્ષિત રાખવાના રસ્તાઓ શોધી શકશે.

અનુસંધાન પાના ૭ પર



# બુડિયા અને ગભેણીમાં બે ફ્લાય ઓવર બ્રિજનું લોકાર્પણ કરતા સી.આર. પાટીલ

## ફ્લાય ઓવરબ્રિજથી ટ્રાફિકની સમસ્યા ઉકેલાશે, અકસ્માતો ઘટશે અને સમય તથા ઇંધણની બચત થશે : કેન્દ્રીય મંત્રી

સુરત, તા.૧૯

રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રાધિકરણ(NHAI) દ્વારા ચોર્યાસી તાલુકાના બુડિયાગામથી પસાર થતા નેશનલ હાઈવે નં.૫૩ પરની બુડિયા અને ગભેણી ચોકડી પર રૂ.૪૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા બે ફ્લાય ઓવરબ્રિજનું લોકાર્પણ કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વન, પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલ, જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ થતા સ્થાનિક ગ્રામજનોની સાથે હજીરાની કંપનીઓ અને સચિન-પાંડેસરા જીઆઈડીસીમાં અવરજવર કરતા હજારો વાહનચાલકોને મોટી રાહત થશે. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગ્રામજનોએ હાઈવે પરની બુડિયા અને ગભેણી ચોકડી પર ફ્લાય ઓવરબ્રિજ બનાવવા માટે અવારનવાર રજૂઆત કરી હતી. કેન્દ્રીય મંત્રી નિતિનભાઈ ગડકરીના માર્ગદર્શન હેઠળ આ ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ થતા ગ્રામજનોની માંગણી પૂર્ણ થઈ છે. જેનાથી ટ્રાફિકની સમસ્યા ઘટશે, અકસ્માતો ટળશે અને સમય તથા ઈંધણની બચત થશે. ચોર્યાસી તાલુકાના દરેક ગામોમાં સેંકડો વિકાસકાર્યો થઈ રહ્યા છે એનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, રાજ્ય અને કેન્દ્રની ડબલ એન્જીનની સરકાર વિકાસકામો પણ ડબલ ગતિથી કરી રહી છે. વધુમાં તેમણે કહ્યું કે, દેશની સૌથી દુર્ગમ જગ્યાઓમાં જેવી કે જમ્મુ-કાશ્મીરમાં પણ બ્રિજો, રોડરસ્તાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસના નિર્માણથી ભારત પોતાની ક્ષમતા સિદ્ધ કરી રહ્યો છે. નવી ટેકનોલોજી સાથે અંગ્રેજોના સમયમાં બનેલા બ્રિજોની પણ સુધારણા કરી નવી ઓળખ ઉભી કરવામાં આવી છે. સોનેરી ભવિષ્ય માટે વરસાદી પાણીનો ભૂગર્ભ જળસંગ્રહ અને જળસંવર્ધન સુનિશ્ચિત કરવાનો અનુરોધ કરતા શ્રી પાટિલે જણાવ્યું કે, પાણી બચાવવું આપણી નૈતિક ફરજ છે. વરસાદનું એક પણ ટીપું વ્યર્થ ન જાય અને તે ભૂગર્ભમાં સંગ્રહિત થાય, ખેતી તેમજ પીવાના પાણી રૂપે ઉપયોગી બને તે માટે 'કેચ ધ રેઈન' અભિયાન હવે જનઆંદોલનનું સ્વરૂપ લઈ રહ્યું છે. જ્યાં જ્યાં પાણી એકત્ર થાય, ત્યાં વોટર હાર્વેસ્ટિંગ દ્વારા તેનો ભૂગર્ભમાં સંગ્રહ થવો જરૂરી છે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સંદિપ દેસાઈએ જણાવ્યું હતું કે, રૂ.૪૦ કરોડના ખર્ચે બુડિયા-ગભેણી એમ બે જંકશન પર ફ્લાય ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના પરિણામે અકસ્માતની ઘટનાઓ અટકશે અને લોકોને સુરક્ષિત અને સરળ માર્ગવ્યવસ્થા ઉપલબ્ધ થશે. આગામી દિવસોમાં આભવા-ખજોદ ચોકડી નજીક રૂ. ૯૩ કરોડના ખર્ચે નવા બ્રિજનું નિર્માણ થશે. તેના ઉપરાંત કવાસ પાટીયા, રિલાયન્સ કંપનીના ગેટ નં.૧ પાસે પણ રૂ. ૧૫૨ કરોડના ખર્ચે મંજૂર થયેલા બ્રિજનું કામ શરૂ થવાનું છે. સચીનથી સાતવલ્લા સુધીનો બ્રિજ

અનુસંધાન પાના ૭ પર

# વલસાડ સિવિલ હોસ્પિટલમાં એક સાથે બે બહેનોના મોત

## એક બહેનનું હાર્ટઅટેકથી મોત થતા બીજી બહેન આઘાત જીરવી શકી નહીં

વલસાડ, તા.૧૯

ગત રોજ સવારે નવ વાગ્યાના સુમારે એક ગરીબ આદિવાસી આધેડ મહીલા વલસાડ ની સિવિલ હોસ્પિટલ માં દવા લેવાના આશય થી આવી હતી. અચાનક મહિલા ને હૃદય રોગ નો હુમલો આવતા જમીન ઉપર પડી જતા ઘટના સ્થળે મોત નીપજ્યું. મૃતક મહિલા ની સાથે આવેલ ગરીબ આદિવાસી મહિલા મૃતક ની બહેન આ ઘટના જોઈ લેતા, તેનાથી પોતાની બેન નું મોત થયા ના આઘાત જીરવી ના શકતા, તેનું પણ ઘટના સ્થળે મોત નીપજ્યું.આમ વલસાડ સિવિલ હોસ્પિટલ માં એકજ દિવસ માં બનેલ મોત ની ઘટના હોસ્પિટલ માં લાગેલ સીસી ટીવી કેમેરા માં પૂરી ઘટના રેકર્ડ થઈ ગઈ, જેના આધારે હોસ્પિટલ ના સંચાલકો અને સ્ટાફ કર્મચારીઓ સાથેહોસ્પિટલ માં આવેલ અન્ય લોકો ની અનદેખી ને લઈ આધેડ મહીલા નું મોત થયા ની ચર્ચા એ જોર પકડ્યું.આધેડ મહિલા ની સમયસર સહાયતા કરી હોત તો શાયદ બન્ને આધેડ આદિવાસી મહિલા બચી ગઈ હોત?આશરે પચાસ થી પંચાવન ની આસપાસ મહિલા ની ઉંમર જણાઈ આવી હતી. આ સમગ્ર ઘટના ને લઈ લોકોએ હોસ્પિટલ સંચાલકો સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. વલસાડ સિવિલ હોસ્પિટલ ની કામગીરી હમેશાં વિવાદ મા રહી છે.



# ભાંડુત ગામની સ્નેહ પટેલને નારી તુ નારાયણી એવોર્ડ

સુરત, તા.૧૯

મહિલા સશક્તિકરણ અંતર્ગત સુરત ખાતે પેજ થ્રી મેગેઝીન આયોજીત એક વિશેષ કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો. જેમાં નિખિલ મદ્રાસી અને તેમની ટીમ તથા રોટરી ક્લબ, સુરત દ્વારા પોતાનાં કાર્યક્ષેત્રમાં વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી હોય એવી મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જીવન ભારતી સ્કૂલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં કુલ ૭૫ જેટલી મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી. જેમાં ઓલપાડ તાલુકાનાં ભાંડુત ગામની વતની સ્નેહા ધર્મેન્દ્રકુમાર પટેલનું પણ 'નારી તુ નારાયણી એવોર્ડ ૨૦૨૫' અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. પોતાનાં માદરે વતન સહિત તાલુકાનું નામ રોશન કરનાર આ હોનહાર દીકરીને ગ્રામજનોએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.




# નવચેતન અદાણી વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો

## દરેક રમતમાં એકથી ત્રણ ક્રમના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો અપાયા

સુરત, તા.૧૯

નવચેતન અદાણી વિદ્યાલય જૂનાગામ ખાતે વાર્ષિક રમતોત્સવ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓમાં રમત પ્રત્યે પ્રેમ જાગે અને જાગૃતિ વધે એવા આશય સાથે દરવર્ષે વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવે છે. રમતોત્સવમાં વિજેતા દરેક વિદ્યાર્થીને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આજે શાળા સંકુલમાં યોજાયેલા રમતોત્સવમાં અદાણી ફાઉન્ડેશન, હજીરાના સુશ્રી શીતલ પટેલ, શાળાના કોઓર્ડિનેટર વિરાજ વોરા શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની હાજરીમાં યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. મહેમાનોએ વિદ્યાર્થીઓ સાથે પ્રેરણાદાયી વાતો કરી હતી. વિદ્યાર્થીઓને રમત ગમત પ્રત્યે સકારાત્મક રોલ મોડલ બનવા અંગે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ખેલમહાકુંભમાં સમાવિષ્ટ રમત જેવી કે ૫૦મીટર દોડ, સ્ટેન્ડિંગ બોન્ડ જમ્પ, ૧૦૦ મીટર દોડ, ૨૦૦મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, વિઘ્ન દોડ, લાંબી કૂદ, દોરડા કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક જેવી રમતો ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ વચ્ચે યોજાઈ હતી.

વિદ્યાર્થીઓના જીવનમાં રમતગમતનું મહત્વ રહે, શારીરિક વિકાસ અને જવાબદારી લેતાં શીખે,આત્મવિશ્વાસની ભાવના વિકસે તેમજ જીવનના પડકારોનો ખૂબ હકારાત્મક અને શાંત રીતે સામનો કરે હેતુસર વિદ્યાર્થીઓને જુદી જુદી રમતો રમાડવામાં આવી. દરેક રમતમાં એક, બે અને ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીને ઈનામ આપી પ્રોત્સાહન અપાયું હતું.

## સહકારથી સમૃદ્ધિ મંત્રને સાર્થક કરવા

# રાંદેર પીપલ્સ કો. ઓ. બેંકના છ ડિરેક્ટર્સના સ્વૈચ્છિક રાજીનામા

### ભારત સરકારનાં નિર્ણયને સમર્થન આપવાની પ્રસંશનીય પહેલ

સુરત, તા.૧૯

"વિકસીત ભારત સમર્થ ભારત" નાં સ્વપ્નદ્રષ્ટા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં સ્વપ્નને સાકાર કરવાનાં મહત્વનાં અંગ સમાન સહકારી ક્ષેત્રે "સહકારથી સમૃધ્ધિ" મંત્રાને ચરિતાર્થ કરવા માટેનાં મહત્વનાં સહકારી ક્ષેત્ર નવયુવાનોને, નવી ટેક્નોલોજી, નવી મહત્વકાંક્ષાઓ અને નવી નૈતૃતવની તકો મળે તે હેતુસર બોર્ડ ઓફ ડિરેકટર્સની સમયમર્યાદા મહત્તમ ૧૦ વર્ષની હોવાનાં નિર્ણયને સહકારી ક્ષેત્રે સૌથી જુના પૈકીની એક સદી પુરાની ધી રાંદેર પીપલ્સ કો. ઓ. બેંક લી. નું બોર્ડ પરિવાર આવકારે છે. કેન્દ્ર સરકારનાં સહકાર મંત્રી માનનીયશ્રી અમીતભાઈ શાહનાં નૌતૃત્વ હેઠળ કેબીનેટ મીટીંગમાં લીધેલા નિર્ણયને પ્રાથમીક સ્થળેજ રાંદેર પીપલ્સ બેંકનાં ચેરમેન તરીકે કમલેશભાઈ સેલરે બોર્ડનાં સભ્યશ્રીઓને આ નિર્ણયનાં અમલ માટે અપીલ કરતા બેંકનાં ૧૦ વર્ષથી વધુ સમયમર્યાદા ધરાવતા ડિરેક્ટર સર્વશ્રી શંકરભાઈ પટેલ, શ્રી બકુલભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી ઠાકોરભાઈ પટેલ, શ્રી મોહંમદ મીચલા અને શ્રી જશવંતભાઈ પટેલે પોતાનું સ્વૈચ્છિક રાજીનામું બોર્ડ સમક્ષ રજુ કરી ભારત સરકારનાં આ નિર્ણયને સહકારી ક્ષેત્રે વધુ પ્રોત્સાહક નૈતૃત્વ મળી શકે તે માટેનો અનુમોદન પુરુ પાડયું હતું. જેનો અમલ બેંકની બોર્ડ દ્વારા તાત્કાલીક અસરથી કરવામાં આવી માન. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને તેની જાણ તાકીદે કરી દેવામાં આવી હતી. સહકારી ક્ષેત્રે રાંદેર પીપલ્સ કો. ઓ. બેંકનું આ પગલું પ્રસંશનીય રહ્યું હતું.

# યુકેની પાર્લામેન્ટમાં મૂળ સુરતના દેવયાની પટેલનું સન્માન કરાયું

## દેવયાની પટેલ ઉર્ફે દેવી સિંગનું સેવાકાર્ય બદલ બહુમાન

સુરત, તા.૧૯

ઈન્ટરફેથ સમુદાયે બ્રિટિશ પાર્લામેન્ટ-લંડન ખાતે શ્રી હેરોમા ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ કેન્દ્ર અને સંસ્કાર ટીવી દ્વારા શ્રી રામ નવમીની ઉજવણી કરવામાં આવી હતી. લંડનના હેરોમાં ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ સેન્ટર અને સંસ્કાર ટીવી દ્વારા આયોજિત કાર્યક્રમમાં મૂળ સુરતના અને છેલ્લા ૨૫ વર્ષથી લંડન ખાતે રહેતા લેસ્ટરના કોર્પોરેટર અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા દેવીસિંગ ઉર્ફે દેવયાની પટેલને તેમના શાંતિ, સદ્ભાવ અને સમુદાયના કલ્યાણ તેમજ માનવીયવતા, સમર્પણભાવના બદલ પ્રશંસાપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. શ્રી રાજરાજેશ્વર ગુરુજી, શ્રી સાયમન ઓવેન્સ (ડીએલ), શ્રી ગ્રેથ થોમસ (વ્યવસાય મંત્રી), બોબ બ્લેકમેન (હેરો ઈસ્ટ સાંસદ), ક્રિસ બ્રાઉન અને લેસ્ટરશાયર પોલીસના રણજિત સોનિગ્રા, મુંબઈના શ્રી બચ્ચુ અને રાજ દીદી સહિતના

અનુસંધાન પાના ૭ પર





# સુરતમાં HTAT મુખ્ય શિક્ષકોનો જિલ્લા ફેર બદલી શિબિર યોજાયો

### સુરત જિલ્લામાં આવવા માટે ૩૦ શિક્ષકોએ ઓર્ડર સ્વીકાર્યો

સુરત, તા.૧૯

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત પ્રાથમિક શાળામાં અન્ય જિલ્લામાંથી આવવા માંગતા બદલી ઈચ્છૂક HTAT મુખ્યશિક્ષકોનો જિલ્લાફેર બદલી કેમ્પ જિલ્લા પંચાયત કચેરી, વેસુ રોડ ખાતે યોજવામાં આવ્યો હતો. સદર કેમ્પમાં સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ ભારતીબેન રાઠોડ તથા અન્ય મહાનુભવો, ઈન્ચાર્જ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો. અરૂણકુમાર અગ્રવાલ, ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં સિનિયર ઉપપ્રમુખ અને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ, , ટીપીઈઓ, બીટ નિરીક્ષકો ઉપરાંત શિક્ષક સંઘનાં હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતાં.જિલ્લા શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલ તથા મહામંત્રી અરવિંદભાઈ ચૌધરી પાસેથી પ્રાપ્ત થતી માહિતી મુજબ આ જિલ્લાફેર બદલી કેમ્પમાં અન્ય જિલ્લામાંથી કુલ ૩૩ જેટલાં બદલી ઈચ્છૂક HTAT મુખ્યશિક્ષકોએ પોતાની દાવેદારી નોંધાવી હતી. જે પૈકી ૩૦ HTAT મુખ્યશિક્ષકોએ મેરીટ મુજબ નિયમોનુસાર શાળા પસંદગી કરી હતી. જ્યારે અન્ય બે HTAT મુખ્યશિક્ષકોએ અસંમતિ દર્શાવી હતી અને એક HTAT મુખ્યશિક્ષક ગેરહાજર રહ્યાં હતાં. આ તમામને ઉપસ્થિત મહાનુભાવોનાં હસ્તે સ્થળ ઉપર જ બદલી ઓર્ડર આપી દેવામાં આવ્યા હતાં. આમ સદર કેમ્પ શાંતિપૂર્ણ માહોલમાં સંતોષકારક રીતે સંપન્ન થયો હતો.




# દરેક મહિલામાં ખુબી હોય છે તેને ઓળખવી જરૂરી છે : સંધ્યા ગેહલોત

### એસજીસીસીઆઈના WEC દ્વારા 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્ક્લેવ ૨૦૨૫' યોજાઈ

સુરત, તા.૧૯

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા ગુરુવાર, તા. ૧૭ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે, પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે 'વુમન આંત્રપ્રિન્યોરશિપ કોન્ક્લેવ ૨૦૨૫' નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં લિંબાયતના ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા અને તેમના વરદ્ હસ્તે કોન્ક્લેવનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ કોન્ક્લેવમાં અતિથિ વિશેષ તરીકે સુરત શહેરના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલોતના પત્ની શ્રીમતી સંધ્યા ગહલોત ઉપસ્થિત રહ્યા હતા.

આ કોન્ક્લેવમાં દેશના ખ્યાતનામ ફરાહ ખાન ફાઈન જ્વેલરીના ડિરેક્ટર મિસ. ફરાહ ખાન અલી, ટેલિવિઝન અને ગુજરાતી ફિલ્મોના અભિનેત્રી અનાહિતા જહાનબક્ષ ઈટાલિયા, ડિઝાઈનર અને આંત્રપ્રિન્યોર તેમજ પૌલમી એન્ડ હર્ષના સંસ્થાપક મિસ પૌલમી ધવન, ડાન્સર - કોરિયોગ્રાફર અને કન્ટેન્ટ ક્રિએટર મિસ નિશા કિડેચા નાઈક, સિંગર અને ટ્રેડિશનલ ગરબા ક્વીન મિસ કૈરવી બુચે વક્તા તરીકે ઉપસ્થિત રહી સુરતના મહિલા ઉદ્યોગ સાહસિકોને સંબોધિત કરી તેઓને જીવનમાં તથા બિઝનેસમાં પ્રગતિના પંથે આગળ વધવા માટે માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મુદ્રા યોજના અને ડિજિટલ ઈન્ડિયાનો લાભ લઈને મહિલાઓ નાણાકીય સ્થિરતા મેળવી નવા આયામો હાંસલ કરી રહી છે અને જીવનમાં સફળ થઈ રહી છે. ભારતીય અર્થવ્યવસ્થામાં મહિલાઓનો ફાળો ૨૨% છે, જેમાં વૃદ્ધિ કરવા માટે આપણે સૌએ સાથે મળીને પ્રયાસો કરવાના છે.

ધારાસભ્ય શ્રીમતી સંગીતા પાટીલે જણાવ્યું હતું કે, 'મહિલાઓ જ્યારે પુરૂષના ખભા સાથે ખભો મિલાવીને કાર્ય કરશે ત્યારે દેશ નિશ્ચિત જ વધુ પ્રગતિ કરશે. મહિલાઓએ અને તમામ સુરતીઓએ એક વાત ધ્યાને લેવી કે, આપણે સમાજમાં રહીને સમાજ માટે ઉપયોગી કાર્યો કરવાના છે. મહિલા સશક્તિકરણમાં સૌથી મોટો ભાગ શિક્ષણ ભજવે છે, તેથી આપણે 'બેટી બચાઓ, બેટી પઢાઓ'ના સૂત્રને વધુ સાર્થક કરવાની જરૂર છે.'

શ્રીમતી સંધ્યા ગહલોતે જણાવ્યું હતું કે, 'માત્ર જોબ કરતી મહિલાઓ જ કાર્ય કરે છે એવું નથી. ઘરમાં હાઉસવાઈફ તરીકેની ફરજ બજાવતી મહિલાઓ પણ

અનુસંધાન પાના ૭ પર

# ઉધના શ્રી બળિયા દેવજી મંદિરનો વાર્ષિક ઉત્સવ

સુરત, તા.૧૯

આથી સુરતની ધર્મપ્રેમી જનતાને ધાર્મિક કાર્યક્રમોમાં લાભ મળે તે હેતુથી જણાવવાનું કે તા. ૨૦મી એપ્રિલ ૨૦૨૫, રવિવારના રોજ ઉધના ગામે શ્રી બળિયાદેવ મંદિરમાં વાર્ષિક ઉત્સવ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૫: ૩૦ કલાકે ધર્મધ્વજા વંદન કાર્યક્રમ, સવારે ૬ થી ૮ માં સવા પાંચ મણ દૂધનું કેસરસ્નાન સવારે ૯.૩૦ કલાકથી શીતળા શાંતિ યાગ સાંજે ૪ કલાકે પૂર્ણાહુતિ, ૫ કલાકે શ્રી બળિયાદેવની આરતી-થાળ, સાંજે ૫.૩૦ કલાકથી સર્વે હરિભક્તો માટે મહાપ્રસાદીનું આયોજન સર્વે હરિભક્તોને આ ધાર્મિક કાર્યક્રમોમાં લાભ લેવા મંદિરના મહંતશ્રી જયેશભાઈ એચ.ભટ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# તંદુરસ્તી માટે સારા ભોજનની જરૂર છે તેટલી જ જરૂર સારા વિચારોની પણ છે

સુરત, તા.૧૯

તંદુરસ્તી જ જીવનનો મુખ્ય આધાર છે. સારા અને તંદુરસ્ત જીવન અંગે દિશા આપવા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી હેલ્થ, વેલ્થ અને હેપ્પીનેસને કેન્દ્રમાં રાખી દર ગુરૂવારે વિચારોનું વાવેતર કરવામાં આવે છે.

તા. ૧૭-૦૪-૨૦૨૫ ગુરૂવારે વરાછા બેંકના ઓડીટોરીયમમાં ૧૦૭માં થર્સ-ડે થોર્ટમાં સર્વોને આવકારતા સંસ્થાના પ્રમુખશ્રી કાનજીભાઈ ભાલાળા એ જણાવ્યું હતું કે, સત્તા કે સંપતિથી લાંબુ જીવી શકાતું નથી તંદુરસ્તી જ લાંબુ આયુષ્ય આપી શકે છે. લાંબા



અને સારા જીવન માટે તન અને મનની તંદુરસ્તી જરૂરી છે. સારા નીરોગી જીવન માટે ધ્યાનમાં રાખવા અને અમલ કરવા માટે તંદુરસ્તીનું પંચામૃત આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે નિકુંજ હોમીયોપેથીક કેર સેન્ટરના ડો. ખુશાલીબેન વી. લુખી ઉપસ્થિત રહ્યા હતા. જેઓ છેલ્લા બે દાયકાથી શારિરીક અને માનસીક રોગની સારવાર અને કાઉન્સિગનું કામ કરી રહ્યા છે. તેઓ ગુજરાતમાં સ્પેશીયલ બાળકો માટે મફત હિલીંગહેન્ડ કેમ્પસ સાથે નિઃસ્વાર્થ સેવા કાર્યમાં જોડાયેલા છે. આરોગ્ય સાથે માનસિક શાંતિ માટે ધ્યાન અને તે માટે કાઉન્સીલીંગ કરે છે. ખાસ કરી કિશોરોની માનસિક તંદુરસ્તી માટે સેમિનારોનું પણ આયોજન કરે છે. આ પ્રસંગે નિષ્ઠા હોસ્પિટલના ડો. વિજય લુખી ખાસ ઉપસ્થિત રહ્યા હતા, ડો. ખુશાલીબેને જણાવ્યું હતું કે, માણસ શરીર મન અને

અનુસંધાન પાના ૭ પર

## લાંબા અને સારા જીવન માટે તન-મનની તંદુરસ્તી જરૂરી છે : કાનજી ભાલાળા

# ટીમ લેબ્સ બોર્ડરલેસ – આર્ટ ને ટેકનોલોજીનો અજોડ સમન્વય







છેલ્લા બે-ત્રણ મહિનાઓથી દુનિયાભરની ઈકોનોમી અને ન્યૂઝ સાઈકલની જે કેઓટિક હાલત છે તેમાં જેવું મીડિયાથી ડિસકનેક્ટ કરો એટલે તરત જ પોતોનો ખૂણો રોજિંદા કામકાજ અને મજા અને સ્ટ્રગલથી ભરેલો લાગે છે. એવામાં જ્યારે તમે તમારા કમ્ફર્ટ ઝોનથી બહાર સાવ અજાણી કન્ટ્રીમાં માંડ પંદર દિવસ માટે હોવ ત્યારે ત્યાંની લોકલ પરિસ્થિતિ પર હાલની ઈકોનોમિક હિલચાલની ઈમ્પેક્ટ છે કે નહીં તે કહેવું મુશ્કેલ બની જાય છે. તેમાંય જાપાનમાં તો સતત વર્ક પ્રેશર અને સોશિયલ ડિસિપ્લિનના પ્રેશર વચ્ચે સબવેમાં અને રસ્તા પર હંમેશાં લોકોની ભીડ જોવા મળી જતી. અને આવી સ્થાનિક લોકોની ભીડમાં દરેક ઉંમરનાં મોટાભાગનાં લોકો ફોન પર જ દેખાતાં. ઘણાં તો ચાલતાં ચાલતાં ફોન પર ગેમ રમતાં, ટ્રેનમાં ઘૂસવા પૂરતો ચાલુ ફોન પોકેટમાં મૂકીને ફરી ટ્રેનમાં ભીડમાં ઊભા રહેવાની જગ્યા શોધીને એક હાથે બેલેન્સ માટે હેન્ડલ પકડીને ફરી પાછો બીજા હાથે એ જ ફોન કાઢીને ગેમ ચાલુ રાખતાં.

જિબલી મ્યુઝિયમથી નીકળીને ક્યાં સાંજ પડી ગઈ ખબર પણ ન પડી. તેના માટે અડધા દિવસ જેટલો સમય તો મિનિમમ પ્લાન કરવો જ પડે. ડિજિટલ ટેકનોલોજીને માણસોએ હાથે બનાવેલી કલા સાથે બેલેન્સમાં રાખતા સ્ટુડિયો જિબલીથી સીધાં ડિજિટલ આર્ટના સ્પેશિયાલિસ્ટ ટીમ લેબ્સ એક્ઝિબિશનનું બુકિંગ એ જ દિવસે કરવામાં અમે આયરનીની મજા લઈ લીધી. હવે તો દુનિયાનાં ઘણાં મોટાં શહેરોમાં પરમેનેન્ટ કે ટેમ્પરરી ટીમ લેબ્સ એક્ઝિબિશન લાગે જ છે. આ ડિજિટલ આર્ટના પાયોનિયર્સની શરૂઆત ૨૦૦૧માં ટોક્યોમાં થઈ હતી.

ટીમ લેબ્સનાં કલાકારો પોતાને અલ્ટ્રા ટેકનોલોજિસ્ટ તરીકે ઓળખાવે છે. આર્ટ અને ટેકનોલોજીનો જરા વિચિત્ર સંબંધ છે. આ લેબનાં સ્થાપકો ટોક્યો યુનિવર્સિટીનાં એન્જિનિયર્સ છે. ટીમ લેબ્સમાં માત્ર આર્ટિસ્ટ કે માત્ર એન્જિનિયર હોવું પૂરતું નથી. આ આર્ટી-એન્જિનિયર શું કરે છે તે જોવા માટે ત્યાં જવું તો રહ્યું જ. આમ પણ હાલમાં જે પણ જાપાન જઈને આવ્યું છે તેમના ફોટોઝમાં ટીમ લેબ્સ જોયા પછી પહેલી તપાસ ત્યાં બુકિંગ કરવાની થઈ હતી.

ટોક્યોમાં બે ટીમ લેબ્સ છે. ટીમ લેબ્સ બોર્ડરલેસ અને ટીમ લેબ્સ પ્લાનેટ્સ. બંને લેબ્સ શહેરમાં વિપરીત દિશાઓમાં છે. તેમાં બોર્ડરલેસમાં થોડું ઓડિયન્સ ઈન્ટરેક્શન અને વધુ સારા રીવ્યુઝ છે. વળી તે અમારી રોપોન્ગી હોટલથી પણ નજીક હતી. બીજું શું જોઈએ? બુકિંગ સ્લોટ્સ મળવાનું જરા અઘરું છે. જિબલી મ્યુઝિયમની જેમ જ અહીં પણ પહોંચીને ટિકિટ ત્યાં જઈને લઈશું એમ વિચારવા જેવું નથી. અમને આખા અઠવાડિયામાં માત્ર બે જ સ્લોટ મળે તેમ હતા.

અમે જિબલી સાથે ટીમ લેબ્સને એક જ દિવસમાં કમ્બાઈન કરવા નહોતાં ઈચ્છતાં. બંને અલગ પ્રકારની આર્ટને પચાવવા માટે વચ્ચે થોડો બ્રેક હોત તો સાં થાત. પણ ટીમ લેબ્સ બોર્ડરલેસને એ મંજૂર ન હતું, એટલે અમે જિબલીનો રાઉન્ડ પતાવીને ટીમ લેબ્સ માટે સમયસર પહોંચવા નીકળી પડ્યાં. ત્યાં ૭થી ૯નો બે કલાકનો સ્લોટ હતો.

બોર્ડરલેસ પહોંચવા માટે ત્રણ સબવે બદલવી પડી અને વચ્ચે આશરે ૧૦,૦૦૦ સ્ટેપ્સ ચાલવું પડ્યું. હજી ટીમ લેબ્સમાં અંદર તો ચાલવાનું હતું જ. છેલ્લા સ્ટ્રેચ પર સબવે અન્ડરગ્રાઉન્ડથી આખરે નીકળ્યાં તો વરસાદ પડતો હતો. જાપાનના અન્ડરગ્રાઉન્ડ્સમાં માત્ર ટ્રેન જ નહીં, રેસ્ટોરાં, શોપિંગ, હોટલ્સ, બધું એવી રીતે ફેલાયેલું છે કે જાણે જમીનની નીચે બે-ત્રણ માળમાં અલગ દુનિયા જ વસે છે. હજી જાપાનિઝ અન્ડરગ્રાઉન્ડ લાઈફથી અમે સરખું મળ્યાં ન હતાં. તે દિવસે જમીન પરના આર્ટની જ વાત હતી.બોર્ડરલેસનો સ્ટુડિયો એક ભવ્ય મોલનો આખો માળ લઈને બેઠો હતો. ઈમારતની બહાર થોડાં પ્લમ બ્લોસમ્સ માહોલ અને સીઝનને મજેદાર બનાવી રહ્યાં હતાં. અંદર પ્રવેશતાંની સાથે જ કોઈ અલગ દુનિયામાં આવી ગયાં હોઈએ તેવું લાગતું હતું. આ ઈમરસિવ આર્ટનો પહેલો અનુભવ હતો જ્યાં હાઈ સિલિંગથી લઈને સાઈડ્સ અને ફ્લોર, જ્યાં પણ જુઓ ત્યાં આર્ટ પ્રોજેક્શન તમારી આંખો અને મગજને વ્યસ્ત રાખવા માટે તૈયાર હતું. વળી આખાય વિસ્તારમાં દરેક દીવાલ, છત પર જે આર્ટ પીસ પ્રોજેક્ટ કરવામાં આવેલું તે એનિમેટેડ હોવા સાથે એક બીજાની ફ્રેમમાં પણ જતું રહેતું. એક રૂમનાં ફૂલોની પાંખડી બીજા રૂમમાં ઊડીને જતી, પક્ષીઓ અને પ્રાણીઓ કોરિડોરમાં સાથે ચાલતાં. સંગીત અને અવાજો, ઘણાં લાઈટ બીમ્સ પર હાથે ટેપ કરીને તેમને ખેંચીને દૂર લઈ જઈને પેટર્ન બનાવી શકાતી. વોટર ફોલ્સ, ફૂલો, લોકવાર્તાઓ, સાંસ્કૃતિક રેફરન્સ, રંગો અને લાઈટ્સનું એવું કોકટેઈલ ત્યાં અનુભવવા મળ્યું હતું કે આજે પણ ત્યાં બે કલાકમાં થયેલી અનુભૂતિને બીજા કોઈ અનુભવ સાથે સરખાવી શકાય તેવું નથી.એટલું જ નહીં, ક્યાંક પ્રોજેક્શનો વાર્તા કરતાં, ક્યાંક ક્રિસ્ટલ ઈન્સ્ટોલેશન્સમાં માત્ર ખોવાઈ જવાનું હતું, ક્યાંક માથા પર વરસાદ પડતો, ક્યાંક અવાજો અને સુગંધથી મન ભરાઈ આવતું. અહીં જે પણ હતું તે બધું બહારની દુનિયાને ભૂલીને, બીજા વિચારોને, ડિસ્ટ્રેક્શન્સને એક બાજું મૂકીને અનુભવ કરવા માટે હતું. જોકે વચ્ચે ફોટા અને વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર મૂકવા માટે બેસીને પોતાનું કામ કરવાની જગ્યાઓ પણ હતી. ખં જોવા જાઓ તો આજના જમાનાનું આ પરફેક્ટ ટૂરિસ્ટ સ્પોટ હતું જયાં આર્ટ, સેન્સરી અનુભવો, ટેકનોલોજી બધું એક સાથે વણાયેલું હતું. અહીં બે કલાક તો ક્યાં પૂરા થઈ ગયા ખબર પણ ન પડી. છેલ્લે એક ભવ્ય ડિજિટલ એક્વેરિયમમાં અમે જાતે દોરેલું ચિત્ર પણ અહીંનાં આર્ટ પ્રોજેક્શનનો ભાગ બનતો જોવાની મજા મળી હતી. ત્યાં ગયા પછી લાગ્યું કે હજી સમય છે તો પ્લાનેટ્સને પણ મોકો અને સમય આપવાનો પ્રયત્ન કરવો જ રહ્યો. ટોક્યોનો પહેલો આખો દિવસ આર્ટ ઓવરલોડમાં વીત્યો હતો.

# કડવો પણ નરવો -લીમડો!



આધુનિક વિદ્વાનો જેને માર્ગોસા ટ્રીને નામે ઓળખે છે એ લીમડો ભારતમાં ઠેર ઠેર પેદા થાય છે.પ્રાચીનકાળના ઋષિમુનિઓથી માંડીને અંતરિયાળ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ લીમડાનો ઉપયોગ આરોગ્ય માટે સદીઓથી કરતાં રહ્યાં છે.

ભદ્ર-શ્રીમંત વર્ગથી લઈને ગરીબ વર્ગનાં લોકોએ પણ લીમડાના ગુણો ગળથુથીમાં પીધાં છે અને પાયા છે.

આયુર્વેદ શાસ્ત્રમાં તો લીમડાનાં અનેકાનેક ગુણો અને ઉપયોગો વિશદ રીતે વર્ણવેલાં છે.પણ, અત્યારનો એક મોટો વર્ગ ભારતથી ભારત વાયા વિદેશ થઈને આવેલ વાતને જ સ્વીકારે છે. તેવાં લોકો માટે એક માહિતી કે લીમડા પર ૩૦ વર્ષ પહેલાં અધ્યયન કરી ચૂકેલા અમેરિકન વિદ્વાન ડોક્ટર નોઈલ વ્હીટમેયરે પણ દુનિયાને લીમડાનું મૂલ્ય અને મહત્વ સમજાવ્યું છે.

વ્હીટમેયરે ૧૦ વર્ષનાં મેરેથોન અભ્યાસ અને સંશોધન પછી લીમડાને 'અદભુત વૃક્ષ' નામ આપ્યું હતું. લીમડામાંથી બનાવેલા રાસાયણિક યોગો લગભગ એકસો કરતાં વધુ જાતિ – પ્રજાતિનાં બેક્ટેરિયા, વાઈરસ વગેરેનો નાશ કરે છે. લીમડાનો બીજો પ્રભાવશાળી ગુણ એ છે કે એનાથી આપણા ખાદ્યઅન્નને લગભગ એક વરસ સુધી કીટાણુઓથી બચાવી શકાય છે. લીમડો કીટાણુઓનો નાશ કરતો હોવા છતાં બીજી રાસાયણિક કીટાણુનાશક દવાઓની જેમ માનવ કે પશુ પર એની કોઈ આડ અસર થતી નથી.

કેટલાંક સંશોધનોમાં લીમડો પરિવાર નિયોજન માટે પણ ઉપયોગી પુરવાર થયો છે. લીંબોડીનું તેલ શુક્રાણુનાશક છે. લીંબોડીના તેલમાં શુક્રાણુઓ નાશ પામે છે અને આગળ વધી શકતા નથી. આથી સંતતિનિયમનમાં પણ તેનો મહત્વનો રોલ ધ્યાનમાં આવેલ છે. લીમડા અને લીંબોળીનાં તેલનાં બાહ્ય અને આભ્યન્તર બન્ને પ્રયોગોનાં ઉત્સાહવર્ધક પરિણામો

મળેલાં છે. આ મુદ્દા પર હજુ વિશાળ પાયા પર સંશોધનો થવાં જોઈએ. સાથે સાથે જ એક મહત્વની વાત કે જેઓ ચામડી વગેરે રોગો માટે લીમડાનો ઉપયોગ કરતા હોય તેમણે ઉપરયુક્ત સંશોધનથી ગભરાવાની કે ચિંતા કરવાની જરૂર નથી. આયુર્વેદે લીમડા સહિત બધા જ કડવા ઔષધોનાં અતિ ઉપયોગથી જ શુક્રાણુઓ પર અસર થાય છે એમ કહ્યું છે. એની સામાન્ય માત્રાની શુક્રાણુઓ પર કોઈ અવળી કે ખરાબ અસર થતી નથી.

લીમડાનાં પાન અને લીંબોળીનાં તેલમાં રહેલું લીમ્બિન નામનું રસાયણ સડાનો – સંક્રમણનો નાશ કરનાર એન્ટિસેપ્ટિક અને ફૂગનાશક સાબિત થયું છે. વળી તે સોજો ઉતારનાર (એન્ટિ ઈન્ફલામેટરી) તરીકે પણ ઉપયોગી છે. એનો સૌથી શ્રેષ્ઠ ઉપયોગ લીમડાનું દાતણ કરવાથી પેઢામાં સડાને પેદા કરતા જીવાણુઓનો નાશ થાય છે. પેઢાં અને દાંત મજબૂત બને છે.

લીમડો ચામડીનાં રોગોમાં તો ચમત્કારિક પરિણામ આપે છે. લીમડાને ચૈત્ર મહિનામાં કુમળા કુમળા પાન અને સફેદ ફૂલની માંજર આવે છે. ગામડાના લોકો આ પાન અને ફૂલને વાટીને એમાં થોડુંક મીઠું ઉમેરીને પીએ છે. એનાથી ઉનાળામાં નીકળતા ધામિયા નામના ગુમડાઓ, ચામડીનાં ખંજવાળ સાથેના દાદર ખરજવું, ખસ વગેરે રોગો થતાં નથી અને થયાં હોય તો મટે છે.

એસીડીટીના દર્દીઓને એ ખબર નહીં હોય કે આસપાસમાં કે આંગણામાં છાંયડો પાથરતો લીમડો એસિડિટીને જળ મૂળથી નાબુદ કરનાર ઔષધ છે. જેમને ખોરાક પ્રત્યે રુચિ ન થતી હોય તેને લીમડાના પાન અને નમકનું મિશ્રણ ખૂબ જ ઉપયોગી થાય છે. લીમડા સાથે મીઠું એટલા માટે ઉમેરવામાં આવે છે કે લીમડો કડવારસવાળો હોવાને કારણે વાયુ પેદા કરે છે પણ મીઠું(નમક) ઉમેરવામાં આવે તો વાયુનો પ્રકોપ નથી થતો.

અરૂંશિકા નામક ત્વચાનો વિકાર કે જેમાં માથાની ચામડીમાં એક અથવા એકથી વધારે ભીંગડાવાળા ગુમડા થાય છે. જેમાંથી ચીકણું પ્રવાહી નીકળે છે ને ખંજવાળ પણ ખૂબ જ આવતી હોય છે. અને એમાં પણ જૂ અને લીખો સાથે હોય તો દર્દીની હાલત ખૂબ જ દયનિય થઈ જાય છે. આ પ્રકારના રોગમાં માથામાં નાખવા માટે લીંબોળીનું તેલ લઈ તેમાં કપૂરની ગોટી ભૂકો કરી મિક્સ કરી એ તેલ વાપરવું.કપૂર પણ એક ઉત્તમ કીટનાશક અને દુર્ગંધનાશક છે. લીંબોળીના તેલની દુર્ગંધને પણ કપૂરની સુગંધ દબાવી દે છે.આવાં દર્દીએ અરીઠા, શિકાકાઈ, લીમડાનાં પાન અને દારૂ હળદરનો ઉકાળો બનાવી તેનાથી માથું ધોવાનું રાખવું. સાથે વૈદ્યની સલાહ મુજબ નિમ્બ ઘનવટી અને લીમડાનાં પાનનાં તાજા રસનો પ્રયોગ કરવો. જમવામાં ખટાશ, મીઠી વસ્તુઓ,ગોળ અને ખાંડવાળા પદાર્થો બંધ કરી દેવા. અરુંશિકાની ગમે તેવી ઉગ્ર સમસ્યા પણ ઉપરયુક્ત ઉપચારથી નષ્ટ થાય છે.ટૂંકમાં, લીમડામાં એટલા બધા ગુણો રહેલા છે કે એના પર હજુ વધારે સંશોધન થવું જરૂરી છે. આવો લીમડો આપણાં પર કુદરતના સૌથી મોટા આશિર્વાદ સમાન છે. હંમેશા પશ્ચિમી પવનમાં તણાઈ જતાં આપણાં અનુંસંધાનકર્તાઓએ લીમડાને હજુ વધુ એક્સપ્લોર કરવાની જરૂર છે.

# જેના ટેબલમાંથી મચ્છર નીકળશે તેને નોકરીમાંથી હાંકી કાઢવાનો કમિશનરનો પરિપત્ર!

ટેબલ પર ખુરશી અને ખુરશી પર સ્ટુલ ગોઠવ્યા . ખુરશી અને સ્ટુલ ડગમગ થતા હતા. રાજુ રદી તેના પર ચડ્યો . પંખાના પાંખિયાને ચિપકેલા મચ્છરને જોઇને ખુન્નસથી બોલ્યો, એક મચ્છર કો દેખા તો ઐસા લગા જેસે આદમી કે શરીરસે ખુન ચુસનેવાલી મશીન! આમ કહી ગમે તે પંખાના પાંખિયા પર સ્ટ્રીટ ડોગની જેમ લપકયો. દવેના હાઇ જમ્પથબ ટેબલ, ખુરશી અને સ્ટુલનું બેલેન્સ ખોરવાયું . જન્માષ્ટમી પર દહીંહાંડી તોડવા માટે ગોવિંદાએ પિરામિડ બનાવ્યો હોય તેમાં ટોચ પરનો ગોવિંદા ગબડે એટલે બધા તાસના પત્તાની માફક જમીનદોસ્ત થાય તેમ ટેબલ, ખુરશી, સ્ટુલ અને રાજુ રદી નીચે પટકાયા !! કોણ કોના પર પડ્યું તે નક્કી કરવું મુશ્કેલ થઇ પડ્યું!! જો કે, રાજુના ચહેરા પર સ્મિત હતું. કેમ કે, તેણે બે મચ્છર મારી નાંખ્યા !! મહેકમ બ્રાંચને બે મચ્છરનો ખાત્મો બોલાવ્યાનો રિપોર્ટ કર્યો!! રાજુને ગર્લ ફ્રેન્ડ બ્રેકઅપ કરે અને મૂઢ માર વાગે તેમ પછડાટથી શરીર કળવા લાગ્યું!!

રાજુભાઇ કમિશનર સાહેબ સોલિડ વેસ્ટ ડિસ્પોઝલના ટેન્ડરની ફાઈલ મંગાવે છે. આઇપીએસ યાને ઇન્ડિયન પ્યુન સર્વિસના સુનિલે કહ્યું. સુનિલના ડાબા ગાલના ઉપરના ભાગે મચ્છર બેસેલું. રાજુ રદીએ જોયું

સુનિલ બિલકુલ હલતો નહીં. હું તને સ્ટેચ્યુ કહું છું! રાજુએ સુનિલને હુકમ કર્યો. સુનિલ સ્થિર થઇ ગયો. રાજુએ તેને ફડાકો મારી દીધો. સુનિલ હચમચી ગયો.

સાહેબ મને કેમ લાફો માર્યો?? સુનિલે લાફો ખાધા પછી પણ વિનમ્રતા છોડી નહીં!!

સુનિલ,તારા ડાબા ગાલ પર મચ્છર બેસેલું. મેં મચ્છરના ગાલે લાફો ઝીંક્યો . કમબખ્ત મચ્છર મારા કરતા ઓવર સ્માર્ટ નીકળ્યું . મારો હાથ મચ્છરની બોચી પર પડે તે પહેલાં પ્રેમીપંખીડાની જેમ ઊડી ગયું!!! જયાં સુધી મારી ચેમ્બરમાંથી મચ્છરનું નિકંદન નહીં કાઢું ત્યાં સુધી કમિશનરની ચેમ્બરમાં પગ નહીં મુકુ!! રાજુએ રદીપ્રતિજ્ઞા જાહેર કરી. પાંજરાપોળ જેવી દાણાપીઠની ઓફિસ .લોક ભાષામાં કોઠી કે કોઠો કહેવાય. (અભિમન્યુએ વીંધેલા કોઠા તો સરળ હતા. મહાનગરપાલિકાના કોઠા વીંધવા તો મત્સ્યવેધ કરવા જેવું ડિફીકલ્ટ ગણાય. એકાદવાર આવકનો દાખલો, જન્મનો દાખલો, મરણનો દાખલો કે ઈવન પ્રોપર્ટી ટેકસ ભરવા જાવ તો એવા ફાંફા ચડી જાય કે જન્મવા કે મરવાનું માંડી વાળો. મિલકત વેરો ભરવાના બદલે મિલકત વેચી નાંખી ન રહેંગા બાંસ ન રહેંગી બાંસુરી જેવું કરવાની ખંજવાળ આવે!! ગાંધીજીએ કાગડા કૂતરાંના મોતે મરીશ પણ સ્વરાજય લીધા સિવાય પાછો નહીં ફં તે પ્રતિજ્ઞા પાછળ પણ અનટોલ્ડ સ્ટોરી છે. સાબરમતી નદીના કિનારે આશ્રમ હોવાથી જુલાઈ મહીનામાં પુષ્કળ મચ્છર થતા હતા. બાપુ આઝાદી માટે અંગ્રેજોનું લોહી જ પીવાનું બાકી રાખ્યું હતું.,બાપુએ અંગ્રેજોના નાકમાં દમ લાવી દીધો હતો.,અંગ્રેજોના સમર્થક મચ્છરો બાપુનું લોહી પીને અંગ્રેજો તરફ વફાદારી દાખવતા હતા!! મચ્છરોના ત્રાસથી બાપુ કંટાળી ગયેલા. એટલે કાગડા કૂતરાવાળી પ્રતિજ્ઞા લઇને આશ્રમથી ચાલતી પકડેલી!! તેવું કહેવાય છે!!

'ગુણ ગુણ ગુણ ગુણ'નો અવાજ સાંભળી રાજુ રદીના મગજનો ( રાજુ રદીને મગજ ?? વેઇટ વેઇટ ગિરધરલાલ. રાજુને મગજ છે તેનો શું પુરાવો ?? રાજુને કદી બ્રેઈન સ્ટ્રોક આવેલ છે??કારણ વગર ફેંકા ફેંક ના કરો ગિરધરલાલ ગરબડીયા !!!) બાટલો ફાટ્યો. રાજુને મચ્છરને છૂટું પેપરવેઇટ મારવાનું મન થયું!! રાજુને એ ખબર હતી કે ધરતી પર ૩૫૦૦થી પણ વધુ પ્રકારના મચ્છર છે, અને આ જીવ ૨૦ કરોડ વર્ષ પહેલા ધરતી પર આવ્યા

હતા. મચ્છર લોકોનો શ્વાસ પણ સૂંઘી શકે છે, પંચોતેર ફૂટ દૂરથી મચ્છર કાર્બન ડાયોકસાઈડ સૂંઘી લે છે. કોઈપણ મચ્છર પોતાના જન્મસ્થળથી એક માઈલ વિસ્તારમાં જ ઊડી શકે છે. મચ્છર એક વખત ડંખ મારીને ૦.૦૦૧થી ૦.૧ મિલિલીટર સુધી લોહી પીવે છે. મચ્છર પોતાના વજનથી આશરે ૩ ગણુ વધારે વજન ચૂસે છે. મચ્છર આશરે ૧૬ મિલિમીટર લાંબા અને ૨.૫ મિલીગ્રામ વજન ધરાવે છે.એક લાખ વીસ હજાર મચ્છર તમારા શરીરનું સંપૂર્ણ લોહી પી શકે છે.!!

રાજુભાઇ. ડીએમસી સાહેબ ફાઇલ ડિસ્કશન માટે અબી ને અબી બોલાવે છે. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરના પીએ ચંદુ ચૌદસે ફોન પર રાજુને સૂચના આપી.સાહેબને કહેજો કે મિસ્ટર રદી ઈમ્પોર્ટન્ટ કામમાં બિઝી છે! આમ કહી રાજુએ ફોન પટક્યો . કેવળ ફાઈલો ઊભી કરવી, ફાઈલ ચિતરવી, મંજૂર થયેલા હુકમો ઈસ્યુ કરવા એ જ કામ થોડાં ગણાય?? માખી મારવી, મચ્છર મસળવા એ પણ સર્વોચ્ચ અગ્રતાના યુદ્ધના ધોરણે કરવાના તાકીદના કામો છે!!સાલ્લો., સાલ્લો એની જાતને શું સમજે છે?? આજ તો કાં તે નહીં કા હું નહીં!! રાજુ બબડ્યો.રાજુ રદી એસ્ટેટ ખાતામાં નોકરી કરે. કૂલરની ટાંકી , વોશબેસીન વગેરેમાં પુષ્કળ મચ્છર થાય! મચ્છરને લકઝુરિયસ બંગલા કરતાં પરિક્ષીતલાલની ચાલીમાં વધારે મજા આવે. ઓફ કોર્સ કરડવાની !! એને કયાં તમારી સાથે ડેટ પર જવું હોય?? કોર્પોરેટ ઓફિસ કરતા સરકારી કચેરી મચ્છરને મામાનું ઘર લાગે! દીવો બળે ત્યાં લગી ઓકે. દીવો બંધ ખાય કે બ્લડપાર્ટી શરૂ. તમારે પીવા માટે આબુ કે દીવદમણ જવું પડે. મચ્છરને લોહી પીવા દમણ ન જવું પડે. સરકાર દારૂબંધી કરે છે . પણ લોહી પીવાની બંધી કરે તો મચ્છર અને ઘરવાળી કમોતે મરી જાય!!!સાહેબ ચાય ગરમ ગરમ ચાય કેન્ટિન બોય કપમાં છલકાતીચા કરતા પણ ઉત્સાહથી છલકતા અવાજે ચા ચા ના પોકાર કરતો વકરાની આશાએ આવ્યો.,આના જીવનમાં એવી કઇ મોટી ખુશી ટકોરા મારતી હશે કે આટલો ઉત્સાહી રહેતો હશે??પંકજ એક મોટી પ્યાલી ભરી દે !! રાજુએ વીસ રૂપિયાની નોટ થમાવતા કહ્યું!!'પંકજે થરમોસમાંથી કપમાં ચા ભરી. ચાના શોખીન મચ્છર કપની ઉપર બેસી ચામાં તેની સૂંઢ બોળી રહ્યા હતા . રાજુની નજર તેના પર પડી. વિપક્ષી નેતા પર ઈડી વિદ્યુતિક ગતિએ દરોડા પાડે તેમ રાજુ કપ પર વગર વોરંટે ત્રાટક્યો . રાજુના અનપેક્ષિત આક્રમણથી પંકજ ચમક્યો.







# ડોર્ઝે – ઇથોપિયા
# વણાયેલી વાંસની ઝૂંપડીઓ

દક્ષિણ ઈથોપિયાના સ્થાનિક લોકોમાં વાંસ-વણાટનું કામ સદીઓથી થઈ રહ્યું છે. સ્થાનિક સ્તરે મળતાં વાંસ અને તેને વાપરવાની અદભુત કળાનો ઉપયોગ સ્થાનિક લોકો જીવનના દરેક ક્ષેત્રમાં એક યા બીજા સ્વરૂપે કરે છે. સ્થાપત્ય તેમાં અપવાદ ન હોઈ શકે. તેમાં પણ જયારે આવાસની વાત આવે, પરંપરાગત આવાસની વાત આવે, સાંસ્કૃતિક જીવનશૈલીને આધારિત આવાસની વાત આવે ત્યારે ત્યાંની વણાયેલી વાંસની ઝૂંપડીઓની વાત થાય એ સ્વાભાવિક છે.

ઈતિહાસમાં સ્થાન પામે એવી આ મહાન રચના નથી, પણ જે કંઈ મળી રહે તેનો ઉપયોગ કરી પોતાની જરૂરિયાત મુજબનું આવાસ બનાવવાની આ એક નોંધપાત્ર ઘટના છે. અહીં કોઈ પ્રકારની ભવ્યતા નથી, પણ વ્યક્તિ ગૌરવ અનુભવી શકે તેવી આ રચના છે. અહીં દૃશ્ય અનુભૂતિ માટે કોઈપણ પ્રકારનો વધારાનો પ્રયત્ન નથી, પણ આ રચનામાં મૂળભૂત સૌંદર્યની બાબતો વણાયેલી છે. અહીં દેખાવ માટેનું વિગતિકરણ નથી, પણ બનાવટમાં તકનીકી પારંગતતા વ્યક્ત થાય છે. અહીં વધારાનું કહી શકાય તેવું કશું જ નથી, પણ જરૂરિયાત સાથે કોઈ બંધછોડ પણ નથી. અહીં સાદગી છે, ઉપયોગિતા છે, અસરકારક અને કરકસરયુક્ત ઉપયોગ છે, સહજતા છે અને તે બધા સાથે સાંસ્કૃતિક યથાર્થતા છે.

આ વિસ્તારમાં વાંસના ઉપયોગથી જમીન ફરતી વાડ, ટોપલીઓ, વિવિધ પ્રકારના પાત્ર તથા રાચરચીલું તો બનાવવામાં આવે જ છે. આ માટે જે તકનીકનો ઉપયોગ કરવામાં આવે છે તે જ તકનીકને આધારે અહીં આવાસ બનાવાય છે. એટલાં માટે જ તેને ગૂંથાયેલા અથવા વણાયેલા વાંસના આવાસ કહેવાય છે. આ પ્રજા કપાસના દોરાના વણાટ કામ માટે પણ પ્રખ્યાત છે. વાંસના વણાટકામમાં તેઓએ તે જ્ઞાનનો પણ ઉપયોગ કર્યો છે જેને કારણે વાંસના આવાસની રચનામાં જાણે પરફેક્શન – નિપુણતા આવી જાય છે.

આ આવાસ રચનાની પ્રક્રિયામાં સૌપ્રથમ તો, યોગ્ય પ્રકારના વાંસની પસંદગી કરી તેને વિભાજિત કરી પટ્ટી જેવાં બનાવાય છે. આ પટ્ટીને પરસ્પર ગૂંથીને ઈચ્છિત આકારની સપાટી તૈયાર કરવામાં આવે છે. એ જ વખતે, સાથે સાથે વાંસના જ ઉપયોગથી એક માળખું ઊભું કરાય છે. આ માળખાના આધાર માટે જે વાંસ ઊભાં કરાય છે તેની વચ્ચે વાંસની પટ્ટીઓ ગૂંથીને ધીમે ધીમે આવાસનું આવરણ બનાવાય છે. પછી આ સમગ્ર રચનાને કેળાના પાંદડાથી આચ્છાદિત કરી તેને વ્યવસ્થિત મજબૂતાઈ અપાય છે. આ સમગ્ર માળખું આશરે સાત મીટર જેટલી ઊંચાઈએ પહોંચે છે. આ પ્રકારની રચનાનો ઘેરાવો પાંચથી આઠ મીટર જેટલો રહે છે.આજના સંદર્ભમાં કોઈ એક કુટુંબ માટે આ જગ્યા કદાચ ઓછી કહેવાય પણ ત્યાંની જીવનશૈલી પ્રમાણે તે યોગ્ય છે. એમ પણ કહી શકાય કે તેના ગોળ આકારને કારણે અંદરના ભાગથી તે એટલું ગીચ ન જણાય. આ સમગ્ર રચનામાં જરૂરિયાત પ્રમાણે પ્રવેશ રખાય છે. આ આવાસમાં નીચેની ફરસ માટી-છાણનાં લીપણથી તૈયાર કરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે આ સમગ્ર આવાસ દસ થી વીસ દિવસમાં તૈયાર થઈ જાય.અન્ય લાકડાં કરતાં વાંસમાં ઉધઈ સામે ટકી રહેવાની ક્ષમતા વધારે હોય છે. તે છતાં પણ અમુક સમય પછી આ આવાસના પાયા જે તે કારણોસર નબળાં થઈ શકે. એવા સંજોગોમાં પાયો અથવા તો આધાર ફરીથી બનાવાય છે અને બાકીની સામગ્રીનો ફરીથી ઉપયોગ કરી લેવાય છે. એક અંદાજ પ્રમાણે આ આવાસ આશરે એંશી વર્ષ સુધી પણ ટકી શકે. જોકે તે દાવો માનવો મુશ્કેલ છે. સામાન્ય સમજ પ્રમાણે આ પ્રકારના આવાસ આશરે ત્રીસ વર્ષ સુધી ટકી રહે. પછી તેને નવેસરથી બનાવવું પડે અથવા તો તે વધારે માવજત માગી લે.આ આવાસ રચનાની પ્રક્રિયામાં સૌપ્રથમ તો, યોગ્ય પ્રકારના વાંસની પસંદગી કરી તેને વિભાજિત કરી પટ્ટી જેવાં બનાવાય છે. આ પટ્ટીને પરસ્પર ગૂંથીને ઈચ્છિત આકારની સપાટી તૈયાર કરવામાં આવે છે. એ જ વખતે, સાથે સાથે વાંસના જ ઉપયોગથી એક માળખું ઊભું કરાય છે. આ માળખાના આધાર માટે જે વાંસ ઊભાં કરાય છે તેની વચ્ચે વાંસની પટ્ટીઓ ગૂંથીને ધીમે ધીમે આવાસનું આવરણ બનાવાય છે. પછી આ સમગ્ર રચનાને કેળાના પાંદડાથી આચ્છાદિત કરી તેને વ્યવસ્થિત મજબૂતાઈ અપાય છે. આ સમગ્ર માળખું આશરે સાત મીટર જેટલી ઊંચાઈએ પહોંચે છે. આ પ્રકારની રચનાનો ઘેરાવો પાંચથી આઠ મીટર જેટલો રહે છે.આજના સંદર્ભમાં કોઈ એક કુટુંબ માટે આ જગ્યા કદાચ ઓછી કહેવાય પણ ત્યાંની જીવનશૈલી પ્રમાણે તે યોગ્ય છે. એમ પણ કહી શકાય કે તેના ગોળ આકારને કારણે અંદરના ભાગથી તે એટલું ગીચ ન જણાય. આ સમગ્ર રચનામાં જરૂરિયાત પ્રમાણે પ્રવેશ રખાય છે. આ આવાસમાં નીચેની ફરસ માટી-છાણનાં લીપણથી તૈયાર કરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે આ સમગ્ર આવાસ દસ થી વીસ દિવસમાં તૈયાર થઈ જાય.અન્ય લાકડાં કરતાં વાંસમાં ઉધઈ સામે ટકી રહેવાની ક્ષમતા વધારે હોય છે. તે છતાં પણ અમુક સમય પછી આ આવાસના પાયા જે તે કારણોસર નબળાં થઈ શકે. એવા સંજોગોમાં પાયો અથવા તો આધાર ફરીથી બનાવાય છે અને બાકીની સામગ્રીનો ફરીથી ઉપયોગ કરી લેવાય છે. એક અંદાજ પ્રમાણે આ આવાસ આશરે એંશી વર્ષ સુધી પણ ટકી શકે. જોકે તે દાવો માનવો મુશ્કેલ છે. સામાન્ય સમજ પ્રમાણે આ પ્રકારના આવાસ આશરે ત્રીસ વર્ષ સુધી ટકી રહે. પછી તેને નવેસરથી બનાવવું પડે અથવા તો તે વધારે માવજત માગી લે.આ આવાસમાં વાંસની આ રચનાને કારણે તેની કિમત ઓછી રહે છે, આ પ્રકારની રચનાની બનાવટ ત્યાંની પ્રજાને અનુકૂળ છે,.

**પશ્ચિમ રેલવે**
**કાટમાળ ઉપાડવા અને કાટમાળ, ઘાસ દૂર કરવા**
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6ઠો માળ, એન્જી. વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008, આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નોટિસ નંબર: BCT/25- 26/18, તારીખ: 16.04.2025. કાર્ય અને સ્થાન: વિરાર - જોરાવાસન વિભાગ: સિનિયર ડેન/નોર્થના અધિકારક્ષેત્રમાં બે વર્ષ માટે કાટમાળ, ઘાસ વગેરે ઉપાડવાનું અને દૂર કરવાનું. આશરે. કામની કિંમત: રૂ.77,93,577.48. ઈએમડી: રૂ.1,55,900/-. સબમિશનની તારીખ અને સમય: 13.05.2025, 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય.13.05.2025 ના રોજ 15:30 કલાકે વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો ૦૦૯૦
અમને લાઈક કરો : facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**સિગ્નલિંગ કામો**
સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (દક્ષિણ), બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 આમંત્રણ આપે છે,ઈ-ટેન્ડર નંબર SG_217_2_309_1_WA, તારીખ: 16.04.2025. કાર્ય અને સ્થાન: મુંબઈ વિભાગના ચર્ચગેટ વિરાર વિભાગમાં ચોમાસાની તૈયારી સંબંધિત અ થગ, બોન્ડિંગ, સર્જ અને લાઈટનિંગ પ્રોટેક્શન સિસ્ટમ્સ અને અન્ય વિવિધ કાર્યો સહિત હાલના સિગ્નલિંગ ઈન્સ્ટોલેશનનો પુરવઠો, સ્થાપન, પુનર્વસન, પરીક્ષણ અને કમિશનિંગ. આશરે. કામની કિંમત: રૂ.2,42,97,491.92. ઈએમડી: રૂ.2,71,500/-. સબમિશનની તારીખ અને સમય: 08.05.2025, 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય: 08.05.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો ૦૦૫૮
અમને લાઈક કરો : facebook.com/WesternRly

તંત્રી લેખ...

શનિવાર, તા.૧૯ એપ્રિલ ૨૦૨૫

## ધનખડના સવાલ

તમિલનાડુના રાજ્યપાલ તરફથી વિધાનસભાથી પસાર વિધેયકોને રોકવા પર સુપ્રીમ કોર્ટના હાલના ચુકાદાએ જે ચર્ચા શરૂ કરી હતી, તેને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની એ કઠોર ટિપ્પણી વધુ ગરમાવશે કે ન્યાયપાલિકા ‘સુપર સંસદ’ બનવાની કોશિશ ન કરે. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલોને વિધેયકો પર ત્રણ મહિનામાં ફેંસલો લેવાનો આદેશ આપતાં એમ પણ કહ્યું હતું કે જો રાજ્યપાલ કોઇ વિધેયકને ગેરબંધારણીય માનતાં રાષ્ટ્રપતિ પાસે મોકલે તો તેઓ ન્યાયપાલિકાની સલાહ લે, તેથી એ સવાલ ઊભો થયો કે તેને આવો આદેશ આપવાનો અધિકાર છે? આ સવાલ એટલા માટે પણ ઊઠ્યો, કારણ કે ચુકાદો સુપ્રીમ કોર્ટની બે સદસ્યોની પીઠે આપી દીધો, નહીં કે બંધારણીય પીઠે! આ સવાલ વચ્ચે એવા સંકેત આપવામાં આવ્યા કે સરકાર આ ચુકાદાની સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટ જઈ શકે છે. સરકાર સુપ્રીમ કોર્ટ જશે કે નહીં, આ પ્રશ્ન એની જગ્યાએ ઊભો જ રહેશે કે શું સુપ્રીમ કોર્ટ રાજ્યપાલોને વિધેયકો પર નિર્ણય લેવા માટે સમયસીમામાં બાંધતાં રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે? આ પ્રશ્ન વચ્ચે એની અવગણના ન થવી જોઈએ કે આ આદર્શ સ્થિતિ નથી કે રાજ્યપાલ વિધેયકો પર કોઈ નિર્ણય લીધા વિના તેમને લાંબા સમય સુધી દબાવી રાખે. એ સામાન્ય વાત નથી કે તમિલનાડુના રાજ્યપાલ લગભગ એક ડઝન વિધેયકો રોકીને બેઠા હતા. તેમાંથી કેટલાક વર્,ો પહેલાં પસાર કરવામાં આવ્યા હતા. એવું નહોતું થવું જોઈતું.

રાજ્યપાલે ગુણ-દોષના આધાર પર વિધેયકો પર કાં તો ખુદ નિર્ણય લેવો જોઈએ કે પછી તેને રાષ્ટ્રપતિ પાસે મોકલવા જોઈએ. વિધેયક દબાવીને બેસવાનો અર્થ છે, રાજ્ય સરકારના શાસન કરવાના અધિકાર અને જનતાના હિતોની અવગણના કરવી. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર ઉપરાષ્ટ્રપતિ ધનખડના વાંધાનો પોતાનો આધાર હોઈ શકે છે, પરંતુ એ પણ ઠીક નથી કે રાજ્યપાલ વિધેયકો પર નિર્ણય જ ન લે. મહત્ત્વપૂર્ણ અને રાજ્યપાલ જેવા બંધારણીય પદો પર બેઠેલા લોકો પાસે એ જ અપેક્ષિત હોય છે કે તેઓ સમય પર નિર્ણય લે. જ્યારે એવું નથી, ત્યારે જ સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરાનો મોકો મળે છે, પરંતુ એ પણ ન થવું જોઈએ કે તે હસ્તક્ષેપના નામે પોતાના અધિકારોના દાયરાથી બહાર જતી દેખાય. સુપ્રીમ કોર્ટે રાજ્યપાલો સાથે રાષ્ટ્રપતિને જ સમયસીમામાં નથી બાંધ્યા, બલ્કે તમિલનાડુના એ વિધેયકોને મંજૂરી પણ આપી દીધી, જેને રાજ્યપાલે રોકી રાખ્યાં હતાં. આના પહેલાં આવું ક્યારેય નથી થયું. આ પહેલી વાર નથી, જ્યારે અધિકારોને લઈને ન્યાયપાલિકા, કાર્યપાલિકા અને વિધાયિકામાં તકરાર થઈ હોય. આવી તકરાર ત્યાં સુધી થતી રહેશે, જ્યાં સુધી આ ત્રણેય પોતાનું કામ સમય પર અને યોગ્ય રીતે નહીં કરે અને તેનાં દુષ્પરિણામ ભોગવે છે જનતા.

## ડ્રગ્સના વેપાર સામે આરપારની લડાઈનો સમય

ભીષણ આતંકી હુમલાઓ માટે ઘાતક શસ્ત્રો ઘુસાડવા પાકિસ્તાને જે રીતે સાગરકિનારાનો, ભૌગોલિક રચનાનો દુરુપયોગ કર્યો હતો તેવી જ રીતે છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સ-કેફી પદાર્થો ઘુસાડવા માટે પણ ગુજરાત-સૌરાષ્ટ્રની દરિયાઈ પટ્ટીને મોકળો માર્ગ માની રહ્યા છે. રવિવારની મધરાત અને સોમવારની સવાર વચ્ચે ફરી એકવાર પોરબંદર પાસેથી ડ્રગ્સ ઘુસાડવાનો અને દક્ષિણ ભારતમાં મોકલવાનો પ્રયાસ આ માફિયાઓએ કર્યો હતો. જોકે ’એન્ટિ ટેરેરિસ્ટ સ્કવૉડ’ અને ’કોસ્ટગાર્ડે’ તેમનો આ મનસુબો તો નિષ્ફળ બનાવી દીધો પરંતુ ચિંતા વધારે તેવી વાત એ છે કે જો બન્ને એજન્સીઓ સમયસર પહોંચી હોત નહીં તો ૧૮૦૦ કરોડ રૂપિયાનું ૩૦૦ કિલો ડ્રગ્સ ગુજરાતના સાગરકાંઠાના માધ્યમથી તામિલનાડુ અને શ્રીલંકા પહોંચી ગયું હોત. કેફી પદાર્થોનો જથ્થો જપ્ત થવાની ઘટના હવે સૌરાષ્ટ્ર-ગુજરાતના દરિયાઈ વિસ્તાર માટે નવી નથી, ગુનાખોરીની શ્રેણીમાં બહુ ઓછા સમયમાં આ બનાવો આવી જાય તો નવાઈ નહીં તેટલી હદે ડ્રગ્સનો જથ્થો ઝડપાય છે. કહેવાય છે કે આપણો દરિયાકાંઠો તો ફક્ત રૂટ- માધ્યમ છે, પાકિસ્તાનના ડ્રગ્સ માફિયાઓ ઈરાન તરફથી આવતો માલ મુંબઈ, ગોવા, તામિલનાડુ કે પછી કર્ણાટક સુધી પહોંચાડે છે. માછીમારી માટેની પાકિસ્તાની બોટ માટે દ્વારકા કે પોરબંદર પાસેનો જળમાર્ગ સરળ માર્ગ છે. જોકે, આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઘુસાડાય તે અન્ય રાજ્યો ઉપરાંત ગુજરાત માટે પણ હોઈ શકે. એટીએસ અને કોસ્ટગાર્ડે જે કાર્યવાહી કરી તેની પ્રશંસા કરીએ. આ એજન્સીઓ જીવના જોખમે કામ કરે છે તે નોંધપાત્ર છે. જે સામાન જપ્ત થયો તે પાકિસ્તાની ડ્રગ માફિયા ’ફિદા’નો છે અને તામિલનાડુની બોટને આપવા માટે હતો. એટીએસને મળેલી બાતમીના આધારે જપ્ત થયો પણ અગાઉની જેમ આ હેરફેર કરનારા તો હાથ નથી જ લાગ્યા. મધદરિયે ૩૦૦ કિલો ડ્રગ્સ ફેંકીને બોટ પાકિસ્તાન તરફ જતી રહી. આ પ્રવૃત્તિ આતંકવાદી હુમલાથી ઓછી ગંભીર નથી. એટીએસના સૂત્રો સત્તાવાર રીતે કહે છે કે વર્ષ ૨૦૧૮થી ૨૦૨૫ના એપ્રિલ માસ સુધીમાં એટલે કે આઠ વર્ષ દરમિયાન ૫૪૫૪.૭૫૬ કિલો ડ્રગ્સ આવી રીતે રોકાયું અને જપ્ત કરાયું છે જેની આંતરરાષ્ટ્રીય કિંમત ૧૦,૨૭૭.૧૨ કરોડ થાય છે. પાકિસ્તાનની આ પણ એક પરોક્ષ લડાઈ છે તેવું પણ સુરક્ષા નિષ્ણાતો અનેકવાર કહી ચૂક્યા છે. ૨૦૧૮થી ૨૦૨૫ સુધીમાં ગુજરાતના દરિયામાં ડ્રગ્સની હેરફેર બદલ ૧૬૩ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેમાં ૭૭ પાકિસ્તાની નાગરિકો તથા ૩૪ ઈરાની, ચાર અફઘાની, બે નાઈજીરિયન તથા ૪૬ ભારતીયો હતા. આ મામલામાં પાકિસ્તાનના ડ્રગ માફિયા ફિદાનું નામ સામે આવ્યું છે. સરહદે લડવામાં નિષ્ફળ રહેનાર પાકિસ્તાન શસ્ત્રો કે આતંકીઓ ઘુસાડે છે તેમ આ કેફી પદાર્થ ઘુસાડે છે. આતંકી હુમલાની અસર તો એક નિશ્ચિત વિસ્તારમાં થાય પરંતુ આ ઝેરનો કારોબાર આખા દેશમાં ઝડપથી ફેલાઈ શકે. મહાનગરોમાં, જ્યાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાનો આવેલાં છે ત્યાં તેનો વપરાશ થાય પણ છે. આ સ્થિતિમાં જે લડાઈ આ એજન્સીઓ, સ્થાનિક સુરક્ષાતંત્ર લડે છે તે વધારે સંગીન બનાવવી પડશે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું છે કે મોદી સરકાર ડ્રગ્સના નેટવર્કને ખતમ કરી રહી છે. વિપક્ષે સ્વાભાવિક રીતે જ વિપરીત આક્ષેપ કર્યા છે. આ મુદ્દો જોકે દાવા-પ્રતિદાવાનો નથી. ફક્ત નો ડ્રગ્સ જેવાં સૂત્રો અને યોજાતી દોડ કે કૉલેજોમાં ભાષણો કરવાથી કશું નહીં થાય. શહેરોમાં ક્યાંય આ પદાર્થોનું વેચાણ થતું હોય તે અલગ દળ રચીને તેના ઉપર આક્રમક અભિયાન હવે અનિવાર્ય છે. સરહદે કાર્યવાહી થાય જ છે તેને વધારે સઘન કરવી પડે. આતંકવાદી અને નક્સલવાદીઓની જેમ ડ્રગ્સના આતંકને ખતમ કરવાનો સમય પાકી ગયો છે.

ભારતનું બંધારણ એક એવું માળખું અપનાવે છે

# ભારતથી અલગ થવાની વેતરણમાં છે તમિલનાડુ?

૧૮૬૨નું વર્ષ, જ્યારે અબ્રાહમ લિંકન અમેરિકાના રાષ્ટ્રપતિ હતા. એ જ સમયે સાઉધર્ન સ્ટેટ્સ મળીને બળવો કરી દે છે. પોતાની આઝાદીની માંગ કરે છે. તેમણે ખુદને આઝાદ જાહેર કરી દીધા હતા. અબ્રાહમ લિંકનને લોકતંત્રના બહુ મોટા નેતા માનવામાં આવતા. તેમણે સેના મોકલી અને પછી સખ્તાઈથી તમામ સ્ટેટ્સની અક્કલ ઠેકાણે લાવી દીધી! કટ ટૂ ૨૦૧૯, અમેરિકાથી ૧૨ હજાર કિલોમીટર દૂર ભારત. જ્યારે જમ્મુ-કાશ્મીર પાસે કલમ ૩૭૦, ૩૫-એ અંતર્ગત વિશેષ અધિકાર હતા, ત્યારે કઈ રીતે જમ્મુ-કાશ્મીરની સત્તા ચાલતી હતી, એ બધાએ જોયું. કલમ ૩૭૦, ૩૫-એ હટી અને આજે કાશ્મીર ફરી એક વખત વિકાસની મુખ્યધારા પર ચાલી રહ્યું છે. પરંતુ એક એવું રાજ્ય છે જ્યાં ૨૦૨૬માં વિધાનસભા ચૂંટણીઓ થવાની છે અને ત્યાંના મુખ્યમંત્રીએ એક પ્રસ્તાવ પસાર કર્યો છે, તેને હજુ વધારે શક્તિઓ જોઈએ છે. આજે આપણે ભારતમાં એક અનોખા પ્રકારના વિવાદની ચર્ચા કરીશું. ભારતની જ્યારે પણ વાત થાય છે તો બંધારણના અનુચ્છેદ-૧ને વાંચવો જરૂરી હોય છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ‘ઇન્ડિયા ધેટ ઇઝ ભારત શેલ બી અ યુનિયન ઓફ સ્ટેટ્સ’ એટલે કે ભારત રાજ્યોનો એક સંઘ હશે. અહીં યુનિયન ઓફ સ્ટેટને કારણે જ ભારતમાં આજે ૨૮ રાજ્ય અને ૮ યુનિયન ટેરિટરી મળીને ભારતનું નિર્માણ કરે છે. અહીં જે સ્ટેટવાળી વાત છે, તેમાં સમજવું જરૂરી છે કે ભારત વિભાજ્ય રાજ્યોનો અવિભાજ્ય સંઘ છે. મતલબ આપણું એક એવું યુનિયન છે જેને તોડી ન શકાય. પરંતુ રાજ્યોને તોડી શકાય છે, જેનાથી ભારતે આંધ્રમાંથી તેલંગણા અને ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડનું નિર્માણ કર્યું. ઠીક એ જ પ્રકારે ભારતની અંદર સંઘને તોડી ન શકાય. એટલે કે ભારત રાજ્યોનો એક સંઘ છે જે તૂટી ન શકે. એવામાં ભારતની પૂર્વ તરફ બેઠેલું પશ્ચિમ બંગાળ અને દક્ષિણ તરફ બેઠેલું તમિલનાડુ હાલના સમયમાં વંકાયેલાં રાજ્યો છે.વાત જો પશ્ચિમ બ ંગાળની કરીએ તો હાલમાં જ પશ્ચિમ બંગાળનાં મુખ્યંત્રી મમતા બેનર્જીએ એમ કહીને બધાને ચોંકાવ્યા કે કેન્દ્ર દ્વારા સંસદમાં પસાર વક્ફ કાયદાને રાજ્યમાં લાગુ નહીં કરાય. તેમની દલીલ છે કે આ કાયદો કેન્દ્ર સરકારે બનાવ્યો છે, નહિ કે રાજ્ય દ્વારા. એક રાજ્યના વડા હોવાના નાતે કેન્દ્ર સાથે અને સંસદ સાથે કહેવાયેલી વાતો પર આ પ્રકારનું વર્તન શું કાયદાની કસોટી પર ખરું ઉતરે છે? આ તરફ દક્ષિણમાં તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને રાજ્યની સ્વાયત્તતાને મજબૂત કરવા માટે એક ઉચ્ચસ્તરીય સમિતિ બનાવવાનું એલાન કર્યું છે. અહીં ઉલ્લેખનીય વાત એ છે કે ઓટોનોમસ સ્ટેટ રાજ્ય કેન્દ્ર સાથે ન રહેતાં પોતાની સ્વતંત્ર ઓળખ લઈને આગળ વધે.

ભારતનું બંધારણ એક એવું માળખું અપનાવે છે, જેમાં વિધાયી શક્તિઓ ત્રણ યાદીઓમાં વિભાજિત છે, ૧. યુનિયન લીસ્ટ - માત્ર સંસદને કાયદો બનાવવાનો અધિકાર, ૨. સ્ટેટ લીસ્ટ - માત્ર રાજ્ય વિધાનસભાઓને અધિકાર, ૩. કન્કરંટ લીસ્ટ - કેન્દ્ર અને રાજ્ય બંનેને કાયદો બનાવવાનો અધિકાર. પરંતુ અુચ્છેદ ૨૫૪ અનુસાર ટકરાવની સ્થિતિમાં સંસદના કાયદાને મહત્ત્વ મળે છે.

મોટો સવાલ એ છે કે શું કોઈ રાજ્ય પોતાની સ્વતંત્ર ઓળખ સાથે આગળ નીકળી શકે છે? જોવાની વાત એ છે કે કોઈ રાજ્ય એવું સંભવ છે કે જેની પોતાની અલગ ઓળખ હોય, બિલકુલ એવી, જેવી ક્યારેક જમ્મુ-કાશ્મીર કલમ ૩૭૦ના માધ્યમથી ખુદને અલગ માનતું હતું. શું રાજ્ય તમિલનાડુ કેન્દ્ર કે પછી અન્ય રાજ્યો સાથે ખુશ નથી, કે પછી દેશથી અલગ થવાની કોઈ નીતિ લાવવામાં આવી રહી છે? મુખ્યમંત્રી સ્ટાલિનનું કહેવું છે કે કેન્દ્ર દ્વારા રાજ્યોના અધિકારોને ધીમે ધીમે છીનવાઇ રહ્યા છે. આ માત્ર તમિલનાડુ નહીં, આખા ભારતનાં રાજ્યોના અધિકારોની રક્ષા માટે છે. તેમણે કહ્યું તમિલનાડુનો અવાજ રાજ્યોની સ્વાયત્તતા પર ચર્ચાનો પહેલો અવાજ હશે. સમિતિ કેન્દ્ર અને રાજ્યોના સંબંધોની સમીક્ષા કરશે. રાજ્યોના અધિકાર કેવી રીતે ઓછા થઈ રહ્યા છે, તે જોશે. જે વિષય પહેલાં રાજ્યોના અધિકારમાં હતા, પરંતુ હવે કેન્દ્ર પાસે ચાલ્યા ગયા છે, તેને પાછા રાજ્યોને કેવી રીતે આપી શકાય તેના પર સલાહ આપશે અને જાન્યુઆરી ૨૦૨૬ સુધી વચગાળાનો અને ૨ વર્ષમાં અંતિમ રિપોર્ટ સોંપશે.

તમિલનાડુ સરકાર ચાહે તે ભાષાનો મુદ્દો હોય, નીટ સાથે જોડાયેલ કેસ કે પછી રાજ્યપાલ સંબંધિત વિષય છે. ડીએમકે દ્વારા શાસિત આ રાજ્ય આજે કેન્દ્ર સરાર સાથે એ રીતે વિવાદમાં ફસાયેલું છે કે તે કંઈક અલગ કરી દેખાડવાની કોશિશમાં કોઈપણ હદ સુધી જવા તૈયાર જણાઈ રહ્યું છે. શું ભારતને ા રીતે કોઈ રાજ્ય છોડીને જઈ શકે? શું કોઈ રાજ્ય પોતાની સ્વતંત્ર સત્તા ચલાવી શકે?તમિલનાડુએ ૧૯૬૯માં એક રાજ્ય મન્નાર કમિશન બનાવ્યું હતું. તેનો હેતુ પણ એ જ હતો કે સ્વાયત્તતા વધુને વધુ રાજ્યોને આપવામાં આવે. ૧૯૭૭માં વેસ્ટ બંગાલ મેમોરેન્ડમ બંગાલ સરકારે જારી કર્યું હતું. એટલે કે સ્વાયત્તતાની માંગ સમયે સમયે ઉઠતી રહે છે. પરંતુ બંધારણમાં સાતમી અનુસૂચિ છે અને તેની અંતર શક્તિઓની વહેંચણી છે. જેને આપણે કેન્દ્ર સૂચિ અને રાજ્ય સૂચિ કહીએ છીએ. અહીં ઉલ્લેખનીય છે કે બંગાળ સરકારે એકવાર કહ્યું હતું કે કેન્દ્ર સચિના ૧૦૦થી વધારે વિષયોમાંતી ત્રણ-ચારને છોડી દઈએ તો બાકી રાજ્ય સુચિમાં ટ્રાન્સપર કરવામાં ાવે. આ એવું જ છે જેમ જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હતી. અમારા રાજ્યોમાં અમે નક્કી કરીશું કે આરટીઆઇ અહીં લાગુ થશે કે નહીં, ભારત સરકારના આઇએએસ અહીં આવશે કે નહીં! મતલબ અહીંના કાયદા અલગ અને આખા દેશના કાયદા અલગ હશે!

સાતમું, નૈનાર નાગેન્દ્રનને ભાજપના રાજ્ય એકમના નવા અધ્યક્ષ પસંદ કરવામાં આવ્યા છે.

# શા માટે ભારતના એન્જિનિયરો રોજગારથી વંચિત રહે છે?

પાંચમું, સમગ્ર શિક્ષા અભિયાન માટે કેન્દ્ર દ્વારા તમિલનાડુને ધનરાશિ નથી ફાળવવામાં આવી.

ભારતમાં દર વર્ષે લગભગ ૧૫ લાખ એન્જિનિયરો તૈયાર થાય છે, જે વિશ્વમાં સૌથી મોટી સંખ્યાઓમાંની એક છે. જોકે, આ વિદ્યાર્થીઓમાંથી મોટાભાગના રોજગાર મેળવવામાં અસફળ રહે છે. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AitÍToE) અને અન્ય સંસ્થાઓના અહેવાલો અનુસાર, એન્જિનિયરિંગ સ્નાતકોમાંથી માત્ર ૪૦-૫૦% જ નોકરી મેળવી શકે છે, અને તેમાંથી પણ ઘણા ઓછા પગારની નોકરીઓમાં કામ કરે છે. આ સ્થિતિ એક મોટો પ્રશ્ન ઉભો કરે છેઃ શા માટે આટલી મોટી સંખ્યામાં એન્જિનિયરો હોવા છતાં રોજગારનું પ્રમાણ ઓછું છે?

ભારતમાં એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓના ઓછા રોજગારનું મુખ્ય કારણ શિક્ષણની ગુણવત્તા અને ઔદ્યોગિક જરૃરિયાતો વચ્ચેનું અંતર છે. મોટાભાગના એન્જિનિયરિંગ કોલેજોમાં અભ્યાસક્રમ જૂનો છે અને તે આધુનિક તકનીકી પ્રગતિ, જેમ કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ કે સેમિકન્ડક્ટર ડિઝાઇન સાથે સુસંગત નથી. એક અભ્યાસ મુજબ, ભારતમાં ૮૦% એન્જિનિયરિંગ સ્નાતકો ઉદ્યોગો માટે જોબ-રેડી નથી, કારણ કે તેમની પાસે પ્રાયોગિક કૌશલ્યો અને નવીનતાનો અભાવ હોય છે. આ ઉપરાંત, શિક્ષકોની ગુણવત્તા, અપૂરતાં સાધનો અને ઇન્ટર્નશિપની તકોનો અભાવ પણ આ સમસ્યાને વધારે છે. ઘણા વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રી મેળવવા માટે ભણે છે, પરંતુ તેમની પાસે ઉદ્યોગોની માંગ પૂરી કરવાની ક્ષમતા હોતી નથી.

ભારતીય એન્જિનિયરો ઔદ્યોગિક ક્ષેત્રોની જરૃરિયાતો પૂરી કરી શકતા નથી, કારણ કે શિક્ષણ પ્રણાલી અને ઉદ્યોગો વચ્ચે સંકલનનો અભાવ છે. ઉદાહરણ તરીકે, ભારતમાં સેમિકન્ડક્ટર, એરોસ્પેસ અને રિન્યુએબલ એનર્જી જેવા ક્ષેત્રોમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો છે, પરંતુ આ ક્ષેત્રો માટે ખાસ કૌશલ્યોની જરૂર હોય છે, જે શિક્ષણ સંસ્થાઓ પૂરી પાડતી નથી. નેશનલ એસોસિએશન ઓફ સોફ્ટવેર એન્ડ સર્વિસ કંપનીઝ (ગ્દઇછજીજીર્ઝસ)ના એક અહેવાલ મુજબ, ભારતીય ટેક ઉદ્યોગને ૨૦૨૫ સુધીમાં ૨ લાખથી વધુ કુશળ એન્જિનિયરોની જરૃર પડશે, પરંતુ હાલની સિસ્ટમ આ માંગને પહોંચી વળવામાં નિષ્ફળ રહી છે. આ ઉપરાંત, ભારતમાં ઇ શ્ઢ (સંશોધન અને વિકાસ) પર જ્ઞ્ઁના માત્ર ૦.૭% ખર્ચ થાય છે, જ્યારે ચીન ૨.૪% અને અમેરિકા ૩.૪% ખર્ચે છે. આનાથી નવી ટેક્નોલોજી વિકસાવવાની ક્ષમતા ઘટે છે, જે એન્જિનિયરોને આધુનિક ઉદ્યોગો માટે તૈયાર કરવામાં અડચણરૃપ બને છે.

કેટલાક સંશોધનો આ સમસ્યાને વધુ સ્પષ્ટ કરે છે. એસ્પાયરિંગ માઇન્ડ્સના નેશનલ એમ્પ્લોયબિલિટી રિપોર્ટ (૨૦૨૨) મુજબ, ભારતમાં ૬૦% એન્જિનિયરિંગ સ્નાતકો પાસે મૂળભૂત કોડિંગ કૌશલ્યોનો પણ અભાવ હોય છે, જે આઇટી

ઉદ્યોગ માટે જરૃરી છે. બીજી તરફ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (itit?) જેવી ઉચ્ચ સંસ્થાઓમાંથી નીકળતા એન્જિનિયરોની રોજગારીનો દર ૯૦%થી વધુ છે, જે દર્શાવે છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પ્રાયોગિક તાલીમ રોજગારીમાં મહત્વની ભૂમિકા ભજવે છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના એક અભ્યાસમાં જણાયું કે ભારતમાં ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ લિંકેજનો અભાવ એન્જિનિયરોની કૌશલ્ય વિકાસમાં સૌથી મોટો અવરોધ છે, જેના કારણે ઉદ્યોગોને વિદેશી કંપનીઓ પર નિર્ભર રહેવું પડે છે.

ભારતમાં ઇન્ડસ્ટ્રી અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહયોગનો અભાવ એક મોટી સમસ્યા છે. મોટાભાગની એન્જિનિયરિંગ કોલેજો ઉદ્યોગો સાથે સીધો સંપર્ક ધરાવતી નથી, જેના કારણે વિદ્યાર્થીઓને વાસ્તવિક દુનિયાની સમસ્યાઓનો અનુભવ નથી મળતો. ઉદ્યોગો પણ શિક્ષણ સંસ્થાઓમાં રોકાણ કરવામાં રસ દાખવતા નથી, કારણ કે તેમને તાત્કાલિક લાભ જોઈએ છે. આ ઉપરાંત, સરકારી નીતિઓમાં પણ ઉદ્યોગો અને સંસ્થાઓને જોડવા માટે પૂરતાં પ્રોત્સાહનો નથી. જર્મની જેવા દેશોમાં, ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ લિંકેજ મજબૂત હોવાથી એન્જિનિયરોની રોજગારીનો દર ઘણો ઊંચો છે, જે ભારત માટે એક ઉદાહરણ બની શકે છે.ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ લિંકેજ વધારવાની ખૂબ જરૃર છે તથા અભ્યાસક્રમો નિષ્ણાતોની સલાહ અનુસાર અધતન બનાવવા જોઈએ. દરેક વિદ્યાર્થીને ફરજિયાત ઇન્ટન્સીપ અને ઉદ્યોગ આધારિત પ્રોજેક્ટ આપવા જોઈએ.ઉદ્યોગોને શિક્ષણ સંસ્થાઓમાં રોકાણ કરવા માટે ટેક્સ લાભ અને સબસિડી આપવી જોઈએ. નવા સ્ટાર્ટઅપ ને પ્રોત્સાહન આપવા જોઈએ. સરકારે ઇશ્ઢ એક્ટિવિટી માટે વધારે ભંડોળ પૂરું પાડવું જોઈએ અને નવી ટેકનોલોજી નો વિકાસ થાય તે માટે જરૃરી ફંડ યોગ્ય સમયે આપવા જોઈએ.ૈં?જ અનેૈસ્જ જેવી સંસ્થાઓના મોડલનું અનુકરણ કરી, ઉદ્યોગો સાથે સંયુક્ત તાલીમ કાર્યક્રમો શરૃ કરવા જોઈએ.

આ ઉપાયોથી ઘણા ફાયદા થશે. પ્રથમ, વિદ્યાર્થીઓને ઉદ્યોગોની જરૃરિયાતો પ્રમાણે કૌશલ્યો મળશે, જેનાથી રોજગારીની શક્યતા વધશે. બીજું, ઉદ્યોગોને કુશળ માનવબળ મળશે, જે ઉત્પાદકતા અને નવીનતામાં વધારો કરશે. ત્રીજું, દેશમાં સંશોધન અને ટેક્નોલોજીકલ વિકાસને પ્રોત્સાહન મળશે, જે ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવશે. ચોથું, ઓછા પગારની નોકરીઓ કે બેરોજગારીની સમસ્યા ઘટશે, જે યુવાનોના જીવનધોરણને સુધારશે.

નિષ્કર્ષ- ભારતમાં એન્જિનિયરિંગ શિક્ષણ અને રોજગાર વચ્ચેનું અંતર એક ગંભીર સમસ્યા છે, જેનું મૂળ શિક્ષણની ગુણવત્તા, ઔદ્યોગિક જરૃરિયાતો સાથેનું અસંગતતા અને ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ લિંકેજના અભાવમાં રહેલું છે. સંશોધનો દર્શાવે છે કે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પ્રાયોગિક તાલીમ આ સમસ્યાને હલ કરી શકે છે. ઇન્ડસ્ટ્રી-ઇન્સ્ટિટ્યૂટ લિંકેજ વધારવાથી ન માત્ર એન્જિનિયરોની રોજગારી વધશે, પરંતુ દેશનો આર્થિક અને ટેક્નોલોજીકલ વિકાસ પણ ઝડપી બનશે. આ માટે સરકાર, શિક્ષણ સંસ્થાઓ અને ઉદ્યોગોના સંયુક્ત પ્રયાસો જરૃરી છે, જેથી ભારતના યુવાનો માત્ર ડિગ્રીધારક નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક એન્જિનિયર બની શકે.


સવાલ છે, હાલની વ્યવસ્થામાં સુધાર કઈ રીતે લાવવામાં આવે?

# ગંભીર કેસોમાં ન્યાયાધીશો પાસે વધુ સંવેદનાની આશા

**અસલમાં ભારતીય ન્યાયપાલિકામાં ત્રણ સ્તર (નીચલી, ઉચ્ચ અને સર્વોચ્ચ અદાલત)વાળી વ્યવસ્થા એટલા માટે બનાવવામાં આવી, કારણ કે એ માનવામાં આવ્યું તું**

હાલમાં એવી ઘટનાઓ વધતી દેખાઈ રહી છે, જેમાં હાઈકોર્ટો સંવેદનહીન ટિપ્પણી કરે છે અને સર્વોચ્ચ અદાલત તેની ઝાટકણી કાઢે છે. ગત દિવસોમાં અલ્હાબાદ હાઈકોર્ટમાં બળાત્કારના એક કેસની સુનાવણી દરમ્યાન કહેવામાં આવ્યું કે ફરિયાદકર્તાએ પોતે જ મુસીબત નોંતરી, જેના પર સર્વોચ્ચ ન્યાયાલયે વાંધો ઉઠાવ્યો. આરોપીના બોલાવવાથી કોઈ યુવતીનું તેના ઘરે જવું માત્ર ઔપચારિકતા છે, આમંત્રણ નહીં. સ્ત્રી-પુરુષ સાથે ખાય-પીવે, વાતો કરે, એક સાથે બેસી શકે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે પુરુષ સહમતિ વિના યૌનાચાર (અપરાધ) કરે અને જો એવું થાય છે તો અદાલતનું કામ છે કે તે યોગ્ય સજા સંભળાવે. પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટ એ આશા પર ખરી ન ઉતરી શકી. ૧૭ માર્ચે તેણે એક અન્ય કેસની સુનાવણી કરતાં કહ્યું હતું કે કોઈ મહિલાના સ્તન પકડવા કે તેની સલવારનું નાડું ખેંચવું બળાત્કારની દાનત સાબિત કરવા માટે પૂરતું નથી! આ તો ભયાવહ ટિપ્પણી હતી, જેની સ્વાભાવિક જ સાર્વજનિક નિંદા થઈ. નવા કાયદામાં એવું કરવું દુષ્કર્મની કોશિશ માનવામાં આવ્યું છે.


અસલમાં ભારતીય ન્યાયપાલિકામાં ત્રણ સ્તર (નીચલી, ઉચ્ચ અને સર્વોચ્ચ અદાલત)વાળી વ્યવસ્થા એટલા માટે બનાવવામાં આવી, કારણ કે એ માનવામાં આવ્યું તું કે એક જ સ્તર પર હોવાથી તથ્યોને એકત્ર કરવા, તેની વ્યાખ્યા કરવી અને અંતિમ ચુકાદો આપવો ઘણું મુશ્કેલ થઈ શકે છે. આ કોઈ



એકકોર્ટથી સંભવ નથી. તેથી નીચલી અદાલતોમાં પોલીસની મદદથી તથ્યો (પુરાવા) એકત્ર કરવામાં આવે છે અને એક નિશ્ચય પર પહોંચીને ફેંસલો આપવામાં આવે છે. જ્યારે, ઉચ્ચ ન્યાયાલયમાં તમામ તથ્યોને કાયદાના ત્રાજવા પર તોલીને, અલગ-અલગ ચિંતન પ્રક્રિયા દ્વારા ન્યાય કરવામાં આવે છે. અસલમાં દરેક વ્યક્તિની પ્રતિભા અને તેનો પરિવેશ અલગ હોય છે. લાલન-પાલન અને પૃષ્ઠભૂમિને કારણે જ કેટલાક જજોમાં અતિવાદી માનસિકતા દેખાય છે. એનાથી ચુકાદાઓમાં કંઈક ખામી રહી શકે છે. પરિણામે લોકો સર્વોચ્ચ અદાલત તરફ જાય છે, જેથી વધુ પરિપક્વ અને દરેક પાસા પર કામ કરી ચૂકેલા ન્યાયાધીશ યોગ્ય ચુકાદો આપી શકે.

સવાલ છે, હાલની વ્યવસ્થામાં સુધાર કઈ રીતે લાવવામાં આવે? થવું તો એ જોઈએ કે મુખ્ય ન્યાયાધીશને, જે તમામ ન્યાયાધીશોને વિભિન્ન પ્રકારના કેસો સુનાવણી માટે સોંપે છે, એ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકો અને સ્ત્રીઓના કેસો તેના પ્રત્યે વધુ સંવેદનશીલ અને આ કેસોના ગહન જાણકાર ન્યાયાધીશોને જ સોંપવામાં આવે. એમ પણ જે પ્રકારે આજકાલ ઘરથી માંડીને બજાર, સંસ્થા, ત્યાં સુધી કે હોસ્પિટલો અને પોલીસ ચોકીઓ સુદ્ધાંમાં મહિલાઓને નિશાનો બનાવવામાં આવે છે, ત્યારે એ જરૂરી છે કે જજોમાં સંવેદનશીલતા વધે. એ જ રતે પોલીસ, ન્યાયાધીશ અને અધિકારીઓને બાળ અને મહિલા હિતેષી કાયદાની જાણકારી, વ્યાખ્યા, નિકાલ અને ચુકાદાઓને લઈને ખાસ પ્રશિક્ષણ આપવું જોઈએ. એવું ન થાય કે એક કોર્ટને બીજી કોર્ટ દ્વારા રોજ ઝાટકણી કાઢવામાં આવે. શાલીનતાથી આવા કેસોનો નિકાલ થવો જોઈએ, જેથી પીડિતોને ન્યાય મળે.ણ તલાક, દહેજ ઉત્પીડન વગેરે કેસો પણ અદાલતોમાં જથ્થાબંધ ભાવે પહોંચી રહ્યા છે. ફરિયાદી સ્ત્રીઓ સામે વકીલો ત્રણ-ચાર કેસોમાં ફસાવી દેવાના વિકલ્પ આપે છે અને સ્ત્રીઓ એવું કરે પણ છે. આવા કેસોમાં પણ અદાલતોએ સંવેદનશીલતા રાખવાની જરૂર છે. એક જ જગ્યાએ કેસ થવો જોઈએ, જેથી આરોપી યુવક આ કેસોમાં અલગ-અલગ ઝઝૂમતો ન રહે. કેટલાય એવા કેસ આવ્યા છે, જેમાં આવા કેસોથી ગભરાઈને આરોપીએ આત્મહત્યા પણ કરી લીધી હોય. આજે ન્યાયપાલિકા પર જવાબદારી ક્યાંય વધારે વધી ગઈ છે. વળી, જે રીતે ન્યાયાધીશોના ઘરેથી પૈસાની થોકડીઓ મળી છે, તેનાથી પણ લોકોમાં એ માનસિકતા ઘર કરવા લાગી છે કે કેટલાક કેસોમાં ભ્રષ્ટ આચરણનું પાલન કરવામાં આવે છે. આ સ્થિતિમાં અદાલતોએ પોતાની પ્રતિષ્ઠા બચાવી રાખવા માટે જલ્દી અને યોગ્ય ન્યાય પ્રક્રિયા જ અપનાવવી પડશે.

# 'જાટ' ખાસ ન ચાલવા છતાં સની દેઓલે 'જાટ ૨'નું એલાન કરી દીધું



સની દેઓલની ગોપીચંદ માલિનેનીએ ડિરેક્ટ કરેલી 'જાટ'ને બોક્સ ઓફિસ પર ઠીક ઠાક પ્રતિસાદ મળ્યો છે. ૧૧ એપ્રિલે આ ફિલ્મ થિએટરમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં રણદીપ હુડાએ વિલનનો રોલ કર્યો છે અને રેજિના કાસાંદ્રા, વિનીત કુમાર સિંઘ તેમજ સૈયામી ખેર મહત્વના રોલમાં છે.

શુક્રવારે સની દેઓલે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ પર 'જાટ ૨'ની જાહેરાત કરી હતી, હજુ પહેલી ફિલ્મ રિલીઝ થઈ એને એક જ અઠવાડિયું થયું છે, તેણે આ ફિલ્મને પહેલો ભાગ ગણાવ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ચાલી પણ નથી, ત્યારે 'જાટ ૨'નું કામ પણ શરૂ થઈ ચૂક્યું હોય તો ફિલ્મ કેવી બનશે એ રસપ્રદ રહેશે.

સની દેઓલે આ જાહેરાત કરતા પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટર શેર કર્યું હતું. જેની કૅપ્શનમાં તેણે લખ્યું હતું, ''જાટ હવે નવા મિશન પર! જાટ ૨.''

ફિલ્મનો બીજો ભાગ પણ ગોપિચંદ માલિનેની જ ડિરેક્ટ કરશે, એવો પોસ્ટર પરથી ખ્યાલ આવે છે. માયથ્રી મુવી મેકર્સ જ આ ફિલ્મને પણ પ્રોડ્યુસ કરશે. આ સિવાય ફિલ્મની કાસ્ટ કે સ્ટોરી વિશે અન્ય કોઈ માહિતી મળતી નથી, સિવાય કે સની દેઓલ પરી જાટ તરીકે જોવા મળશે.

પહેલા અઠવાડિયાના અંતે 'જાટ'ને બોક્સ ઓફિસ પર નેશનલ લેવલ પર માત્ર ચાર કરોડની જ આવક થઈ શકી છે. કેટલાંક અહેવાલો મુજબ ૧૬ એપ્રિલ સુધીમાં ફિલ્મમમાં દર્શકોની હાજરી માત્ર ૧૦.૨૬ ટકા જ રહી છે. જો એ આંકડો ધ્યાનમાં લઈએ તો ફિલ્મની કુલ કમાણી ૫૭.૫ કરોડ ગણી શકાય.


ગુરુવારે ફિલ્મ એનાલિસ્ટ તરણ આદર્શે ફિલ્મના છ દિવસ પછીના કમાણીના આંકડા વિશે ટ્વીટ કરી હતી. જેમાં તેમણે લખ્યું, ''મંગળવાર સૌથી મહત્વનો હતો અને જાટ એ પરીક્ષા પાસ કરી લીધી છે. ચાલુ દિવસ હોવા છતાં ફિલ્મે પોતાની પકડ જાળવી રાખી છે તેથી આ અઠવાડિયાના અંતે કમાણી લહભગ ૬૧ કરોડ સુધી પહોંચી જશે.''તેનું કારણ આપતા તેમણે લખ્યું, ''શુક્રવારે ઘણી જગ્યાએ ગૂડફ્રાઈડેની રજા હતી, તેનાથી ફિલ્મના ધંધા પર અસર થઈ શકે, તેથી આ લાંબા વીકેન્ડમાં ખાસ કરીને સિંગલ સ્ક્રીન થિએટરમાં જાટ પાસે ઘણી અપેક્ષાઓ છે. જો જાટના પહેલા અઠવાડિયાની વાત કરીએ તો ગુરુવારે ૯.૬૨ કરોડ, શુક્રવારે ૭ કરોડ, શનિવારે ૯.૯૫ કરોડ, રવિવારે ૧૪.૦૫ કરોડ, સોમવારે ૭.૩૦ કરોડ, મંગળવારે ૬ કરોડ, કુલ ૫૩.૯૨ કરોડ થયા છે.''સની દેઓલની આ પહેલાની ફિલ્મ ગદર ૨ બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ હતી. જેમાં તેની સાથે અમિષા પટેલ લીડ રોલમાં હતી, અને જુની ગદરની યાદો તાજી કરવાની સાથે આ ફિલ્મ સની દેઓલની કમબૅક ફિલ્મ ગણાવા લાગી હતી. હવે પછી સની દેઓલ આ જ પ્રકારે લાહોર ૧૯૪૭ અને બોર્ડર ૨માં પણ કામ કરી રહ્યો છે. ત્યારે જાટ ૨ની જાહેરાતમાં ઘણા લોકોને ઉતાવળ દેખાય છે, તો ઘણા લોકોને તે મુર્ખામી લાગે છે, કારણ કે પહેલા ભાગમાં ખાસ કોઈ કમાલ દેખાઈ નથી, તો સની દેઓલના પાક્કા ફૅન્સને બીજી ફિલ્મમાં પહેલી ફિલ્મ કરતાં વધારે અપેક્ષાઓ છે. આ ફિલ્મ આ અપેક્ષાઓ પર કઈ રીતે ખરી ઉતરે છે અને પહેલો ભાગ ૧૦૦ કરોડ ક્લબમાં પ્રવેશી શકે છે કે નહી તે જોવાનું રહ્યું.

# રાશા થડાનીને રવિના ટંડને 'ઉઈ અમ્મા' ની તાલીમ આપી



રવિના ટંડનની દિકરી રાશા થડાનીએ કલાકાર તરીકેની પોતાની સફરની આ જ વર્ષે શરૂઆત કરી છે. તેણે અજય દેવગનના ભત્રીજા અમન દેવગન સાથે અભિષેક કપૂરની ફિલ્મ 'આઝાદ'થી ડેબ્યુ કર્યું છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નહી, પરંતુ ઓટીટી પર ફિલ્મ આવ્યા પછી તેનાં કલાકારોને લોકોએ ઘણો પ્રેમ આપ્યો છે. ખાસ તો રાશાના હાવભાવના ઘણા વખાણ થઈ રહ્યાં છે, ખાસ તો 'ઉઈ અમ્મા' ગીતમાં તેના ડાન્સના ખુબ વખાણ થયા છે. આ ફિલ્મ કરતાં તો ગીત વધુ લોકપ્રિય થયું છે. તેના ડાન્સે પડદાં પર આગ લગાડી દીધી હતી. ત્યારે હવે રાશાએ ખુલાસો કર્યો છે કે તેની મા રવિનાએ તેને આ ગીતનાં ડાન્સ માટે તૈયારી કરાવી છે.તાજેતરના ઈન્ટરવ્યુમાં રાશા થડાનીએ જણાવ્યું, ''મેં ફિલ્મમાં આવવાનું નક્કી કર્યું કે, તેનાં પણ પહેલાં મેં ફિલ્મમાં કામ કરવાનો નિર્ણય લીધો તે પહેલાં કોઈ રીતે મારી મોમ જાણતી હતી કે મને આ ગમ છે, હું આ જ કામ કરવાની છું. એ મને બેસાડતી અને રેખાજીના પર્ફોર્મન્સ બતાવતી હતી, સરોજજીના વીડિયો બતાવતી હતી, સાધનાજીના પર્ફોર્મન્સ બતાવતી હતી. એ પછી એ બધી એક્શન મને કરી બતાવતી, એ હાવભાવ કઈ રીતે કરવા એ પણ સમજાવતી હતી. તેનાથી મને સમજાયું કે આ ખુશીના ભાવ છે કે તે કઈ રીતે કરાય, તેની આંખો જોતી, તેના હોઠ જોતી.''રાશાએ આગળ જણાવ્યું, ''એ બધું મને સહેલં કરીને સમજાવતી હતી, મને બીજાં બધાંને જોવાં કરતાં મારી મોમને જોવાની વધારે મજા આવતી હતી. એક દિવસ અમે ફિલ્મ જોઈ રહ્યાં હતાં, જેમાં સાધનાજીનું ઓરિજિનલ ઝીમકા ગિરા રે..ગીત છે અને એ જોઈને હું ખુબ પ્રભાવિત થઈ.'' રાશાએ કહ્યું કે સાધનાજીનો ડાન્સ અને સુંદરતા જોઇને મને થયું કે એક દિવસ હું પણ આવું કંઈ ક કરીશ. લોકોને લાગે છે કે રાશામાં સફળ હિરોઈનની ક્ષમતા છે. ઘણા લોકોએ રાશા થડાનીની બીજા સ્ટાર કિડ્ઝ ઈબ્રાહીમ અલી ખાન અને ખુશી કપૂર સાથે સરખામણી કરીને તેને અન્ય સ્ટાર કિડ્ઝમાં બેસ્ટ ગણાવી છે.

# આમિરની સિતારે ઝમીન પર ૨૦ જૂને રજૂ કરવાનું પ્લાનિંગ



મુંબઈ : આમિર ખાન તેની ફિલ્મ 'સિતારે ઝમીન પર' આગામી તા. ૨૦મી જૂને રીલિઝ કરવાનું પ્લાનિંગ કરી રહ્યો છે. અગાઉ તેણે રીલિઝ માટે તા. ૩૦મી મે નક્કી કરી હતી. જોકે, તા. છઠ્ઠી જૂને 'હાઉસફૂલ ફાઈવ' રીલિઝ થવાની છે. આથી આમિરને એક સપ્તાહ બાદ તરત જ એક કોમેડી ફિલ્મની સ્પર્ધા નડી શકે તેમ છે. બીજી તરફ ૨૦મી જૂનની તારીખ પ્રમાણમાં ખાલી છે અને તેની આસપાસ કોઈ મોટી ફિલ્મો રીલીઝ થવાની નથી. 'લાલસિંહ ચઢ્ઢા' ફલોપ ગયા પછી આમિર ખાનની આ કમબેક મૂવી છે અને તેથી તે કમર્શિઅલી કોઈ જોખમ લેવા માગતો નથી. આ ફિલ્મમાં જેનેલિયા દેશમુખ પણ મહત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ મૂળ સ્પેનિશ 'ચેમ્પિયન'ની રીમેક છે.

# રીઆ કપૂર માટે બ્યૂટી અને ગ્લોમર બહુ જ મહત્વના : તબુ



તબુ જેટલાં ગંભીર અને પ્રયોગશીલ રોલ કરે છે, એટલાં જ ગ્લેમરસ રોલ અને કમર્શીયલ રોલ પણ કરી જાણે છે. તાજેતરમાં જ તેણે થોડાં વખત પહેલાં આવેલી પોતાની ફિલ્મ 'ક્રૂ'માં કામ કરવાના અનુભવને નવો અને જંગલી ગણાવ્યો હતો. તેણે ફિલ્મના સેટ પર કરીના અને ક્રિતિ સાથે કેટલી મજા આવી, એ વિશે પણ વાત કરી હતી. સાથે જ તેણે આ ફિલ્મની પ્રોડ્યુસર રીઆ વિશે પણ વાત કરી હતી.

તાજેતરમાં એક પોડકાસ્ટ શોમાં તબુએ જણાવ્યું કે તેને 'ક્રૂ'માં કામ કરવું તેનાં પહેલાંનાં બધાં જ કામમાં બિલકુલ નવું અને અલગ લાગ્યું હતું. તેણે કહ્યું કે આ ફિલ્મનું ફોર્મેટ, કાસ્ટિંગ અને સ્ટોરી બધું જ તેનાં માટે નવું હતું અને ઓડિયયન્સ માટે પણ આ ફિલ્મ રસપ્રદ હતી.

તબુએ ક્રૂની પ્રોડ્યુસર રીઆ કપૂરના વખાણ કરતાં કહ્યું કે તે બહુ જ ફોકસ સાથે કામ કરે છે, તેને ખબર છે કે તે કયા કલાકારને કેવા બતાવવા માગે છે. આ ફિલ્મની ત્રણે હિરોઈનના સુંદર, ગ્લેમર અને તેમને જે રીતે બતાવાયાં હતાં એનું બધું જ શ્રેય તબુએ રીઆને આપ્યું હતું.

તબુએ આગળ કહ્યું હતું કે ઘણી વખત તેને આ ફિલ્મના સેટ પર થોડી આળસ પણ થતી અને પ્રશ્નો પણ થતા હતા કે આ ફિલ્મ કઈ રીતે ચાલી રહી છે છતાં તેના માટે આ એક મજાનો અનુભવ હતો. કારણ કે એવું કશું જ નહોતું જે રીઆનાં ધ્યાન બહાર હોય. તેથી અંતે તેણે પોતાની જાતને સમર્પિત કરી દીધી અને રીઆની દૃષ્ટિ પર વિશ્વાસ કરી લીધો. તેથી આખરે તેને આ ફિલ્મમાં કામ કરવાની મજા આવવા લાગી.

જ્યારે કરીના કપૂર અને ક્રિતિ સાથે કામ કરવાના અનુભવ વિશે તેણે કહ્યું કે તેમની સાથે કામ કરવાનો અનુભવ જંગલીપણા જેવો કે અતિ મજા આવે એવો હતો.

બધું જ એકદમ યોગ્ય રીતે બંધ બેસી ગયું, ખાસ તો તેમની ત્રણની વચ્ચેની કેમેસ્ટ્રી અને ટાઈમિંગ, જે આ પ્રકારની ફિલ્મ માટે ઘણું મહત્વનું હોય છે. તેમની વચ્ચે એક રીધમ હતી અને ત્રણેયને એકબીજા સાથે મજાક-મસ્તી કરવાનું એટલું ફાવી ગયું હતું કે તે ફિલ્મમાં પણ દેખાઈ આવતું હતું.


રાજેશ એ ક્રિશ્નન દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે અને નિધિ મહેતા, મેહુલ સુરી દ્વારા લખવામાં આવી છે.

# શાહરુખ ખાનની કિંગમાં અર્શદ વારસીને પણ કાસ્ટ કરાયો





મુંબઈ : શાહરુખ ખાનની 'કિંગ' ફિલ્મ માટે અર્શદ વારસીને પણ કાસ્ટ કરાયો છે. જોકે, અર્શદ ચોક્કસ કયો રોલ ભજવશે તે હજુ જાહેર કરાયું નથી. અગાઉ ૨૦૦૫માં રજૂ થયેલી અર્શદની ફિલ્મ 'કુછ મીઠા હો જાયે'માં શાહરુખે કેમિયો કર્યો હતો. આમ બે દાયકા પછી પહેલીવાર બંને સ્ક્રીન શેર કરવાના છે. ફિલ્મમાં અન્ય એક મહત્વની ભૂમિકા માટે જયદીપ અહલાવતનો પણ સંપર્ક કરાયો હોવાનું કહેવાય છે. જોકે, જયદીપે હજુ સુધી આ રોલ માટે સંમતિ આપી નથી. અગાઉ એક ચર્ચા મુજબ ફિલ્મમાં દીપિકા પદુકોણ પણ એક કેમિયો કરી રહી છે. તે સુહાના ખાનની માતા તથા શાહરુખ ખાનની એક્સ પ્રેમિકાની ભૂમિકામાં દેખાશે. ફિલ્મનું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યો છે. ફિલ્મની સ્ક્રિપ્ટમાં છેલ્લી ઘડીએ કેટલાક ફેરફારો થતાં શૂટિંગની શરુઆતમાં વિલંબ થઈ રહ્યો હોવાનું કહેવાય છે.



# મારા ૩૦ મિલિયન ફોલોઅર્સ ટિકિટ લઇને ફિલ્મ જોશે એની ગેરન્ટી નથી

પૂજા હેગડેની ફિલ્મ 'રેટ્રો' આવી રહી છે, ત્યારે પૂજા હાલ તેના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં પૂજા સાથે સૂર્યા છે, તેમજ કાર્તિક સુબ્બારાજ દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી છે. ૧ મેએ આ ફિલ્મ રિલીઝ થઈ રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં પૂજાએ સોશિયલ મીડિયા અને વાસ્તવિકતા વિશે ખુલાસો કર્યો હતો.


પૂજાએ જણાવ્યું, ''સોશિયલ મીડિયા અને વાસ્તવિક દુનિયા બે બિલકુલ અલગ બબાતે છે. જ્યારે મેં હૈદ્રાબાદ કે તિરુમાલાની મુલાકાત લીધી, તો હું લોકોને મળી, એ મારા માટે વધુ મહત્વનું હતું.'' આગળ પૂજાએ ડિજિટલ પ્લેટફર્મને અવાસ્તવિક ગણાવતાં કહ્યું, ''સોશિયલ મીડિયા પર બોટ્સ કામ કરે છે જેમનું ક્યારેય કોઈ ડિસ્પ્લે પિક્ચર નથી હોતું કે નથી તેમના અકાઉન્ટમાં કોઈ પોસ્ટ હોતી. હું એક માણસ છું તો મારે એવા ચહેરા વિનાના ટ્રોલ્સનો પણ સામનો કરવો પડે છે. પરંતુ એ સમજવું જરૂરી છે કે એ વાસ્તવિક દુનિયા નથી.''

આ ઈન્ડસ્ટ્રીમાં હવે સોશિયલ મીડિયા પ્લેટફર્મ પરની લોકપ્રિતાને સફળતાનો પર્યાય માનવામાં આવે છે, ત્યારે પૂજાનો દૃષ્ટિકોણ બધાં કરતાં અલગ પડે છે. તેણે કહ્યું, ''મારે લગબગ ૩૦ મિલિયન ઈન્સ્ટા ફોલોવર્સ છે, એનો મતલબ એવો નથી કે એ બધાં લોકો ટિકિટ ખરીદીને મારી ફિલ્મ જોશે એની કોઈ ગેરન્ટી છે. એ જ રીતે ઘણા એવા પણ સુપરસ્ટાર્સ હોય છે કે જેના સોશિયલ મીડિયા પર માત્ર ૫ મિલિયન ફોલોવર્સ હશે પણ તેમની ફિલ્મ જોવા માટે લોકો થિએટરમાં ઉમટી પડે છે.''

લોકો સાથે વાસ્તવિકતામાં સંપર્કમાં રહેવા અને તેમના પ્રતિભાવ જાણવા પર પૂજા ભાર આપે છે. તેણે કહ્યું, ''તમારું કામ સરખી રીતે કરવું જરૂરી છે અને લોકો પાસેથી સીધા પ્રતિભાવ જાણવા જરૂરી છે.'' રેટ્રો એક એક્શન અને રોમેન્ટિક ફિલ્મ છે અને તેની પાછળ એક ટેલેન્ટેડ ટીમ છે. એક તરફ પૂજાના ફૅન્સ તેની ફિલ્મની રાહ જુએ છે, ત્યાં બીજી તરફ તેની વાત પણ સમજવા જેવી છે કે ડિજિટલ દુનિયા માટે પ્રેમ સારો છે, પણ ખરેખર તો ઓડિયન્સમાં આવતા લોકો જ મહત્વના છે.

# પંજાબનો ૫ વિકેટે વિજય, બેંગલુરુની શરમજનક હાર, ટિમ ડેવિડની મહેનત એળે ગઈ







આઈપીએલ-૨૦૨૫માં આજે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી મેચમાં પંજાબનો વિજય થયો છે. આ સાથે પંજાબની ટીમ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. વરસાદના કારણે ૧૪-૧૪ ઓવરની કરાયેલી મેચમાં બેંગલુરુએ ૯ વિકેટે ૯૫ રન નોંધાવ્યા હતા, જેના જવાબમાં પંજાબની ટીમે ૧૨.૧ ઓવરમાં ૫ વિકેટે ૯૮ રન બનાવી પાંચ વિકેટે ભવ્ય વિજય મેળવી છે. પંજાબના બોલરોએ કહેર વરસાવતા બેંગલુરુની ટીમ સસ્તામાં ઓલઆઉટ થવાની શક્યતા હતી. વિરાટ કોહોલી અને કૃણાલ પંડ્યા જેવા બેટરોએ પણ શરમજનક બેટીંગ કરી હતી. જોકે સાતમાં ક્રમે આવેલા ટિમ ડેવિડે દમદાર બેટીંગ કરતા ટીમને શરમજનક સ્થિતિમાંથી બચાવી છે.

મેચમાં માત્ર બેંગલુરુની જ નહીં પંજાબના બેટરોની પણ નિરાશાજનક બેટિંગ જોવા મળી હતી. ટીમ તરફથી ઓપનિંગમાં આવેલા પ્રિયાંશ આર્ય માત્ર ૧૬ રને જ્યારે પ્રભસિમરન સિંઘ ૧૩ રને આઉટ થયો હતો. ત્યારબાદ કેપ્ટન શ્રેયસ ઐય્યર ૭ રન, જોશ ઈંગ્લિસ ૧૪ રન, નેહલ વાઢેર અણનમ ૩૩ રન, સશાંક સિંગ ૧ રન, માઈક્રો સ્ટોનીકે અણનમ ૭ રન નોંધાવ્યા છે.

આ પહેલા પંજાબના બોલરોએ એક પછી એક વિકેટો ઝડપી બેંગલુરુના ખેલાડીઓને પેવેલીયન ભેગા કરી દીધા છે. પ્રથમ બોલિંગ કરનાર અર્શદીપ સિંઘે આવતાની સાથે જ પીલ શોલ્ટને ચાર રને અને વિરાટ કોહલીને એક રને આઉટ કરી દીધો છે. અર્શદીપ સિંઘે ત્રણ ઓવરમાં ૨૩ રન આપીને બે વિકેટ ખેરવી છે. આ ઉપરાંત મેક્રો જેનસને, યુઝુવેન્દ્ર ચહલ અને હરપ્રીત બ્રારે પણ બે-બે વિકેટ ઝડપી છે. જ્યારે ઝેવિયર બાર્ટલેટ એક વિકેટ ઝડપી છે. મેચ શરૂ થતાની સાથે જ બેંગલુરુની એક પછી એક વિકેટ પડી રહી હતી. જોકે સાતમાં ક્રમાંકે આવેલા ટીમ ડેવિડે સમજદારીપૂર્વક બેટિંગ કરી બેંગલુરુની ટીમને ઓછા સ્કોરમાં ઓલઆઉટ થતા બચાવી છે. ટીમમાં સૌથી વધુ ટીમ ડેવિડે ૨૬ બોલમાં પાંચ ફોર અને ત્રણ સિક્સ સાથે ૫૦ રન નોંધાવ્યા છે. જ્યારે કેપ્ટન રજત પાટીદારે ૧૮ બોલમાં એક ફોર અને એક સિક્સ સાથે ૨૩ રન નોંધાવ્યા છે. જ્યારે બાકીના ખેલાડીઓ એક જ આંકડામાં પેવેલીયન ભેગા થઈ ગયા છે.

## ચહલની શાનદાર સ્પિન બોલિંગે મેચ પલટી નાખી:૧૪ ઓવરની મેચમાં RCB ફક્ત ૯૫ રન બનાવી શક્યું, પંજાબ ૫ વિકેટે જીત્યું



IPLની ૩૪મી મેચમાં પંજાબ કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ૫ વિકેટે હરાવ્યું. શુક્રવારે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં વરસાદને કારણે મેચ ૧૪-૧૪ ઓવરની રમાઈ હતી. પંજાબે બોલિંગ કરવાનું પસંદ કર્યું. ઇઝમ્એ ૯ વિકેટ ગુમાવ્યા બાદ ૯૫ રન બનાવ્યા. પંજાબે ૧૨.૧ ઓવરમાં ટારગેટ પુરો કરી લીધો.

પંજાબ તરફથી યુઝવેન્દ્ર ચહલ, માર્કો યાનસન, અર્શદીપ સિંહ અને હરપ્રીત બ્રારે ૨-૨ વિકેટ લીધી. નેહલ વાઢેરાએ ૩૩ રન બનાવીને ટીમને વિજય અપાવ્યો. બેંગ્લોર તરફથી ટિમ ડેવિડે ફિફ્ટી ફટકારી. જોશ હેઝલવુડે ૩ વિકેટ લીધી.

RCB માટે નંબર-૭ પર બેટિંગ કરવા આવેલા ટિમ ડેવિડ સામે ટીમે ૪૨ રનમાં ૭ વિકેટ ગુમાવી દીધી હતી. આ સ્થિતિમાં, તેણે માત્ર ૨૬ બોલમાં ફિફ્ટી ફટકારી અને ટીમને ૯૫ રનના પડકારજનક સ્કોર પર લઈ ગયો. તેની ટીમ ભલે હારી ગઈ હોય, પણ તેની ઈનિંગ્સે તેને પ્લેયર ઓફ ધ મેચ બનાવ્યો.

## ગરમી અને હિટવેવને ધ્યાનમાં રાખીને મોદી સ્ટેડિયમ ખાતે વિશેષ તકેદારી રખાશે



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શનિવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાનારી છે. આ મેચ બપોરે ૩.૩૦ કલાકે શરૂ થવાની હોવાથી તથા અમદાવાદમાં હાલમાં ભારે ગરમી પડી રહી છે તે બાબતને ધ્યાનમાં રાખીને મેચ નિહાળવા આવનારા હજારો પ્રેક્ષકો માટે વિશેષ તકેદારી રાખવામાં આવશે.યજમાન ગુજરાત ટાઈટન્સ અને ગુજરાત ક્રિકેટ એસોસિયેશને તાપમાન વધુ રહે તથા હિટવેવની શક્યતાને ધ્યાનમાં રાખીને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે હોસ્પિટલના સ્ટાફમાં વધારો કરવા ઉપરાંત ડૉક્ટર્સ તથા ૧૦૮ની વધુ એમ્બ્યુલન્સની ખાસ વ્યવસ્થા કરી છે. ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની એક યાદી મુજબ સ્ટેડિયમમાં જ નાની (ચાર બેડની) બે હોસ્પિટલ ઉભી કરાશે. આ ઉપરાંત જરૂર જણાય ત્યારે વિવિધ મેડિકલ કાઉન્ટર અને વિના મૂલ્યે ઊઈજી ના પેકેટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. વિવિધ સ્વયંસેવકોને પણ આ બાબતે સજાગ કરાયા છે જેથી તેઓ જરૂર હોય તેવા રમતપ્રેમીઓને મદદરૂપ બની શકે.

## રોહિત ફોર્મમાં આવી રહ્યો છે, ટૂંક સમયમાં મોટી ઇનિંગ્સ રમશેઃ બાઉચર



ભારતીય ટીમનો કેપ્ટન રોહિત શર્મા હાલમાં આઈપીએલમાં તેના મૂળ ફોર્મમાં નથી. તે સામાન્ય સ્કોર કરી રહ્યો છે પરંતુ સાઉથ આફ્રિકાના મહાન ક્રિકેટર માર્ક બાઉચરનું માનવું છે કે રોહિત ધીમે ધીમે તેની રિધમમાં આવી રહ્યો છે અને તે ટૂંક સમયમાં જ મોટી ઈનિંગ્સ રમે તેવા સંકેતો મળી રહ્યા છે.

વર્તમાન આઈપીએલમાં રોહિત શર્મા એકેય અડધી સદી ફટકારી શક્યો નથી અને ગુરુવારે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે તેણે ૨૬ રન ફટકાર્યા તે વર્તમાન સિઝનનો તેનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો. જોકે તેના સમર્થકો આ બાબતને સકારાત્મક રીતે જોઈ રહ્યા છે કે આ સિઝનની છ મેચમાં રોહિતે દરેક ઈનિંગ્સમાં અગાઉની ઈનિંગ્સ કરતાં વધુ રન કર્યા છે. મુંબઈ ઈન્ડિયન્સના ભૂતપૂર્વ ચીફ કોચ માર્ક બાઉચરે જણાવ્યું હતું કે રોહિત શર્મા ધીમે ધીમે બોલર પર હાવી થતો જાય છે.

ગુરુવારે તેણે કેટલાક આકર્ષક તેની તેની પ્રતિષ્ઠાને અનુરૂપ શોટ્સ ફટકાર્યા હતા. તેણે કેટલીક આકર્ષક સિક્સર પણ ફટકારી હતી જે માત્ર અને માત્ર રોહિત જ ફટકારી શકે. આ મેચમાં તેનો અભિગમ મને પસંદ આવી ગયો હતો. બાઉચરે ઉમેર્યું હતું કે રોહિત શર્માએ આ મેચમાં બોલર્સને દબાણમાં લાવી દીધા હતા અને રન ફટકારવા માટેની તકો પેદા કરી હતી. તે ૩૦ રનના આંક સુધી પહોંચી ગયો છે અને હવે ટૂંક સમયમાં જ મોટા સ્કોરને પાર કરશે. તેણે હવે ફરીથી તેની લયમાં આવી ગયો હોવાના સંકેત આપી દીધા છે. માર્ક બાઉચરે આ સાથે મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાની રમતની પણ પ્રશંસા કરી હતી. ગુરુવારે હાર્દિકે માત્ર નવ બોલમાં ૨૧ રન ફટકારી દીધા હતા. જેમાં એક સિક્સર અને ત્રણ ચોગ્ગા સામેલ હતા.

## BCCIએ ભારતીય ટીમના સહાયક કોચ નાયરને હટાવ્યા



નવી દિલ્હી: ભારતીય ક્રિકેટ ટીમના સહાયક કોચ અભિષેક નાયરને આઠ મહિનામાં જ હટાવાયા છે. નાયરને કથિત રીતે ભારતીય ટીમના ઉચ્ચ સહાયક સ્ટાફ સાથે થયેલી માથાકૂટને પગલે હટાવાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે, ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે ભારતીય ટીમનો ટેસ્ટમાં કંગાળ દેખાવનું રજૂ કરવામાં આવી રહ્યું છે. બોર્ડના સૂત્રોના મતે નાયરને ટીમ સાથે છેડો ફાડવાનું ફરમાન બોર્ડે કર્યું છે. એક ચર્ચા મુજબ બોર્ડના મહત્વપૂર્ણ સભ્ય અને સિનિયર ખેલાડી વચ્ચે ચાલી રહેલા આંતરિક ડખામાં નાયરને બલીનો બકરો બનાવાયો છે.

## વીર છોતરાની, અનહત સિંઘ વર્લ્ડ સ્કવોશની સેમી.માં પ્રવેશ્યા



ભારતના સ્ક્વોશ ખેલાડીઓ વીર છોતરાની અને અનહત સિંઘે વર્લ્ડ ચેમ્પિયનશિપ ક્વોલિફાઈંગ ઈવેન્ટ (એશિયા)માં શાનદાર વિજય સાથે સેમિફાઈનલમાં પ્રવેશ મેળવ્યો છે. પુરૂષ વર્ગમાં છોતરાનીએ સ્થાનિક મજબૂત ખેલાડી મોહમ્મદ સ્યાફિક કમાલ સામે પાછળથી દમદાર દેખાવ કરતા ૯-૧૧, ૧૧-૬, ૧૧-૬, ૧૧-૭થી વિજય મેળવીને અંતિમ ચારમાં સ્થાન નિશ્ચિત કર્યું હતું.

વિમેન્સ ક્વાર્ટરફાઈનલમાં ૧૭ વર્ષની અનહત સિંઘે દબદબાપૂર્વક દેખાવ કરતા જાપાનની અકારી મિદોરિકાવા સામે ૧૧-૧, ૧૧-૭, ૧૧-૫થી સળંગ ગેમમાં વિજય મેળવતા સેમિફાઈનલમાં જગ્યા મેળવી હતી. હવે તેનો મુકાબલો આઠમાં ક્રમાંક અને હોંગકોંગની ખેલાડી હેલન ટેંગ સામે થશે. ટેંગે ક્વાર્ટરમાં ભારતની તન્વી ખન્ના સામે ૧૧-૬, ૧૧-૬, ૧૦-૧૨, ૧૧-૯થી વિજય મેળવ્યો હતો.

## રાજસ્થાન સુપર ઓવરમાં મળેલા પરાજયને ભૂલીને લખનૌ સામે નવી શરૂઆત કરવા તત્પર



આઈપીએલમાં આવતીકાલે રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મુકાબલો થશે. જયપુરમાં સાંજે ૭.૩૦થી મેચનો પ્રારંભ થશે. રાજસ્થાનની ટીમનો ગત મેચમાં દિલ્હી સામે સુપર ઓવરમાં પરાજય થયો હતો. રાજસ્થાનના બેટ્સમેનોએ કરેલી સામાન્ય ચૂકને પગલે દિલ્હી સામે મેચ ટાઈ રહેતા સુપર ઓવર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો. રાજસ્થાન રોયલ્સે સુપર ઓવરમાં પાંચ બોલમાં બે વિકેટ ૧૧ રન કર્યા હતા જ્યારે દિલ્હીએ ચાર બોલમાં જ ૧૩ રન કરીને ટારગેટ ચેઝ કર્યો હતો. રાજસ્થાનની ટીમનો આ સિઝનમાં એકધારો દેખાવ નથી રહ્યો. રોયલ્સનો સળંગ ત્રણ મેચ હારવા સાથે કુલ સાત મેચમાં પાંચમાં પરાજય થયો છે. પોઈન્ટ ટેબલમાં રાજસ્થાનની ટીમ ચાર અંક અને -૦.૭૧૪ની નેટ રનરેટ સાથે આઠમાં ક્રમે છે.

હવે ટુર્નામેન્ટમાં તેને ટકી રહેવા માટે બાકીની મેચમાં ફરજીયાત જીતવું પડશે. રાજસ્થાને બેટિંગમાં ધરખમ સુધારો કરવો પડશે. રોયલ્સના બોલર્સે પણ પોતાની લય મેળવવી પડશે. અત્યાર સુધીમાં સંદીપ શર્માને બાદ કરતા અન્ય બોલર્સ પ્રભાવ પાડી શક્યા નથી. રાજસ્થાનનો સુકાની સંજૂ સેમસન દિલ્હી સામેની મેચમાં રિટાયર્ડ હર્ટ થયો હતો પરંતુ બાદમાં તેની તબિયતમાં સુધારો થયો હોવાની સ્પષ્ટતા તેણે કરી હતી. જયસ્વાલ તેના ફોર્મમાં પરત ફર્યો છે જે રાજસ્થાન માટે સારી વાત છે. યશસ્વીએ બેંગલોર અને દિલ્હી સામે સળંગ બે મેચમાં અડધી સદી ફટકારી હતી. હવે લખનૌ સામે તે આ જ ફોર્મ જાળવી રાખે તેવી ટીમને આશા છે. જોફ્રા આર્ચર સાતત્યપૂર્ણ દેખાવ કરી રહ્યો છે અને લખનૌના બેટ્સમેનોની મુશ્કેલીમાં વધારો કરી શકે છે. આર્ચર અને સંદીપને બાદ કરતા રાજસ્થાન રોયલ્સની બોલિંગ જોઈએ તેવી ધારદાર નથી. લખનૌની ટીમ પણ ચેન્નાઈ સામે ગત મેચમાં પરાજયનો સામનો કર્યા બાદ નવા જુસ્સા સાથે ઉતરશે.

રિશભ પંતે સીએસકે સામે અડધી સદી ફટકારી તેને બાદ કરતા બેટિંગમાં નોંધપાત્ર યોગદાન આપી શક્યો નથી. લખનૌ સાત પૈકી ચાર મેચમાં વિજય મેળવીને પાંચમાં ક્રમે છે અને તેની નેટરનરેટ ૦.૦૮૬ છે. લખનૌ પાસે નિકોલસ પુરન, એઈડન માર્કરમ, મિચેલ માર્શ, આયુષ બદૌની સહિતના બેટ્સમેનો છે. ડેવિડ મિલર મિડલ ઓર્ડરમાં યોગ્ય પ્લેયર છે પરંતુ તેનું ફોર્મ લખનૌ માટે ચિંતાનો વિષય છે.

## મોટેરામાં આજે સમાન ફોર્મ ધરાવતી બે ટીમ મોખરાના સ્થાન માટે ટકરાશે

શહેરમાં વધી રહેલી ગરમી વચ્ચે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ગરમી વધારવા શનિવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો થશે ત્યારે ભારે રોમાંચ સર્જાય તેવી સંભાવના છે અને બંને ટીમના સ્ટાર ખેલાડીઓ ક્રિકેટમાં પણ ગરમી લાવી દે તેવી અપેક્ષા રખાય છે. ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ હાલમાં આઈપીએલમાં મોખરાનો ક્રમ ધરાવે છે અને શાનદાર ફોર્મમાં છે ત્યારે શનિવારે બપોરે ૩.૩૦ કલાકે શરૂ થનારી ટી૨૦ ક્રિકેટ મેચ અત્યંત રસાકસીભરી બની રહે તેવી સંભાવના પણ રહેલી છે.

મૂળ ગુજરાતના એવા અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સ આ સિઝનમાં જોરદાર ફોર્મમાં છે. તેણે હજી બે દિવસ અગાઉ રાજસ્થાન રોયલ્સ સામે એક અત્યંત રોમાંચક મુકાબલો કર્યો હતો જે ટાઈમાં રહ્યા બાદ સુપર ઓવરમાં દિલ્હીનો વિજય થયો હતો.

શનિવારે નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેના મુકાબલામાં પ્રેક્ષકોને પણ રોમાંચ રહેશે કેમ કે એક તરફ સ્થાનિક ટીમ ગુજરાત ટાઈટન્સ રમનારી છે તો બીજી તરફ સ્થાનિક કેપ્ટન અક્ષર પટેલની દિલ્હીની ટીમ રમનારી છે. આમ એક તરફ મનપસંદ ખેલાડી અને એક તરફ પોતાની ટીમ રમશે ત્યારે પ્રેક્ષકોનો રોમાંચ પરાકાષ્ટાએ પહોંચશે. રાજસ્થાન સામે સુપર ઓવરમાં ઘાતક બોલિંગ કરીને દિલ્હીને સફળતા અપાવનારો ઓસ્ટ્રેલિયન બોલર મિચેલ સ્ટાર્ક તેના અસલી ફોર્મમાં આવી ગયો છે તો બીજી તરફ પ્રારંભની નિષ્ફળતા બાદ ગુજરાતનો મોહમ્મદ સિરાઝ પણ હવે સુપર બોલિંગ કરી રહ્યો છે. આમ આ બંને બોલર શનિવારે આકર્ષણરૂપ બની રહેશે.

વર્તમાન આઈપીએલમાં દિલ્હી અને ગુજરાતે ભવ્ય પ્રદર્શન કરેલું છે અને બે પોઈન્ટ જ બંનેને અલગ કરી દે છે. અક્ષર પટેલની ટીમ મુંબઈ ઈન્ડિયન્સ સામેના એક પરાજયને બાદ કરતાં બાકીની તમામ મેચ જીતીને દસ પોઈન્ટ સાથે મોખરે છે તો શુભમન ગિલની ટીમ ઘરઆંગણે પંજાબ કિંગ્સ અને ત્યાર બાદ છેલ્લા મુકાબલામાં લખનૌ સુપર જાયન્ટ્સ સામેના પરાજયને બાદ કરતાં ચાર મેચ જીતીને આઠ પોઈન્ટ (નેટ રનરેટ +૧.૦૮૧) સાથે બીજા ક્રમે છે. હવે શનિવારનું પરિણામ દિલ્હીને અન્ય તમામ કરતાં વધુ આગળ લઈ જશે અથવા તો ગુજરાતને દિલ્હીની સમકક્ષ લાવી દેશે. આ સંજોગોમાં ગુજરાતની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગલોર, પંજાબ કિંગ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ (તમામના આઠ આઠ પોઈન્ટ)થી આગળ નીકળી જશે.

જોકે દિલ્હી કેપિટલ્સે જે રીતે સુપર ઓવર બાદ વિજય હાંસલ કર્યો તેનાથી તેનો આત્મવિશ્વાસ ઘણો ઉપર પહોંચી ગયો છે. અક્ષર પટેલ હાલમાં કેપ્ટન તરીકેની તેની ભૂમિકા ખૂબ સરસ રીતે અદા કરી રહ્યો છે. મિચેલ સ્ટાર્ક જેવો મજબૂત બોલર તેની પાસે છે જે ગમે તેવા દબાણ હેઠળ મક્કમ રહીને રિવર્સ સ્વિંગ જેવી ઘાતક બોલિંગ કરી શકે છે. તેના યોર્કર પણ હવે બુમરાહ જેવા ઘાતક રહે છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં ભારત સામે રમ્યા બાદ તેણે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાનું ટાળ્યું હતું. હવે મિચેલ સ્ટાર્ક તેના મૂળ ફોર્મમાં આવી રહ્યો છે અને ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન કરેલા આરામ બાદ તે તરોતાજા દેખાય છે.




સ્ટાર્ક ઉપરાંત દિલ્હી પાસે મુકેશ કુમાર અને મોહિત શર્મા જેવા બોલર છે. આ ત્રણ બોલર શનિવારે કમાલ કરે તો દિલ્હીને તો મોખરે પહોંચવા મળશે પરંતુ સાથે સાથે ગુજરાત ટાઈટન્સની બેટિંગની પણ કસોટી થઈ જશે. ગુજરાત પાસે કેપ્ટન શુભમન ગિલ ઉપરાંત ઓપનર સાઈ સુદર્શન અને ત્યાર બાદ જોઝ બટલર જેવા બેટર્સ છે જે ગમે તેવી પરિસ્થિતિમાં આક્રમક બેટિંગ કરવા માટે સક્ષમ છે. આ ત્રણ બેટર પર શનિવારે ગુજરાતનો આધાર રહેલો છે.

બંને ટીમની બેટિંગ અને બોલિંગ તાકાત જોતાં શનિવારનો મુકાબલો વર્તમાન ટી૨૦ લીગનો સૌથી રોમાંચક મુકાબલો બની રહે તેવી સંભાવના છે.

# ભર ઉનાળે નર્મદાના જળસ્તરમાં થયેલો ઘટાડો ચિંતાનો વિષય

## નદીમાં પાણીનું સ્તર ઘટતા બેટ સમાન દ્રશ્યો



અંકલેશ્વર, તા.૧૯

ભરૂચમાં ઉનાળાની શરૂઆત સાથે જ નર્મદા નદીના જળસ્તરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને નદી પરના બ્રિજના બંને છેડે પાણીમાં બેટ સમાન જમીન નજરે પડતા ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ થવાના એંધાણ વર્તાય રહ્યા છે. ભરૂચમાં બંને કાંઠે વહેતી નર્મદા નદીના જળસ્તરમાં ઘટાડો થયો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.જાણવા મળ્યા મુજબ હાલમાં સરદાર સરોવર ડેમમાંથી મર્યાદિત પાણીની આવક છે,અને સાથે સાથે ગરમીનો પારો સતત વધતા નર્મદા નદીના પ્રવાહમાં ઘટાડો નોંધાઈ રહ્યો હોવાનું કહેવાય છે.ગરમીની તીવ્રતા વધતા,નર્મદા નદી હવે પોતાના અસ્તિત્વ માટે સંઘર્ષ કરતી હોય તેવું દ્રશ્ય ભાષી રહ્યું છે.

નર્મદા નદી માત્ર ભૌગોલિક નદી જ નહી, પણ લાખો ધાર્મિક લોકો માટે શ્રદ્ધાનાં પ્રતીક સમાન છે. એવી માન્યતા છે કે માઁ નર્મદાનાં દર્શન માત્રથી પાપ ધોવાઈ જાય છે, પરંતુ આજે નદી જ પોતાના અસ્તિત્વ માટે ઝઝૂમી રહી છે,અને આ બાબત સંપૂર્ણ સમાજ માટે ચિંતાજનક છે.સ્થાનિક લોકોનું કહેવું છે કે જો સમયસર યોગ્ય પગલાં નહી લેવામાં આવે તો આગામી સમયમાં પાણીની તંગી વધશે તેમજ નર્મદા જેવી પવિત્ર નદી પર નિર્ભર લોકજીવન પર પણ સંકટ ઉભું થઈ શકે છે.નદી બચાવો, જીવન બચાવો જેવા સૂત્રો હવે માત્ર અભિયાન સુધી સીમિત રહી ગયા છે. ત્યારે જરૂરી છે કે સરકાર તેમજ સામાન્ય જનતા બંને મળીને નિર્મળ અને નિરંતર નર્મદા નદી વહેતી રહે તે માટે યોગ્ય કામગીરી કરે તેવી માંગ પણ ઉઠવા પાઈ છે. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પણ નર્મદા સરોવર ડેમમાંથી રોટેશન મુજબ પાણી છોડવામાં ન આવતા નદીમાં બેટ જેવા દ્રશ્યો સર્જાયા હતા,અને વર્તમાન સમયમાં પણ ભૂતકાળનું પુનરાવર્તન થઇ રહ્યું હોવાનું દ્રશ્યમાન થઈ રહ્યું છે.

# ચેમ્બરની ચૂંટણી : ઉપ્રમુખ પદ માટે અશોક જીરાવાલા નિશ્ચિત

## નિતિન ભરૂચાને સન્માનનીય પદ આપવાની બાહેંધરી મળતા ચૂંટણી લગભગ ટળી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૯

સુરત ચેમ્બર ઓફ કોમર્સ ની વાઈસ પ્રેસિડેન્ટ ની ચૂંટણી ૩૦ એપ્રિલના રોજ યોજાવામાં આવી છે ત્યારે અશોક જીરાવાલા અને નીતિન ભરૂચા નીવચ્ચે થયેલા સુખદ સમાધાન બાદ હવે વર્ષ ૨૦૨૫ -૨૬ અશોક જીરાવાલા ઉપપ્રમુખ એટલે કે વાઈસ પ્રેસિડેન્ટ માટે નિશ્ચિત રહેશે એવું વિશ્વસનીય સુત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ગત મોડી રાત સુધી ફારુક કેપી ના નિવાસ્થાને ચેમ્બરના પૂર્વ પ્રમુખો થીમાંડીને ચેમ્બરના અગ્રણીઓ ની ઉપસ્થિતિમાં નીતિન ભરૂચા અને અશોક જીરાવાળા વચ્ચે સુખદ સમાધાન થયું હતું. ચેમ્બરના અગ્રણીઓ અને પૂર્વ પ્રમુખોએ નીતિન ભરૂચાને સન્માનનીય પદ આપવા માટેની એક બાહેધરી આપતા હવે તેઓ ઉમેદવારી પત્ર પરત ખેંચી લેશે અથવા પોતે ચૂંટણી નહીં લડે તેવી પણ એક અરજી ચૂંટણી અધિકારીઓને આપશે તેવી પણ એક વાત નિતીન ભરુચાએ ટેલીફોનિક રીતે પ્રતાપ દર્પણના સંવાદદાતા ને કરી હતી.માટે

સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરત ચેમ્બર ઓફ કોમર્સ ની ચૂંટણી તારીખ ૩૦ એપ્રિલના રોજ યોજાવવાની છે. સરસાણા પ્લેટિનિયમ હોલ ખાતે સવારે ૯:૦૦ થી સાંજના પાંચ વાગ્યા સુધી અંદાજિત ૧૧,૦૦૦ થી વધુ મતદારો મતદાન કરવા થનગની રહ્યા છે. ત્યારે ગત મોડી રાતે નીતિન ભરૂચા અને અશોક જીરાવાલા વચ્ચે સુખદ સમાધાન થતાં હવે વર્ષ ૨૦૨૫ -૨૬ માટે ઉપપ્રમુખ તરીકે અશોક જીરાવાલા નિશ્ચિત છે. એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

### રાજસ્થાન
### પહેલા પાનાનું ચાલુ

વરસાદ પડ્યો, જેનાથી ગરમીથી રાહત મળી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, નરેલા, પીતમપુરા અને મયુર વિહારમાં ૦.૫ મીમી વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે તાપમાનમાં ઘટાડો થયો.

_દિલ્હીના પુસામાં તાપમાન ૩૬C થી ઘટીને ૨૭C થયું, જ્યારે પીતમપુરા અને મયુર વિહારમાં તાપમાન ૩૭C થી ઘટીને ૨૭C થયું. જોકે, દિવસનું મહત્તમ તાપમાન ૪૧C અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ઞ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૪ ડિગ્રી વધારે હતું. શનિવારે, હવામાન વિભાગે આગાહી કરી છે કે સાંજ સુધી આકાશ આંશિક વાદળછાયું રહેશે અને વાવાઝોડા અને હળવો વરસાદ પડી શકે છે. પવનની ગતિ ૪૦-૬૦ કિમી/કલાક હોઈ શકે છે.

મધ્યપ્રદેશમાં તીવ્ર ગરમી અનુભવાઈ રહી છે. શુક્રવારે, સિઝનમાં પહેલી વાર, દિવસનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો. ખજુરાહો, ગુના અને નૌગાંવ સૌથી ગરમ હતા. અહીં પારો ૪૪ ડિગ્રી કે તેથી વધુ રહ્યો. તેમજ, ભોપાલ, ઈન્દોર, ગ્વાલિયર, ઉજ્જૈન-જબલપુર સહિત ૨૮ શહેરો એવા સ્થળો હતા જ્યાં ગરમી સૌથી વધુ હતી. આગામી ૩ દિવસ સુધી હવામાન આવું જ રહેશે.

### કોંગોમાં
### પહેલા પાનાનું ચાલુ

આ ઘટનામાં લગભગ ૧૦૦ લોકો ઘાયલ થયા હતા બચી ગયેલા લોકોને મ્બાન્ડાકા ટાઉન હોલ ખાતેના કામચલાઉ આશ્રયસ્થાનમાં લઈ જવામાં આવ્યા હતા. તેમજ, અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા.

તેમણે એમ પણ જણાવ્યું કે આ દુઃખદ અકસ્માત ત્યારે થયો જ્યારે એક મહિલા બોટ પર ભોજન બનાવી રહી હતી. બોટમાં અચાનક આગ લાગવાથી મહિલાઓ અને બાળકો સહિત ઘણા લોકો નદીમાં કુદી પડ્યા, પણ તેમને તરતા આવડતું ન હતું. આ કારણે તેનું મૃત્યુ થયું. હજુ પણ મોટી સંખ્યામાં લોકો ગુમ હોવાના અહેવાલ છે. રેડ ક્રોસ અને પ્રાંતીય અધિકારીઓની મદદથી બચાવ ટીમો ગુમ થયેલા લોકોને શોધી રહી છે.

આ અકસ્માતનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં બોટ આગમાં ખરાબ રીતે સળગી ગયેલી જોવા મળે છે. આ સમય દરમિયાન, લોકો બૂમો અને ચીસો પાડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે મધ્ય આફ્રિકન દેશમાં જીવલેણ બોટ અકસ્માતોના સમાચાર વારંવાર આવતા રહે છે. માર્ચની શરૂઆતમાં, કોંગોમાં એક બોટ પલટી જતાં ૨૫ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ઘણા ફૂટબોલ ખેલાડીઓ પણ હતા. ડિસેમ્બર ૨૦૨૪માં પણ આવા બે અકસ્માતો થયા હતા. કોંગોની બુસીરા નદીમાં એક પેસેન્જર બોટ પલટી જતાં ૩૮ લોકોના મોત થયા હતા. આના ચાર દિવસ પહેલા જ બીજી બોટ ડૂબવાથી ૨૫ લોકોના મોત થયા હતા. તેમજ, ઓક્ટોબરમાં, કોંગોના કિવુ તળાવમાં એક બોટ પલટી જતાં ઓછામાં ઓછા ૭૮ લોકોનાં મોત થયાં હતાં.

### આવતા સપ્તાહે
### પહેલા પાનાનું ચાલુ

મુકવાના દબાણ વચ્ચે ટ્રમ્પના સાઉદી અરેબિયાના પ્રવાસને પણ ઘણો મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પ્રાદેશિક હાલત દહોળાયેલી છે અને હૂતીઓ રાતા સમુદ્રમાં દરિયાઈ હુમલા કરીને પરિવહન અવરોધી રહ્યા છે. આ ક્ષેત્રમાં સ્થિરતા મેળવવા માટે સાઉદી અરેબિયાને સાથે મળીને ભારત પ્રયત્ન કરી રહ્યું છે.

### વેપાર
### પહેલા પાનાનું ચાલુ

ડેપ્યુટી કે આસીસ્ટંટ કમીશ્નરનુ ધ્યાન દોરીને પુર્વ મંજુરી મેળવવી પડશે. અરજીના પ્રોસેસીંગ વખત દસ્તાવેજોની અસલ ફીઝીકલ નકલ માંગવાની પણ મનાઈ ફરમાવવામાં આવી છે.

અરજદાર વેપારી માટે સુધારેલા નિયમ

વેપારના નિયત સ્થળ મામલે વેપારી અરજદારે પ્રોપર્ટી ટેકસની છેલ્લી નકલ અથવા માલિકના વિજબીલની નકલ અથવા રાજય સરકાર તરફથી મળેલા અન્ય કોઈ દસ્તાવેજની નકલ અપલોડ કરવી પડશે જેના આધારે ધંધાકીય સ્થળની માહિતી સાબીત થઈ શકે. ભાડાની જગ્યા માટે ભાડા કરાર અથવા લીઝ કરાર અપલોડ કરવા પડશે. સાથોસાથ ધંધાકીય સ્થળ સંબંધીત એક દસ્તાવેજ આપવો પડશે.

### કેનેડાના
### પહેલા પાનાનું ચાલુ

પર ગોળીબાર કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. ગોળીબાર બાદ હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. નજીકમાં આવેલા એક ઘરની બારીમાંથી પણ ગોળીઓ આરપાર થઈ ગઈ હતી. જેના કારણે ઘરમાં હાજર લોકો માંડ માંડ બચ્યા હતા. પોલીસ આરોપીઓને શોધખોળ કરી રહી છે.

સ્થાનિક પોલીસ હાલમાં આ મામલાની તપાસ કરી રહી છે અને આરોપીઓની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે. અમે હરસિમરતના પરિવારના સંપર્કમાં છીએ. આ મુશ્કેલ સમયમાં અમારી સંવેદના અને પ્રાર્થના શોકગ્રસ્ત પરિવાર સાથે છે.

હેમિલ્ટન પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ સાંજે લગભગ ૭.૩૦ વાગ્યે તેમને હેમિલ્ટનમાં અપર જેમ્સ અને સાઉથ બેન્ડ રોડ નજીક ગોળીબારના સમાચાર મળ્યા હતા. જ્યારે પોલીસ ત્યાં પહોંચી ત્યારે તેમણે રંધાવાને છાતીમાં ગોળીના ઘા સાથે જોઈ. તેને હોસ્પિટલ લઈ જવામાં આવી, પરંતુ તેનું મોત નીપજ્યું હતું.

### મંગળ પર
### પહેલા પાનાનું ચાલુ

આવા ખાડા વિશેષ રૂચિ ઊભી કરે છે, કારણ કે એ નીચેના સ્તરના પ્રવેશદ્વાર હોઈ શકે છે જે વિશાળ ભૂમિગત ગુફાઓમાં હોય છે. જો આવું હોય તો એ કુદરતીરૂપે બનેલી સુરંગ મંગળની કઠણ ભૂમિની સપાટીથી પ્રમાણમાં સુરક્ષિત હોઈ શકે છે જે મંગળ ગ્રહ પર જીવન બચાવવા માટે સારી વાત સાબિત થઈ શકે છે.

### અવકાશમાં
### પહેલા પાનાનું ચાલુ

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે શુક્રવારે જણાવ્યું હતું કે, શુભાંશુ શુક્લા એક્સિઓમ-૪ મિશન હેઠળ "જીજી માટે તૈયાર છે. આ યાત્રા એ વાતનો સંકેત આપે છે કે ભારત અવકાશ સંશોધનના નવા યુગમાં પ્રવેશી રહ્યું છે.

### બુડિયા અને ગભેણીમાં
### પેજ-૨ પાનાનું ચાલુ

પણ રૂ. ૪૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહ્યો છે. સરકાર સતત વિકાસની દિશામાં કાર્યરત છે અને માર્ગ, પરિવહન તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધી રહી છે, જેથી નાગરિકોને વધુ સગવડો મળી રહે અને સંકલિત વિકાસ શક્ય બને એમ શ્રી દેસાઈએ કહ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય સંગીતાબેન પાટીલ, મેયર દક્ષેશભાઈ માવાણી, ડે.મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશિકલા ત્રિપાઠી, કોર્પોરેટરો, અગ્રણીઓ સહિત શહેરીજનો ઉપસ્થિત રહ્યાં હતા.

# અંકલેશ્વરમાં આવતી કાલે નવમી સાઈકલોવોકાથોનું આયોજન

## રેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમ યોજાશે

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વરમાં રેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવમી સાઈકલોવોકાથોનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૦૦૦થી વધુ સાયકલ હીરો તેમજ દોડવીરો જોડાશે પર્યાવરણની જાળવણીના હેતુસર રહેવા સોશિયલ એન્ડ સ્પોર્ટ્સ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સાયકલોકનનું આયોજન કરવામાં આવે છે ત્યારે આ વર્ષે આવતીકાલ તારીખ ૨૦ એપ્રિલને રવિવારના રોજ ૯મી સાયકલોવોકાથોનનું આયોજન કરવામાં આવ્યું છે જેનો જીઆઈડીસીમાં આવેલ અટલજી જોગસ પાર્ક ખાતેથી પ્રારંભ કરવામાં આવશે. વોકાથોન પાંચ કિલોમીટર જ્યારે સાયકલોથન ૧૫ કિલોમીટરની રહેશે.આ સાયકલોવોકાથોનમાં અત્યાર સુધીમાં ૧,૦૦૦થી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પર્યાવરણની જાળવણીના હેતુસર હજારો લોકો આ સાયકલોવોકાથોનમાં ભાગ લેશે જેની તૈયારીઓને આખરીઓપ આપવામાં આવ્યો છે

# અજાણ્યા વાહને કચડી મહિલા રાહદારીનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) કડોદરા, તા.૧૯

કડોદરા તારીખ ૧૯ માખીંગા ગામ ની સીમમાં આવેલ ઓવરબ્રિજ ના ઉતરતા કટ પાસે અમદાવાદ થી મુંબઈ જતા એન એચ ૪૮ ના રોડ ઉપર અજાણિયા વાહન ના ચાલકે રોડ ક્રોસ કરતી વખતે એક આધેડ ને અડફેટે લઈ તેનું મોત નીપજાવી પોતાનું વાહન લઇ નાસી ગયો હતો પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે પલસાણા માખીંગા ગામ ની સીમમાં આવેલ ઓવરબ્રિજ ના ઉતરતા કટ પાસે અમદાવાદથી મુંબઈ જતા એન.એચ ૪૮ ના રોડ ઉપર સુરેશ ઉંમર વર્ષ આશરે ૪૮ નામનો આધેડ રોડ ક્રોસ કરતી વખતે અજાણ્યા વાહન ચાલાકે આદફેટે લેતા સુરેશ ગંભીર ઈજાગ્રસ્ત થતા તેમને હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો ત્યારે અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઇ નાસી ગયો હતો પલસાના પોલીસે અકસ્માત મોત નો ગુનો નોંધી વધુ તપાસા ધરી છે

### યુકેની પાલમિેન્ટમાં
### પેજ-૨ પાનાનું ચાલુ

મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ વિશ્વ શાંતિને પ્રોત્સાહન આપવાની ભાવના સાથે હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.

યુકે પાર્લામેન્ટમાં દેવયાની પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે લંડન ઓફિસ સ્ટાફ, પોલીસ કર્મચારીઓ તેમજ સ્થાનિક મહાનુભાવોને સેવાકાર્યો માટે પ્રશંસા પુરસ્કારો અપાયા હતા.

### તંદુરસ્તી માટે
### પેજ-૨ પાનાનું ચાલુ

ચેતનાનો સમૂહ છે. મન અને શરીર અલગ નથી. મનને કલ્પના અને હકીકતમાં ફરક દેખાતો નથી. એટલે મનના વિચારોની શરીર ઉપર અસર થાય છે. તેથી જ સતત સ્ટ્રેસ, ક્રોધ, ચિંતા અને ભય જેવા વિચારો શરીરમાં રોગનું કારણ બંને છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, માત્ર પાણી પાણીમાં ફેરફાર કરવાથી તંદુરસ્તી નહિ મળે. સાથે મનને પ્રસન્ન રાખવું તથા ખોટા વિચારો અટકાવવાની જરૂર છે મનને તંદુરસ્ત રાખવા માટે મહત્વની ટીપ્સ આપી હતી. (૧) દરરોજ ધ્યાન કરવું, (૨) શરીર માટે યોગ્ય કરસત કરવી, (૩) વાંચન મનને શાંત કરે છે અને દરરોજ સારા વિચારોને પુનરાવર્તન કરવાની ટેવ પાડવી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સતત લેવાતા સ્ટ્રેસને કારણે વૃદ્ધત્વ વહેલું આવે છે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતની યુવાટીમ સાથે સંકળાયેલાઆર્કિટેક હાર્દિક ચાંચડેજણાવ્યું હતું કે, વર્તમાન સમયે માણસ માટે સૌથી મોટો પડકાર આરોગ્યનો છે. તંદુરસ્તી જ જીવનનો આધાર છે. તન અને મનની તંદુરસ્તી ખરૂ જીવન છે. જે સુખ શાંતિ અને દીર્ઘાયુ આપે છે. તંદુરસ્તી માટે તન-મન જોડાયલા છે. એક બીમાર પડે તેની સીધી અસર બીજા ઉપર પડે છે. તંદુરસ્ત રહેવા માટે તન અને મન બંને તંદુરસ્ત હોવા જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,તન અને મનની જોડી અજોડ છે. એક બગડે તો બીજાને રડાવે છે.પ્રસન્ન મન શરીરને તંદુરસ્તી આપે છે. તંદુરસ્તીનો મુખ્ય આધાર મન છે. પ્રસન્નતા જ તેની દવા છે. હકારાત્મક વિચાર અસંખ્ય માનસીક રોગોની અસરકારક દવા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે,આપણા વિચારોની અસર આપણી રોગપ્રતિકારક શક્તિ પર પડે છે. બીમારીમાં પીડા કે તકલીફના વિચારોથી પીડા ઓછી થતી નથી પરંતુ તે સમયે હકારાત્મક વિચારો તેનો ખરો ઉપચાર છે.

રાજકોટના ખોડાપર ગામના વાતની અને હાલ સુરતમાં ટેક્ષ્યુરાઈઝીંગ ક્ષેત્રે રૂચી ફિલામેન્ટના માલિક શ્રી કેતનભાઈ દામજીભાઈ ગઢીયા તથા તેમના ધર્મપત્ની નિમિષાબેને દાતા ટ્રસ્ટી બનવાનો સંકલ્પ કરતા વિચારોના વાવેતર કાર્યક્રમમાં તેમનું ખાસ અભિવાદન કરવામાં આવ્યું હતું. શૂન્ય માંથી સર્જન કરનાર કેતનભાઈ સંઘર્ષભરી સફળતાને વધારવામાં આવી હતી. આ પ્રસંગે નિયમિત ડાયરી લખવાની શરૂઆત કરનાર કું. વૈદેહી વિપુલભાઈ માંગુકિયા અને મુંબઈના દરિયામાં તરણ સ્પર્ધામાં ૭૫ વર્ષની વયે ગોલ્ડ મેડલ મેળવનાર શ્રી રણછોડભાઈ સવાણીનું અભિવાદન કરવમાં આવ્યું હતું. ગત ગુરૂવારનો વિચાર સંસ્કૃતિધામના અંકિત બુટાણીએ રજુ કર્યો હતો. કાર્યક્રમની વ્યવસ્થા અંકિત સુરાણીએ સંભાળી હતી.

### દરેક મહિલામાં
### પેજ-૨ પાનાનું ચાલુ

પોતાની બજેટમાં ઘર ચલાવવાની પદ્ધતિ અને ઘર અને સામાજિક વ્યવહારની ફરજ બજાવતી હોય છે. દરેક મહિલામાં કોઈને કોઈ ખૂબી હોય છે, માત્ર તેને ઓળખવાની જરૂર છે.

મિસ ફરાહ ખાન અલીએ જણાવ્યું હતું કે, જ્યારે તમારી પાસે ટેલેન્ટ છે, ત્યારે બિઝનેસ સ્ટ્રેટેજી વિશે શીખવું પણ અગત્યનું બને છે. કારણ કે, આપણે જેમની સાથે પાર્ટનરશિપ અને બિઝનેસ કરીએ છીએ, ત્યારે કોઈ અયોગ્ય નિર્ણય નહી લેવાય અને કોઈ આપની સાથે છેતરપિંડી ન કરી શકે. જો મહિલાઓને ફ્રીડમ જોઈતી હોય તો સૌપ્રથમ ફાયનાન્શિયલ ફ્રીડમ તેઓએ મેળવવી જોઈએ.

સુશ્રી અનાહિતા જહાનબક્ષ ઈટાલિયાએ જણાવ્યું હતું કે, 'મહિલાઓને સશક્ત બનવાની જરૂર નથી, તેઓ અગાઉથી જ સશક્ત છે. મહિલાઓને જે કાર્ય કરવામાં રસ છે, તેને પેશન બનાવીને કારકિર્દી ક્ષેત્રે આગળ વધે તો તેઓ જરૂર સફળ થશે.

મિસ પૌલમી ધવને જણાવ્યું હતું કે, 'જ્યારે તમે સપના જુઓ છો અને તેને પૂર્ણ કરવા માટે કઠિન પરિશ્રમ કરો છો તો ભગવાન પણ તમારી મદદ જરૂર કરે છે. કોઈ પણ પ્રોડક્ટની બ્રાન્ડ બનાવવી સરળ હોય છે, પરંતુ તેને સસ્ટેઈન રાખવું મુશ્કેલ હોય છે.મિસ નિશા કિડેચા નાઈકે જણાવ્યું હતું કે, 'સૌપ્રથમ આપણે પોતાનું સન્માન કરવું જોઈએ. મહિલાઓએ નક્કી કરવું જોઈએ કે, પોતાના મગજમાં કઈ વાતને પ્રાધાન્ય રાખીને યાદ રાખવા જેવું છે. અન્ય લોકો દ્વારા કહેવામાં આવતી વાતો સાચી જ હશે એવું હોતું નથી.'

મિસ કૈરવી બુચે જણાવ્યું હતું કે, 'મહિલાઓએ પોતાના ટેલેન્ટને ઓળખીને તેના માટે યોગ્ય દિશામાં કાર્યો કરવા જોઈએ. આપણે જીવનમાં આપના પ્રતિસ્પર્ધી અથવા અન્યના સ્ટ્રોંગ પોઈન્ટ્સ વિશે વિચારીને ક્યારેય દુઃખી ન થવું જોઈએ, પરંતુ આપનામાં રહેલી ખામીઓ પર કાર્ય કરવું જોઈએ.'

ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડન્ટ ઈલેક્ટ શ્રી નિખિલ મદ્રાસીએ કોન્કલેવમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા અને ઉદ્યોગ સાહસિક મહિલાઓ કોન્કલેવમાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી ભાવેશ ટેલરે કોન્કલેવ સંદર્ભે કન્કલુડીંગ રિમાર્કસ આપ્યા હતા. વુમન આંત્રપ્રિન્યોર સેલના એડવાઈઝર શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ ઉઈઝ ની કાર્યપ્રણાલી વિશે માહીતી આપતા જણાવ્યું હતું કે, વર્ષ દરમિયાન જુદી-જુદી મિટીંગોમાં મહિલા સાહસિકો એકત્રિત થઈને એક-બીજાને બિઝનેસ અપાવવા માટે મદદરૂપ થાય છે.

WEC ના ચેરપર્સન સુશ્રી કૃતિકા શાહે કોન્કલેવ વિશેની જાણકારી આપતા જણાવ્યું હતું કે, મહિલાઓ પગભર થાય તે માટે તેઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી WEC દ્વારા આવી પ્રકારની કોન્કલેવ તથા વિવિધ કાર્યક્રમો વર્ષ દરમિયાન યોજાય છે. WEC ના કો-ચેરપર્સન સુશ્રી અંકિતા વાળંદ, સુશ્રી નિમિષા પારેખ, એડવોકેટ બીના ભગત અને શ્રીમતી રોશની ટેલરે વક્તાઓનો પરિચય આપ્યા હતા. કોન્કલેવનું સંચાલન WEC ના સભ્ય ડો. બંદના ભટ્ટાચાર્ય અને સુશ્રી વનિતા રાવતે કર્યું હતું. કોન્કલેવમાં ઉપસ્થિત મહિલા સાહસિકોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ વક્તાશ્રીઓએ આપ્યા હતા અને ત્યારબાદ કોન્કલેવનું સમાપન થયું હતું.



# નવી સિવિલ હોસ્ટિલ ખાતે વિશ્વ હિમોફિલિયા દિવસની ઉજવણી

## હિમોફિલિયાને એક બિમારી તરીકે નહીં, પણ પડકાર તરીકે લઈએ : દિલીપદાદા દેશમુખ

સુરત, તા.૧૯

નવી સિવિલ હોસ્પિટલના હિમોફિલિયા કેર સેન્ટર-સુરત ચેપ્ટર દ્વારા વિશ્વ હિમોફિલિયા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અંગદાન પ્રવૃત્તિના પ્રણેતાશ્રી દિલીપદાદા દેશમુખ, કોર્પોરેટર શ્રી વ્રજેશભાઈ ઉનડકટ, તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમાર, આર.એમ.ઓ. ડો. કેતન નાયક, મેડિકલ ડાયરેક્ટર (હિમોફિલિયા સેન્ટર,નિર્મલ હોસ્પિટલ) ડો. વિજય શાહ તથા ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત કાર્યક્રમમાં હિમોફિલિયાના ૧૦૦ જેટલા દર્દીઓ પણ જોડાયા હતા.

દેશમાં અંગદાન પ્રત્યે મહત્તમ લોકો જાગૃત્ત થાય એ ઉદ્દેશથી અંગદાન મહાદાન જનજાગરણ અભિયાનના પ્રણેતા દિલીપદાદા દેશમુખે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં લાખો લોકો દુર્લભ હિમોફિલિયાની બીમારીથી પીડાય છે. હિમોફિલિયા એ લોહીનો વારસાગત રોગ છે, જેમાં લોહી યોગ્ય રીતે ગંઠાતું ન હોવાથી રક્તસ્ત્રાવ થાય છે. આ રોગનો કાયમી ઈલાજ નથી એટલે તેને નિયંત્રણમાં રાખવો અને દર્દીઓને સમયસર સારવાર આપવી જરૂરી છે. શ્રી દેશમુખે જણાવ્યું કે, હિમોફિલિયાને એક બિમારી તરીકે નહી, પણ પડકાર તરીકે લઈ દર્દીએ હંમેશા આનંદિત રહેવું જોઈએ. ખુશી અને ઉર્જા, જુસ્સો હિમોફિલિયાના દર્દી માટે કારગર અને અસરકારક દવા છે ઉપરાંત, યોગ, ધ્યાન અને પ્રાણાયામ પણ સંજીવની સમાન બની દર્દીને સ્વસ્થ રાખે છે. મેં લીવર ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે, લીવર ટ્રાન્સપ્લાન્ટ બાદ છેલ્લા પાંચ વર્ષમાં અંગદાન તેમજ સામાજિક જનજાગૃત્તિ માટે દેશભરમાં અઢી લાખ કિલોમીટરનો પ્રવાસ કર્યો છે એમ ઉમેર્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૨થી હિમોફિલિયાના દર્દીઓને વિનામૂલ્યે ઈન્જેક્શન આપવાની શરૂઆત કરી હતી, જેના કારણે હિમોફિલિયાના દર્દીઓ આજે વધુ સ્વસ્થ અને સક્રિય જીવન જીવી રહ્યા છે એનો ઉલ્લેખ તેમણે કર્યો હતો. મેડિકલ ડાયરેક્ટર (હિમોફિલિયા સેન્ટર,નિર્મલ હોસ્પિટલ) ડો. વિજય શાહે જણાવ્યું કે, હિમોફિલિયા બીમારીમાં ક્લોટિંગ ફેક્ટરની અછત હોય છે એટલે લોહી જલદી જામતું નથી. લોહીમાં કુલ ૧૩ પ્રકારના ક્લોટિંગ ફેક્ટર હોય છે જેમાંથી ફેક્ટર ૮ અને ૯ ફેક્ટર ખામીયુક્ત હોય તો હિમોફિલિયા થવાની શક્યતા રહે છે. હિમોફિલિયાના છ, ૠ અને ઝ એમ ત્રણ પ્રકાર છે અને તેમાં ગંભીરતા પ્રમાણે સિવિઅર, મોડરેટ અને માઈલ્ડ એમ ત્રણ પ્રકારના દર્દીઓ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં દર ૧૦ હજાર વ્યક્તિમાંથી ૧ વ્યક્તિને હિમોફિલિયા થાય છે. તબીબી અધિક્ષક ડો.ધારિત્રી પરમારે જણાવ્યું કે, નવી સિવિલ સ્થિત હિમોફિલિયા કેર સેન્ટરમાં દક્ષિણ ગુજરાત સહિત અન્ય શહેરો અને રાજ્યોના દર્દીઓ પણ સારવાર લેવા આવતા હોવાથી આ સેન્ટરને આગામી દિવસોમાં વધુ અદ્યતન બનાવવા જઈ રહ્યા છીએ. જેમાં વધુમાં વધુ દર્દીઓને વધુ કાર્યક્ષમ અને ઝડપી સારવાર મળી શકશે.

નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ શ્રી ઈકબાલ કડીવાલાએ કહ્યું કે, સુરતમાં હિમોફિલિયાના ૬૫૦ થી વધુ દર્દીઓ છે, ત્યારે નવી સિવિલમાં દસ વર્ષથી કાર્યરત હિમોફિલિયા કેર સેન્ટર હિમોફિલિયા પીડિત દર્દીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે. હિમોફિલિયા સારવાર માટે સુરત નવી સિવિલના સેન્ટરમાં ૩૦ હજારથી એક લાખ સુધીના ફેક્ટર ઈન્જેકશન વિનામૂલ્યે આપવામાં આવે છે.

## સુરતનું હિમોફિલિયા કેર સેન્ટર ભારતનું પહેલું એવું સેન્ટર છે જે ૨૪ કલાક કાર્યરત છે

આજે ગુજરાતમાં ૨૪૦૦ થી વધુ હિમોફિલિયાના દર્દીઓ છે જેમાંથી ૬૫૦ થી વધુ દર્દીઓ સુરતમાં છે. સુરતમાં 'હિમોફિલિયા સોસાયટી સુરત ચેપ્ટર' હિમોફિલિયાના દર્દીઓ પીડામુક્ત જીવન જીવી શકે અને લોકોમાં આ રોગ વિશે જાગૃતિ ફેલાય એ માટે કાર્ય કરી રહી છે. વર્ષ ૨૦૧૫માં આ સંસ્થા અને નવી સિવિલ હોસ્પિટલના સહયોગથી સુરત સ્થિત નવી સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયા કેર સેન્ટરની સ્થાપના કરવામાં આવી હતી. આ ગુજરાતનું એકમાત્ર હિમોફિલિયા સમર્પિત કેન્દ્ર છે. નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે સૌથી વધુ હિમોફિલિયા દર્દીઓની સફળતાપૂર્વક સર્જરી કરવામાં આવી છે. એટલું જ નહી, તે ભારતનું પ્રથમ એવું કેર સેન્ટર છે જે ૨૪ કલાક કાર્યરત હોય છે. સુરતના હિમોફિલિયા કેર સેન્ટરમાં દર્દીઓને વિના મૂલ્યે સંભાળ, રક્ત પરીક્ષણ અને સારવાર આપવામાં આવે છે. અહીં મેડિકલ એક્ઝામિનેશન રૂમ, મેનેજમેન્ટ રૂમ, કાઉન્સેલિંગ રૂમ, લેબોરેટરી, નર્સિંગ રૂમ, ફિઝિયોથેરાપી રૂમ, રેકોર્ડ રૂમ અને દર્દીઓની સંભાળ માટેનો વોર્ડ ઉપલબ્ધ છે.

# મારામારીના ગુનામાં જાફર ગોલ્ડનને ઝબ્બે કરતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૯

ભીડભાડ જોઈ લોકોની વચ્ચે પોતાનું વર્ચસ્વ ઉભુ કરવા માટે હલકાગીરી કરવાનો જાફર ગોલ્ડનનો ચસ્કો સુરત પોલીસે થોડા દિવસ પહેલા જ ઉતારી તો નાંખ્યો છે. દરમિયાન મારામારીના એક કેસમાં સલાબતપુરા પોલીસે જાફર ગોલ્ડનની ધરપકડ કરી પોલીસે ફરી તેનો વરઘોડો કાઢી સુસાટા મારતા જાફરથી ડરવુ નહી તેવો ઈશારો લોકોને આપ્યો હતો.

તહેવાર હોય કે સામાજિક પ્રસંગ હોય પોતાની છાપ ઉભી કરવામાં રૂસ્તમપુરાના જાફર ગોલ્ડન સુસાટા મારવામાં બાકાત રહેતો ન હતો. પરંતુ સુરત પોલીસે જાફર ગોલ્ડનની શાન ઠેકાણે પાડી દીધી છે. વધુ પડતું સોનુ પહેરીને અને હલકાગીરીના રિલ્સ બનાવીને સોશિયલ મિડીયા ઉપર છવાયેલો રહેતો જાફરે હવે સુસાટા મારવાના તો બંધ કરી દીધા. પરંતુ તેની દાદાગીરી તો ચાલુ જ રાખી હતી. સલાબતુરા પોલીસ સ્ટેશનની હકુમતમાં જાફર ગોલ્ડને મારામારી કરી હતી. આ મારામારીના કેસમાં જાફર ફરાર હતો. સલાબતપુરા પોલીસે બોચીથી પકડીને તેની ધરપકડ કરી હતી. અને જ્યાં ઘટના બની હતી તે જગ્યાએ તેને સાથે લઈ જઈ રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

### છેલ્લા પાનાનું ચાલુ
### પૂર્વ કોર્પોરેટર

પૂછવા ગયા ત્યારે તેમને ગાળા ગાળી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી પાછળથી રૂપિયા એક લાખ ખંડણી પેટે પડાવી લીધા હતા. ઉધના પોલીસ મથકમાં પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ફરિયાદ દાખલ કરવામાં આવતા હવે આજે ઉધના પોલીસ તેનો લાજપોર જેલમાંથી કબજો મેળવવા માટે ટ્રાન્સફર વોરંટ કોર્ટમાં રજૂ કરશે એવું ઉધના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું.

### પીપોદરા

ફાઈટર અને ટેન્કર સાથે ઘટના સ્થળે જસી જઈ ભંગારના ગોડાઉનમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગને કારણે વેસ્ટેજ મટીરીયલ્સ બળીને રાખ થઈ ગયું હતું. વહેલી સવારે લાગેલી આગને કારણે કોઈની જાનહાની કે દાઝ્યું ન હતું.

### કામરેજમાં પરપુરૂષ

તબિયત વધુ બગડતા વધુ સરળ માટે હોસ્પિટલમાં લવાયા હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ સંદર્ભે કામરેજ પોલીસે હાલ તુરંત નોંધ લઈ તપાસ શરૂ કરી છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શનિવાર, તા.૧૯ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા વિશ્વ હિન્દુ પરિષદની માંગ

### હિન્દુઓ પર કરાતા હુમલાઓના વિરોધમાં કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શન

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

વકફ કાનૂન પસાર થયા બાદ પશ્ચિમ બંગાળમાં ફાટી નીકળેલ હિંસાને રોકવા માટે ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવા સુરત વીએચપી દ્વારા સુરત કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને રજૂઆત કરવામાં આવી હતી.

વિશ્વ હિન્દુ પરિષદ સુરત વિભાગ દ્વારા આજે કલેક્ટર કચેરીએ મોરચો માંડ્યો હતો. અને કલેક્ટર મારફતે રાષ્ટ્રપતિને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે, સંસદમાં વક્ફ કાનૂન પસાર થયા બાદ પશ્ચિમ બંગાળમાં હિંસા થઈ રહી છે. વીએચપીએ આક્ષેપ કર્યો છે કે રાષ્ટ્રીય વિરોધી તત્વોને ઈરાદાપૂર્વક ષડયંત્ર રચવા ખુલ્લી છૂટ આપવામાં આવી રહી છે જેના કારણે બંગાળની સ્થિતિ ચિંતાજનક છે. ત્યાંની સરકાર નિષ્ક્રિય જોવા મળી રહી છે. ત્યાંની સ્થિતિ બેકાબુ બને તે પહેલા કેન્દ્ર સરકારે ત્યાંના પ્રશાસનનું નિયંત્રણ પોતાના હાથમાં લઈ હાલની સ્થિતિ કાબુમાં લેવી જરૂરી છે. અને રાષ્ટ્રીય વિરોધી તત્વો સામે કડક કાર્યવાહી કરવા પણ રજૂઆત કરી છે.

વધુમાં જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદમાં સોપ્રથમ હિંસા ફાટી નીકળી હતી. ત્યારબાદ આ હિંસા બંગાળના કેટલાક ભાગોમાં પણ પહોંચી ગઈ છે. વિશ્વ હિન્દુ પરિષદે કલેક્ટરને સુપ્રત કરેલા આવેદનપત્રમાં એમ પણ આક્ષેપ કર્યો છે કે, બંગાળની સરકાર આ હિંસા રોકવામાં સરાસર નિષ્ફળ ગઈ છે. જેથી ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી આ હિંસાને રોકવા અને રાષ્ટ્રવિરોધી તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવા રજુઆત પણ કરાઈ હતી.




**પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદમાં તાજેતરમાં થયેલી કોમી હિંસામાં હિન્દુઓ પર અત્યાચાર ગુજારાતો હોવાના ફરિયાદ ઊઠી છે. પશ્ચિમ બંગાળથી મમતા બેનરજી સરકાર હિન્દુઓની સુરક્ષા કરવામાં નિષ્ફળ ગઈ હોવાના આક્ષેપ સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આજે કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કરી પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાની માંગણી કરાઈ હતી. (તસવીર : હનીફ મલેક)**

## પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈના પોલીસ કોર્ટમાં રિમાન્ડ માંગશે

### લાજપોર જેલમાંથી ઉધના પોલીસે પ્રકાશ દેસાઈની વધુ એક ગુનામાં ધરપકડ કરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

ઉધના વિસ્તારના પૂર્વ કોર્પોરેટર અને હાલમાં લાગપુર જેલમાં રહેલા પ્રકાશ દેસાઈ સામે એક પછી એક ખંડણીની પોલીસ ફરિયાદો નોંધાતી જાય છે ત્યારે ઉધના પોલીસ મથકમાં નોંધાયેલી ત્રીજી ફરિયાદમાં ઉધના પોલીસ આજે કોર્ટમાં ટ્રાન્સફર વોરંટ દ્વારા પ્રકાશ દેસાઈ નો કબજો મેળવવા માટેની એક અરજી કર્યા બાદ અદાલતે પોલીસ નું ટ્રાન્સફર વોરંટ મંજૂર કર્યું હતું. અને ત્યારબાદ બુદ્ધના પોલીસે ગત રાત્રે લાજપોર જેલમાંથી આરોપી પ્રકાશ દેસાઈનો કબજો મેળવી ધરપકડ કરી હતી. આજે બપોર પછી તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવશે એવું ઉધના પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું હતું .

આ કેસની ટૂંક વિગતો એવી છે કે, ઉધના લિયો ક્લાસના સંચાલકના પુત્ર પાંસે ખંડણી માંગી ? ૩ લાખ લેતા રંગે હાથ ઝડપાયેલા માજી કોર્પોરેટર પ્રકાશ દેસાઈ વિરુદ્ધ ખંડણીની ત્રીજી ફરિયાદ ઉધના પોલીસ મથકમાં ૧૨ વર્ષ બાદ નોંધાઈ છે. અડાજન ગ્રીન ટેરેસ માં રહેતા અને લિયો ક્લાસના સંચાલક ૫૮ વર્ષીય જયસુખભાઈ પરસોત્તમભાઈ કથીરિયા વર્ષ ૨૦૧૩માં ઉધના રોડ નંબર બે ખાતે તેમની સનગ્રેસ સ્કુલના બિલ્ડીગમાં ત્રીજા અને ચોથા માળનું બાંધકામ કરાવતા હતા ત્યારે પૂર્વ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ અને તેમના બે સાગરીયો અવધેશ દાઢી અને લાલુએ મહાનગરપાલિકામાં અરજી કરી બાંધકામ અટકાવી દીધું હતું .આ અંગે જયસુખભાઈ પ્રકાશભાઈ ને

અનુસંધાન પાના ૭ પર

## માંડવીમાં કાજુ ભરેલો ટેમ્પો પલ્ટી જતા લોકોને મફતમાં કાજુ મળ્યાં

### રસ્તા પર પડેલા કાજુના ઢગલાથી બાળકોને પણ મોજ પડી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

સુરત જિલ્લાના માંડવી તાલુકાના નોગામા ગામ નજીક મેઈન રોડ ઉપર કાજુ ભરેલો ટેમ્પો અકસ્માતે પલ્ટી થઈ જતા કાજુ રસ્તા ઉપર વેર વિખેર થયા હતા. આ જોઈને મોંઘા કાજુને વિણવા લોકોએ રીતસરની દોડાદોડ કરી મુકી હતી. રાહદારીઓ કાજુ જોઈને ઉભા રહી ગયા હતા. અને મુઠી ભરીને કાજુ લઈને ચાલતી પકડી હતી. કાજુ ભરેલો ટેમ્પો પલ્ટી જતા આ સમગ્ર બનાવનો વિડીયો સોશિયલ મિડીયામાં આજે સવારથી વાયરલ થયો હતો. કાજુ ઉપર નજર પડતા જ નાના બાળકો પણ નિર્દોષ ભાવે ફ્રીમાં કાજુ આરોગતા નજરે પડ્યા હતા.

આજકાલ સોશિયલ મિડીયાનો જમાનો છે. કોઈપણ ઘટના બને એટલે લોકો પોતાના મોબાઈલમાં સારા નરશા બનાવના વિડીયો ઉતારી લેતા હોય છે અને તેને પોસ્ટ કરી દેતા હોય છે. દરમિયાન માંડવી તાલુકાના નોગામા ગામ નજીક મેઈન રોડ ઉપર આજે સવારના સમયે કાજુ લઈ જતો એક ટેમ્પો અકસ્માતે પલ્ટી ગયો હતો. ટેમ્પો પલ્ટી જતા જ કાજુ રસ્તા ઉપર વિખેરાયા હતા. કાજુ રસ્તા ઉપર પડ્યા હોવાનું જોઈ રાહદારીઓ અને વાહન ચાલકોનું ટોળુ થઈ ગયું હતું ત્યારે કાજુના મુઠા ભરીને લોકોએ ચાલતી પકડી હતી. આ વિડીયો સોશિયલ મિડીયા ઉપર વાયરલ થયો હતો.

### સુરત ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસો.ની ચૂંટણી

## ફેર મતગણનાની માંગણી સંદર્ભે સાંજે ચૂંટણી કમિશનરનો નિર્ણય

### સ્ટેડિયમ પેનલના વિજેતા ૧૮ ઉમેદવારો રિકાઉન્ટીંગ નહીં કરવાની માંગ પર અડગ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ભલે ચૂંટણી અને તેના પરિણામો આવી ગયા હોય પરંતુ હજુ પણ તેનો વિવાદ નું પૂછડું યથાવત રહેવા પામ્યું છે . ફેર મત ગણતરીની માંગ કરનારા સાત અરજદાર તથા ઉમેદવારો , સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ને ગતરોજ સવારે સામૂહિક રીતે સાંભળવામાં આવ્યા હતા. સ્ટેડિયમ પેંનલના ૧૮ વિજેતા ઉમેદવારોએ રિકાઉન્ટિંગ નહીં કરવા પર અડગ રહ્યા હતા. જ્યારે હેમંત કોન્ટ્રાક્ટરની પેનલના ત્રણ અને અરજદારો એ રીકાઉન્ટિંગ ની માંગણી પર ભારપૂર્વક નીરજૂઆત કરી હતી. એવું વિજેતા ઉમેદવાર યેશા કોન્ટ્રાક્ટરે જણાવ્યું હતું. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ આજે બપોર પછી ઓર્ડર કરવામાં આવશે એવું સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના ચૂંટણી અધિકારી અને એડવોકેટ રમેશચંદ્ર .જી .શાહે જણાવ્યું હતું.

સુત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યુ હતું કે ,સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો જીત્યા હતા. બાકીના ઉમેદવારો માત્ર નજીવા મતોની સરસાઈથી હારી ગયા હતા. નજીવા મતો ની સરસાઈથી હારી ગયેલા ઉમેદવારો એ ચૂંટણી કમિશનરને મળી "રી-કાઉન્ટિંગ" ની માંગણી કરી હતી. રીકાઉન્ટિંગ ની માંગણી કરનાર ના નામ આ પ્રમાણે છે. (૧) યેશા શાહ ઉર્ફે યેસા કોન્ટ્રાક્ટર (૨) મયુર ગોળવાલા (૩) જીગ્નેશ કોન્ટ્રાક્ટર (૪) ઋષિત મહેતા (૫) પારસ શાહ (જીવરાજ ચા વાળા) (૬) યશેસ સ્વામી.

## સવાર-સાંજ તાપમાન નીચું બપોરના સમયે વધુ ગરમી

### દરિયાઈ પવન ફૂંકાતા ઉનાળામાં રાહતની સ્થિતિ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

શહેરમાં તાપમાનનો પારો ૩૫ થી ૩૬ ડિગ્રી વચ્ચે નોંધાઈ રહ્યો છે ત્યારે ગઈકાલે સાંજના સમયે દક્ષિણ પશ્ચિમ દિશામાંથી ફુંકાયેલા દરિયાઈ પવનોને કારણે સાંજના સમયે તાપમાનનો પારો નીચે ગયો હતો. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં રાત્રિના સમયે ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થતા સાંજથી મોડી રાત્રિ સુધી લોકોને થોડી રાહત રહી હતી. જોકે હવામાં ભેજનું પ્રમાણ દિવસ દરમિયાન વધવાને કારણે બફારાનો અનુભવ થઈ રહ્યો છે. દરમિયાન આજે સવારનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૨૭.૨ ડિગ્રી સેલ્સિયસ થયું હતું. સવારના સમયે પવનની ગતિ પ્રતિ કલાક ૪ કિમી સાઉથ વેસ્ટ નોંધાઈ હતી.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર આજે સવારનું લઘુત્તમ તાપમાન ૨૭.૨ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાનમાં સવારના સમયે એક ડિગ્રીનો વધારો થતા બપોરે ૧૨ વાગતા જ ગરમી વધુ અનુભવાઈ હતી. જોકે મહત્તમ તાપમાનનો પારો મધ્યમ રહેતા ગરમીથી શહેરીજનોએ આંશિક રાહત રહી છે. વિતેલા અઠવાડીયાથી મહત્તમ તાપમાન ૩૫ થી ૩૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું રહ્યું છે.



**મજુરાગેટ સ્થિત ગાંધી એન્જીનીયરીંગ કોલેજમાં આજથી વાર્ષિક પરિક્ષાના આરંભ થયો છે. પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓએ લેપટોપ બેગ સહિતનો સામાન સાથે લાવતા કોલેજ સંકુલના પ્રવેશદ્વાર પર બેગ તથા સામાન મૂકાવી દેવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની ઢગલાબંધ બેગ તસ્વીરમાં નજરે પડે છે. (તસવીર : હનીફ મલેક)**

## ચોકબજારમાં જમવાનું ઢોળાઈ જતા એકે બીજાને ચપ્પુ મારી દીધું

### ફૂટપાથ પર શ્રમજીવીઓના ઝઘડામાં ચપ્પુ વડે હુમલો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

ચોકબજાર આર્ય સમાજની વાડી પાસે ફુટપાથ ઉપર રહેતા બે શ્રમજીવી વચ્ચે જમવાની થેલી ફાટી જતા જમવાનું ઢોળાયું હોય આ બાબતે એક શ્રમજીવીએ બીજાને ઉશ્કેરાઈ જઈ ચપ્પુના ઘા મારી દીધા હોવાનો બનાવ અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

અઠવા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના કુશીનગર જિલ્લાનો વતની અને હાલ ચોકબજાર આર્ય સમાજની વાડી પાસે ફુટપાથ ઉપર રહીને ભંગાર વિણતો સોનુ ગણેશ ગુપ્તા ઉ.વ.૩૨ ગઈકાલે રાત્રે સાડા દશ વાગ્યે જમવાનું એક થેલીમાં લાવ્યો હતો. તેની સાથે ફુટપાથ ઉપર રહેતો રાજુ રામપાલ પણ જમવા માટે બેઠો હતો. આ સમયે રાજુ રામપાલથી જમવાની થેલી ખુલતી ન હતી. જેથી સોનુ ગુપ્તાએ જમવાની થેલી ખોલવા જતા થેલી ફાટી ગઈ હતી. પિત્તો ગુમાવી બેસેલા રાજુ રામપાલે ઝઘડો કરીને ગાળો આપી સોનુ ગુપ્તા ઉપર ચપ્પુથી હુમલો કરી દીધો હતો. સોનુ ગુપ્તાને પેટના ભાગે ચપ્પુનો ઘા મારી દેતા તેને ગંભીર ઈજા થઈ હતી. આ મામલે અઠવાલાઈન્સ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## નફાની લાલચે મૂડી રોકાણ કરાવી આધેડ સાથે ૫.૫૧ લાખની ઠગાઈ

### ઠગ સુરેશ બજાજ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

ઉધના યુનિકેર હોસ્પિટલની સામે ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી કરતા ૫૮ વર્ષિય આધેડને અલગ-અલગ કંપનીના આઈપીઓમાં રોકાણ કરાવડાવી સારો નફો મળશે તેવી લોભામણી વાતો કરી કુલ રૂ.૫.૫૧ લાખ મેળવી લઈ છેતરપિંડી કરવામાં આવી હતી.

આ અંગે જાણવા મળતી વિગત અનુસાર ઉધના વિસ્તારમાં રહેતા રાજેશકુમાર ગ્યાદ્દીન તિવારી ઉ.વ.૫૮ ઓગષ્ટ ૨૦૨૪ના સમયગાળામાં ભટાર રોડ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટમાં રહેતા સુરેશ નેમીચંદ બજાજના સંપર્કમાં આવ્યા હતા. સુરેશ નેમીચંદે રાજેશકુમારને એમટીઝેડ પોલી ફિલ્મસ નામની કંપનીમાં તેમજ કે.આર.એન.હીટ એક્ષચેન્જર પ્રા.લી. કંપનીમાં આઈપીઓમાં ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૭.૫૧ લાખનું રોકાણ કરાવડાવ્યું હતું. સુરેશ બજાજે સારો એવો નફો મળશે તેવી લાલચ પણ આપી હતી. ત્યારબાદ રોકેલી રકમ પૈકી રાજેશકુમાર તિવારીને રૂ.૧.૮૦ લાખ પરત કર્યા હતા.

આ ઉપરાંત સુરેશ બજાજે એવી લાલચ આપી હતી કે ૩૦ ગ્રામની સોનાની લગડી સહિત નફો મળશે જોકે ત્યારબાદ નક્કી કરેલા સમયે મુળ રકમ અને નફો પરત નહીં કરતા આખરે આ મામલે ગઈકાલે ખટોદરા પોલીસ સ્ટેશનમાં સુરેશ બજાજ વિરૂધ્ધ છેતરપિંડીની ફરીયાદ નોંધાવાઈ હતી.

## છોકરીની છેડતી મુદ્દે ચપ્પુના ઘા ઝીંકી દેવાતા બે ભાઈઓ ઘાયલ

### બંને ઈજાગ્રસ્તો નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

કડોદરામાં મણીનગર હળપતિ વાસ પાસે બહેનને છેડવાના મુદ્દે બે અજાણ્યા ઈસમ ઓએ ચાકુ નાઘા ઝીકી દેતા ગંભીર ઘાયલ બે ભાઈઓને હોસ્પિટલમાં ખસેડાયા હતા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મૂળ યુપીના વટની અને હાલ કરોડરા દુર્ગાનગર ખાતે રહેતા ધીરેન્દ્ર છોટન સાંકેત એ કરોડરા પોલીસ મથકે ફરિયાદ આપી હતી કે તેઓ ગઈકાલે તેનો ભાઈ બબુઆ લાલ છોટન સાંકેત સાથે મણિનગર હરપતિ વાસ પાસે ખુલ્લી જગ્યામાં હતા ત્યારે તેમની પાસે બે અજાણ્યા ઈસમો આવેલા હતા અને બોલેલ કે તુમ્હી લોકોને મેરી બહેન કો છેડા હે તેમ કહી ચપ્પુના ઘા ઝીકી દીધા હતા ત્યારે આ ઘટનામાં ધીરેન્દ્ર અને બબુઆ લાલ ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે તેમને ત્યાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે લઈ જવાયા હતા જ્યાં એકનું આંતરડામાં ઓપરેશન થયું હતું. દરમિયાન અજાણ્યા બંને આરોપીઓ નાસી ગયા હતા ધીરેન્દ્ર ની ફરિયાદના આધારે પોલીસે ધારા ધોરણ મુજબ નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

## પીપોદરામાં ભંગારના ગોડાઉનમાં આગ લાગી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૯**

કીમવિસ્તારમાં આવેલ પીપોદરા સ્થિત એક ભંગારના ગોડાઉનમાં આજે વહેલી સવારે કોઈક કારણોસર આગ લાગી હોવાનું બનાવો ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, કીમ વિસ્તારમાં પીપોદરા જીઆઈડીસી આવેલી છે. આ જીઆઈડીસીમાં ભંગારનું એક ગોડાઉન છે જેના માલિક રાકેશભાઈ માસ્તર હોવાનું ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું. આજે વહેલી સવારે એટલે કે ૪:૩૦ વાગ્યાના અરસામાં ભંગારના ગોડાઉનમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગ બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમની કરવામાં આવતા કામરેજ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો

અનુસંધાન પાના ૭ પર

## કામરેજમાં પરપુરૂષ સાથે રહેતી પરિણીતા દ્વારા આપઘાતનો પ્રયાસ

### પરિણીતાએ પોતાના દીકરાનું પિતા તરીકે નામ આપવાના ઝઘડામાં ઊંઘની વધુ દવા પી લીધી

**(પ્રતાપ પ્રતિનિધિ), કામરેજ,તા.૧૯**

કામરેજ ગામના જય વિલા સોસાયટીમાં અન્ય પુરુષ સાથે રહેતી પરણીતાએ પોતાના દીકરાના આધારકાર્ડમાં પિતા તરીકે અન્ય પુરુષનું નામ લખવા બાબતે અને અન્ય પુરુષના માતા-પિતા દ્વારા સાથે નહીં રહેવા બાબતે ત્રાસ ગુજાતા આ પરણીતાએ ઊંઘની દવા પી જઈ આપઘાતનો પ્રયાસ કરતા હોસ્પિટલમાં ખસેડાઈ હતી

કામરેજ પોલીસના જણાવ્યા મુજબ જય વિલા સોસાયટીમાં રહેતા અસ્મિતાબેન વિવેકભાઈ વડુકર એ જાણ કરી હતી કે ફરિયાદી અસ્મિતાબેન તથા અર્જુન ભાઈ બંને એકબીજાની રાજી ખુશીથી સાથે રહેતા હતા અને ભોગ બનનાર અસ્મિતાબેન નો દીકરો દિયાશ ના આધાર કાર્ડ માં પિતાના નામ તરીકે અર્જુનનું નામ લખવા માટે તેમજ અર્જુનના માતા-પિતા ભોગ બનનાર અસ્મિતાબેનને સાથે ઘરમાં રાખવાની ના પાડવા બાબતે રોજબરોજ ઝઘડો થતો હોવાથી ડિપ્રેશનમાં આવી જઈને અસ્મિતાબેને હું ગોવાની દવાનો વધુ પડતો દોષ લઈ આપ ઘરનો પ્રયાસ કરતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં

અનુસંધાન પાના ૭ પર